રાજ ગોરસ



પ્રાર્થના

હે મા ભગવતી, મને બાળક જેવો નિર્મળ અને નિર્દોષ બનાવજે.
મારા હૃદયમાં હંમેશા તારો વાસ કરજે.
મારી બુધ્ધિમાં તારું જ જ્ઞાન સ્થિર કરજે.
મન, વચન, કર્મથી મને પવિત્ર રાખજે.
મારા સમસ્ત અસ્તિત્વ અને વ્યક્તિત્વનું તુ જ નિયંત્રણ કરજે.

નવ સિદ્ધાંતો

૧. ઈષ્ટમાં સંપુર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી.
૨. નિઃસહાયને સહાય કરવી.
3. દુઃખીઓનાં દિલનાં આંસુ લૂછવાં.
૪. કોઇની ઇર્ષ્યા કરવી નહિ.
૫. કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.
૬. પરનિન્દાથી દૂર રહેવું.
૭. પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.
૮. નિઃસ્વાર્થ સેવા કરવી.
૯. અહમ્‌નો ત્યાગ કરવો.

પરમ શક્તિ મંત્ર   ૐ મા ૐ

રાજ ગોરસ

(પ્રાસંગિક પ્રવચનો)



-: પ્રપ્તિસ્થાન :-

'નિલોષા'બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

પ્રથમ આવૃત્તિ - તા. ૨૧-૭-૨૦૦૫ ગુરુપૂર્ણિમા

: સંપાદિકા :

કૈલાસબેન ન. પરીખ

(બ્હેનજી)

: visit us at :

www.rajyoginarendraji.com

રાજ ગોરસ

પરિચય

શ્રી રાજયોગી નરેન્દ્રજી

ગૃહસ્થાશ્રમી હોવા છતાં પણ મા ભગવતીના વ્હાલા મયુરબાળ છે. મા ગાયત્રીના સીધા આદેશ અને માર્ગદર્શન અનુસાર માર્ચ ૧૯૭૫થી વ્યક્તિ અને સમષ્ટિના શ્રેયાર્થે માનવ સેવાયજ્ઞની જ્યોતને પ્રજ્જવલિત રાખી રહ્યા છે.આધિ, વ્યાધિ, ઉપાધિથી ગ્રસ્ત વ્યક્તિઓને વિનામૂલ્યે માર્ગદર્શન આપી ચિંતામુક્ત કરી રહયા છે. માનવમાં માનવતા પ્રગટાવવાનો પ્રયાસ પૂજ્યશ્રી અવિરતપણે કરી રહ્યા છે.

સંપ્રદાયોની સીમાઓ વટાવીને ધર્મના મર્મને પૂજ્યશ્રી સરળ અને સહજ રીતે સમજાવી રહ્યા છે. સદ્ગુણો, સદાચાર અને નીતિમય જીવનપ્રણાલીથી જ વ્યક્તિ પરમના શરણમાં જઈ શકે છે. અને પરમની પ્રીતિના અધિકારી બની શકે છે.

"રાજ ગોરસ" પુસ્તકમાં પૂજ્યશ્રીએ સાચા સંનિષ્ઠ શ્રધ્ધાળુ ભક્તને પરમના પંથે પ્રયાણ કરવાનો સરળ રાહ બતાવ્યો છે. ભાવિ પેઢી સુસંસ્કારી બને તેવા શુભાશયથી માનવતાના મૂલ્યોનું પરિમાર્જન કરવાની સરળ વિધિ દર્શાવી છે. સામાન્ય મનુષ્ય પણ મહામાનવ કેવી રીતે બની શકે તેની સરળ સમજ આપી છે. વિવિધ ઉત્સવ ઉજવણીના આધ્યાત્મિક મર્મની સાચી સમજ આપી છે. રાજવાણી દ્વારા વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે સરળ અને સચોટ માર્ગદર્શન આપ્યું છે.

કૈલાસબેન પરીખ
(બ્હેનજી)

અનુક્રમણિકા

ક્રમ	વિગત	પા.નં.
	રાજ ગોરસ ભાગ-૧	
૧.	જીવન સરિતાના પ્રવાહને આનંદ સાગરમાં વહાવીએ	૧
૨.	સાત્વિક સૃષ્ટિ નિર્માણમાં આપનું યોગદાન	૬
૩.	વાસંતી બહાર	૮
૪.	માનવ જીવનની પૂર્ણિમા - ગુરુપૂર્ણિમા	૯
૫.	પરમાત્માને તમારા જીવનરથના સારથી બનાવો	૧૮
૬.	સેવાના સીમાડાઓને પુષ્ટ કરો	૨૩
૭.	સેવા એક તપ છે.	૨૫
૮.	સેવાનું સીલેકશન ન કરો.	૨૭
૯.	વૈશ્વિક સેવા કેન્દ્ર - નિલોષા	૨૯
૧૦.	પ્રેમનો પુકાર	૩૧
૧૧.	સાત્વિક પુરુષાર્થથી જ સાત્વિક પ્રારબ્ધ નિર્માણ કરી શકાય	૩૬
૧૨.	પરમનો સાક્ષાત્કાર સાકાર નિરાકાર રૂપે શક્ય છે.	૪૧
૧૩.	પરમાત્મા આલિંગન આપશે જ....	૪૪
૧૪.	જીવનની ક્ષણો	૪૮
૧૫.	સાત્વિક વિચારોનું વાવેતર કરીએ.	૫૧
૧૬.	શિવત્વને જાગૃત કરીએ.	૫૪
૧૭.	શિવરાત્રી પર્વના હાર્દને સમજીએ.	૫૮
૧૮.	ચેતનવંતી ઉપાસના	૬૦

ૐમાૐ

જીવન સરિતાના પ્રવાહને આનંદ સાગરમાં વહાવીએ

તા. ૫-૭-૨૦૦૧(ગુરુપૂર્ણિમા)

વ્હાલા આત્મીયજનો,

આપ સર્વે આધ્યાત્મિક પંથના પ્રવાસીઓ છો. આપને પરમનો દિવ્ય પ્રકાશ અનુભવાય ત્યાં સુધી અવિરતપણે થાક્યા હાર્યા વગર તમારી યાત્રા, પ્રયત્ન ચાલુ રાખજો, પંથ કાપતા રહેજો.

છેલ્લા ૨૬ વર્ષથી પરમના પંથે પ્રવાસ કરી, પરમ પ્રકાશ અને શાંતિ, આનંદનો અનુભવ કરવાનો અનુરોધ હું કરતો આવ્યો છું. માર્ગદર્શન આપતો રહું છું. પુરૂષાર્થ તમારે કરવો જ રહ્યો.

વિશ્વમાં કેટલાય ઉત્સુકો, ભાવિકો, મુમુક્ષોઓએ આધ્યાત્મિક પંથે પ્રયાણ આદર્યુ છે, આગળ વધવા પ્રયત્ન કરી રહ્યા છે. કેટલાક અધવચ્ચે અટવાયા છે, પરંતુ રસ્તો છોડયો નથી. કેટલાક અન્ય સરળ રસ્તાની શોધમાં પડયા છે. વ્હાલા બાળકો, તમારૂં લક્ષ્ય નક્કી કરી તેને વળગી રહો. મન બુધ્ધિની ચાલમાં અટવાશો નહિ.

ભૌતિક જગતના માતાપિતા સાથે તમારો લોહીનો, દેહનો સબંધ છે. લાગણીનો સબંધ છે. આ માતા પિતા તમારા જીવનમાં અમુક વર્ષો સુધી-તમે પગભર થાવ ત્યાં સુધી તમારો શારીરિક, સંસ્કારિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ થાય, સ્વનિર્ભરતા આવે તેવો લાગણી સભર પુરૂષાર્થ કરતા રહે છે. માતા પિતાનો આ ભાવ લાગણી નિ:સ્વાર્થ નિર્વ્યાજ છે. તમે તેની કિંમત કોઈપણ કાળે અદા કરી શકશો નહિં, પરંતુ તેમના જીવનની ઢળતી સંધ્યાએ શારીરિક, માનસિક અને આર્થિક નિ:સહાયતામાં તન, મન અને ધનથી, તમારા સંપૂર્ણ સામર્થ્યથી તમે પુત્ર હો કે પૂત્રી, સંપૂર્ણ સહાયક બની સેવા કરવાની નૈતિક અને આત્મિક જવાબદારી, ફરજ સમજવાનું અને અદા કરવાનું રખે ચૂકતાં. તમારી ફરજમાં ભાવનું, લાગણીનું મિશ્રણ અવશ્ય

કરજો.

શાળા મહાશાળાઓના શિક્ષકો તમારૂં બૌધિક ઘડતર અને ચણતર કરે છે. જીવનના પંદર કે વીસ વર્ષ દરમિયાન પોતાની વ્યક્તિગત રૂચિ, અને ક્ષમતા અનુસાર શિક્ષણ મેળવી યુવાન આર્થિક ઉપાર્જનના ક્ષેત્રમાં સ્વાવલંબી બની વિકાસ કરવા પ્રયત્ન કરે છે. પુરૂષાર્થ કરતો રહે છે.

અહિંયાથી જ તમારી ઉન્નતિ કે અધોગતિનો માર્ગ કંડારાય છે, આર્થિક ઉપાર્જનની શરૂઆત અને પધ્ધતિ તમારી જો સાત્વિક અને પુરુષાર્થ સભર હશે. તો તન મન ધનની સ્વસ્થતા, નિર્મળતા, ટકી રહેશે. કુટુંબ પરિવારમાં સંસ્કાર અને આનંદનું વાતાવરણ પ્રસરી રહેશે. શુભ લક્ષ્મી તમારો સર્વાંગી વિકાસ કરશે. આર્થિક ઉર્પાજનનો પુરૂષાર્થ અને પધ્ધતિ જો અસાત્વિક, અનૈતિક હશે તો વિકારોની વણથંભી વણઝાર તમારા જીવન પ્રવાહને ડહોળી નાખશે, સૂકવી નાખશે, રૂંધી નાખશે, અધઃપતનના માર્ગે વાળી દેશે. અનૈતિક પુરૂષાર્થથી સાંપડેલી સંપત્તિ અશુભ લક્ષ્મી છે. તમારૂં અને કુટુંબ પરિવારનું સર્વાંગી સ્વાસ્થ્ય જોખમાશે. અનીતિ, વિકારો અને કુસંસ્કારો, અશાંતિ. અસંતોષ અને દુઃખ રોગ, શોકનું વાતાવરણ સર્જશે, તમારી નવી પેઢી માટે ખતરા રૂપ પૂરવાર થશે.

વ્હાલા બાળકો, બાળપણ અને કિશોરાવસ્થા સુધીનું જીવન ખળખળ વહેતા નિર્મળ ઝરણા જેવું છે. તેમાં નથી કોઇ મલિનતા, નથી કોઇ રૂકાવટ. યુવાની માં પ્રવેશ થતાં જ જીવન ઝરણાંનો પ્રવાહ સરિતામાં પરિવર્તિત થઇ જાય છે. સ્વનિર્ભરતા, આત્મવિકાસ, પરોપકારવૃતિ અને સાગરને મળવાનું તેનું લક્ષ્ય માર્ગમાં આવતા અવરોધોને દૂર કરે છે વટાવી જાય છે કે અન્ય નવો માર્ગ કંડારી પ્રવાહને આગળ વધવા દે છે. આ છે યુવાનીનો નૈતિક પુરૂષાર્થ! યુવાનીની ખુમારી!

ગુરુ મંત્ર દીક્ષા પામેલા પ્રિયજનો, આપની જીવન સરિતાનું

વહેણ અવિરત વહેતું રહે, સાગર મિલનનું લક્ષ્ય સિધ્ધ કરે તેવો પ્રયત્ન અને પુરૂષાર્થ આપે આદર્યો છે? તમે કયા સાગરમાં વિલીન થવા ઇચ્છો છો? સંસાર સાગરમાં કે આનંદ સાગરમાં? સંસારસાગરમાં વિલીન થવાનું લક્ષ્ય તમારી જીવન સરિતાના પ્રવાહને મલિન બનાવશે , સૂકવી નાખશે થંભાવી દેશે, અસ્તિત્વ ઓગાળી દેશે. તમારી જીવન સરિતાનો પ્રવાહ કેવી રીતે રૂંધાઇ જાય છે તેની તમને ખબર છે? નથીને?

તમારી યુવાનીના ધસમસતા જીવન પ્રવાહને ઉત્સાહથી યોગ્ય માર્ગે વાળવા, આગળ ધપાવવા માટે તમારી પાસે સાચા, સંનિષ્ઠ, નિર્લોભી માર્ગદર્શક નથી અથવા તમારૂં મનોબળ મજબૂત કરનાર આધ્યાત્મિક પથદર્શક નથી અથવા તમારો પોતાનો સાત્વિક પૂરૂષાર્થ નથી તેથી તમારી યુવાનીના શક્તિ સામર્થ્યનો લાભ લેવા, તેને બહેકાવવા માટે તમારૂં આંતરિક અને બાહ્ય જગત તમને પ્રલોભનો આપી પ્રવૃત કરે છે, ક્ષણિક સુખ માટે લલચાવે છે.

તમારા આંતરિક જગતમાં, **"હું બધું જ કરી શકું તેમ છું, મારી પાસે શરીર બળ, બુધ્ધિબળ છે, મને કશું જ થવાનું નથી,"** આવું અભિમાન, અહમ્‌ભાવ, ખોટો આત્મવિશ્વાસ તમને અસાત્વિક વિષયો તરફ ધકેલે છે. હિતેચ્છુઓની રોકટોક, સલાહ સૂચન તમને અઘટિત લાગે છે. તમે મન અને ઇન્દ્રિયોનાં ગુલામ બની જાઓ છો. મનોબળ નબળું બની જાય છે. તમારા વિકાસના નિર્ણયોને તમારૂં મન અને ઇન્દ્રિયો ફેરવી નાંખે છે. આળસ, ઊંઘ, કુટેવો, મન બુધ્ધિ ઈન્દ્રિયોને બહેકાવતી, ડોલાવતી, ગિરાવતી, પાંચ ઈન્દ્રિયોના આસ્વાદ જેવાકે સ્વાદ, શ્રવણ, દ્રશ્ય, ગંધ, અને સ્પર્શ જેવા ક્ષણિક વિકારી સુ:ખ માણવા પ્રવૃત થઈ જાય છે. પાંચ કર્મેન્દ્રિયોનો મન, બુધ્ધિ, અહંકાર, સાથેનો બહેકાવ તમારી યુવાનીના પ્રવાહને મલિન અને રોગિષ્ટ કરી નાખે છે. રોગના જીવાણુંઓ અને મલિન વિચારોના આંદોલનો તમારા શરીર અને મનને નિર્બળ બનાવે છે. નિર્ણાયક શક્તિ કુંઠિત થઈ જાય છે. યુવાનીનું જોમ,

ખુમારી, તમન્ના ધીમે ધીમે ઓસરી જાય છે. જીવનમાં ધારેલું શારીરિક, બૌધ્ધિક, આર્થિક, અને સામાજિક વિકાસનું લક્ષ્ય હાંસલ કરી શકાતું નથી. યુવાની વેડફાઈ ગયાનો અહેસાસ જીવનને હતાશ, નિરાશ, અને રોગોથી ભરી દે છે.

યુવાનીમાં તમારા બાહ્યજગતના લોભી, સ્વાર્થીમિત્રો, સગાસબંધી ઉપરાંત બાહ્ય પ્રલોભનો ઉત્પન્નકરનારા સાધનો જેવાકે, સિનેમા, ટેલિવિઝન પર આવતા અશ્લીલ, અસંસ્કારી દ્રષ્યો, સ્વાદિષ્ટ લાગતી, અશુધ્ધ, અસાત્વિક આહારની વાનગીઓ અને સ્વાદિષ્ટ આહાર બનાવનાર અસાત્વિક રોગીષ્ટ તન, મનના અશુધ્ધ માણસો, પ્રસાધનોના વિવિધ સાધનો, અઘટિત પહેરવેશ, અને મોજ શોખના અશ્લીલ વ્યવહારોથી ઉભરાતાં સ્થળો તમારા જીવનને રૂંધવાના, બહેકાવવાના, બુઝાવવાના નર્કાગારો છે. તમારૂં જીવન અધઃપતનની ઊંડી ખાઈમાં ધકેલાઈ જાય છે. સંસ્કારી માતા પિતા અને પૂર્વજોનો સંસ્કારી વારસો અને તમારૂં સાત્વિક પ્રારબ્ધ જ તમને બાળપણથી જ સાત્વિક સંસ્કારનું સિંચન કરી શકે, સાત્વિક વાતાવરણ નિર્માણ કરી શકે. જીવન પ્રવાહને યોગ્ય માર્ગે વાળી શકે.

સંસાર સાગરમાંથી તમારા જીવન પ્રવાહને આનંદ સાગરમાં વહાવવાનો પુરૂષાર્થ તમારે જ કરવો પડે. તમારું પ્રારબ્ધ અને તમારો સાત્વિક પુરૂષાર્થ જ તમને તમારા આંતર બાહ્ય જગતમાં સાનુકૂળ, સાત્વિક વાતાવરણ, સાત્વિક હિતેચ્છુઓ, માર્ગદર્શક મેળવી આપે.

વ્હાલા બાળકો, તમારી જીવન સરિતાના પ્રવાહને ગંગાના પ્રવાહ જેવું નિર્મળ, ગુણકારી અને પવિત્ર બનાવવા માટે તમે ગમે તે ઉંમરના હો આજે જ દ્રઢ નિશ્ચય કરો અને આનંદ સાગરમાં જ સમાવિષ્ટ થઇ જવા તમારી જીવન સરિતાના વહેણને વહાવવા પ્રયત્નશીલ બનો, દ્રઢ સંકલ્પ કરો. તમારો સંનિષ્ઠ પ્રયત્ન હશે અને અંતરની આરઝૂ, પ્રાર્થના હશે. તો પરમની કૃપા અને સંત સદ્‌ગુરુના આશીર્વાદ, માર્ગદર્શન, સાથ,

સહકાર હંમેશાં મળતાં રહેશે જ.

સંત સદ્‌ગુરુના પાદ પ્રક્ષાલન કરવાથી, ફૂલહાર કરવાથી, ભેટ સોગાદ આપવાથી કે તમારી બૌધ્ધિક અને ભૌતિક સંપત્તિ ન્યોછાવર કરવાથી આત્મિક સુખ મળ્યાનો, પુણ્યકાર્ય કર્યાનો સંતોષ તમે અનુભવી શકો પરંતુ સંત સદ્ગુરુની આંતરિક ખુશી, આનંદ, કૃપા, આશીર્વાદની અભિવ્યક્તિ તો ત્યારેજ મળે જ્યારે તમે તેમના અતિસમૃધ્ધ આદેશો અને આદર્શોને અનુસરો, જીવનમાં અપનાવો તમારા જીવન સરિતાના પ્રવાહને તેમની પદયાત્રાના પ્રવાહમાં વહેવા દો. તેમના જેવું સાત્વિક જીવન જીવવા પ્રયત્ન કરો. તમે પણ સંત બની શકો અને જગતને સત્સંગ સેવા અને પ્રેમ પીરસી શકો. જીવનના પ્રવાસમાં હરિને સમાવો. પરમ શક્તિ મંત્ર ૐ મા ૐ નું માનસિક સ્મરણ, પરમનું ચરણ શરણ મેળવી આપશે.

વ્હાલા બાળકો, જેની ઊર્મિઓ યુવાન છે. જેની ભાવનાઓ નિર્મળ અને પ્રેમાળ છે, તેવા કોઈપણ ઉંમરના પરમના પ્રેમીઓ આપ પણ આપની જીવન સરિતાના પ્રવાહને આનંદ સાગરમાં વહાવવાનો પૂરૂષાર્થ કરતા રહેજો જ.

જીવનમાં સચ્ચિદાનંદ સ્વરૂપ પરમનો અનુભવ કરવાના મારા અનુભવગમ્ય નીચે દર્શાવેલા અમૃતમય આચરણનો અનુભવ આપ પણ આપના જીવનમાં અપનાવો અને ચારે દિશાએથી પરમનો પ્રેમાળ સ્પર્શ, આલિંગન, પ્રકાશ અને ઐક્યતાનો-અદ્વૈતનો અનુભવ કરો.

વ્હાલા બાળકો.

(૧) આપનું જીવન બનાવો પવિત્ર, પ્રેમાળ, પુરૂષાર્થી.

(૨) આપનું વ્યક્તિત્વ બનાવો નિર્ભય, નિર્મળ, નિરહંકારી.

(૩) આપ સ્વયમ્ બનો સરળ, સદાચારી, સ્થિતપ્રજ્ઞ.

(૪) આપનું અસ્તિત્વ બનાવો વિનમ્ર, વિવેકી, વિશ્વાસુ.

આપના સંનિષ્ઠ અને સાત્વિક પુરૂષાર્થ માટે મારા આપને આશીર્વાદ છે.

સાત્વિક સૃષ્ટિ નિર્માણમાં આપનું યોગદાન

તા. ૫-૭-૨૦૦૧(ગુરુપૂર્ણિમા)

વ્હાલા બાળકો,

મારી કલ્પનાની પાંખે ઉડવાનું આજે આપ સર્વેને હું નિમંત્રણ આપું છું. મારી કલ્પનાઓને સાકાર કરી વિશ્વમાં વહેતી કરવાની મને ખ્વાહિશ છે. આપના નિસ્વાર્થ યોગદાનની આવશ્યક્તા છે.

નવી સૃષ્ટિ નિર્માણની અનેકવિધ કલ્પનાઓમાંની એક કલ્પનાને હું આજે સક્રિય અને સાકાર રૂપ આપું છું.

નવી સૃષ્ટિમાં મારી કલ્પના એવી હતી કે, બાળક જન્મે ત્યારથી જ તેના મગજમાં મેં સૂચવેલા નવ સિધ્ધાંતો સ્થિર રહેલા જ હોય. આ તો ભવિષ્યની વાત થઈ. સાંપ્રત સમયમાં વિશ્વમાં સાચી શાંતિ અને સાત્વિકતાના વાતાવરણને પ્રસ્થાપિત કરવા માટે પ્રત્યેક બાળ માનસને સાત્વિકતાથી સભર કરવું પડે. આ બાબત કેવીરીતે શક્ય બને? આતો જુની નિર્માણ પામેલી સૃષ્ટિ ચાલી રહી છે. દુષણોથી ખદબદતા વાતાવરણને કેવી રીતે સાત્વિકતામાં પરિવર્તિત કરી શકાય?

શક્ય બની શકે! જરૂર છે. આપ સર્વેના સંનિષ્ઠ, સામુહિક, સાત્વિક, નિસ્વાર્થ પુરૂષાર્થની. યાદ હશે આપને મારી નવી સૃષ્ટિ નિર્માણની કલ્પનાઓ અને ઇચ્છાઓ અનેક કલ્પનાઓમાંની એક કલ્પના એ હતી કે માનવ બાળક આ પૃથ્વી પર જન્મ ધારણ કરે ત્યારે સકળ શાસ્ત્રના સાર સમાન મારા નવ સૂચવેલા સિધ્ધાંતો તેના મગજમાં સક્રાંત થયેલા જ હોવા જોઈએ. આ હતી ભાવિ સૃષ્ટિ નિર્માણની એક કલ્પના. આ ભવિષ્યની કલ્પનાને મારે વર્તમાનમાં ઘટિત કરવી છે.

જ્ઞાતિ, જાતિ, ધર્મ, સંપ્રદાય, ભાષા, દેશ, વિદેશના સીમાડાઓ વીંધીને મારે દરેક નવજાત બાળકના અણુએ

અણુમાં સાત્વિકતાના આંદોલનો પ્રસરાવવા છે. બાળકના સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરમાં સાત્વિકતા, માનવતા, આધ્યાત્મિકતા વ્યાપી રહે, દૂષણો દૂર્વૃત્તિઓને મનમાં પ્રવેશવાનો માર્ગ જ ન મળે. મારી આ કલ્પના મેં વાયુ મંડળમાં વહેતી કરી દીધી છે. પરિણામ પરમની મરજી પર અવલંબિત છે.

વર્તમાન સમયમાં દરેક બાળક વિશ્વનું એક આધ્યાત્મિક અંગ બની રહે તે હેતુ થી દરેક નવજાત બાળકના જન્મના પ્રથમ દિવસે જ તેની જીભ પર તુલસીપત્રની દાંડીથી પરમ શક્તિ મંત્ર **ૐ મા ૐ** નું ઉચ્ચારણ કરતા કરતાં આ મંત્ર લખવો પછી બાળકના જમણા કાનમાં શબ્દ સહ નવ સિધ્ધાંતોનું પઠન કરવું. દુનિયાની અન્ય કોઈ દૂષિત હવાના આંદોલનો તેના સ્થૂળ અને સૂક્ષ્મ શરીરમાં પ્રવેશે તે પહેલાં જ પરમ શક્તિ મંત્ર અને નવ સિધ્ધાંતોના શ્રવણ રૂપી કવચથી બાળક સુરક્ષિત થઈ જાય અને બાળકના અણુઅણુમાં સાત્વિક આંદોલનો ગુંજી ઉઠશે.

આપ સર્વે આ શુભ સંકલ્પ યુક્ત કાર્યમાં આપનું સાત્વિક અને સંનિષ્ઠ યોગ દાન આપો. કલિયુગમાં વ્યાપી રહેલા દૂષિત આંદોલનોને મિટાવવાનો આ એક સરળ ઉપાય છે. આપનું યોગદાન આપો. આપ સર્વે આપના સામાજિક વર્તુળમાં આ સંદેશાને પ્રસરાવો. બીજુ, પાંચ વર્ષ સુધીના પ્રત્યેક બાળક પર આ ઉપાય અજમાવવો જોઈએ.

પા પા પગલી ચાલતા શીખવું પડે,
ચાલ્યા પછીથી એકલા દોડવું પડે.
મંદિરે જાવા ટેવાવું પડે.
પછીથી ઘરમાં મંદિરને લાવવું પડે,
આ પ્રક્રિયા સાકાર રહી,
સંસારમાં સ્વર્ગ આવી મળે.

વાસંતી બહાર

તા. ૫-૭-૨૦૦૧(ગુરુપૂર્ણિમા)

ખજાનો વસંતોનો ભરીને આવ્યો છું.
રણમાં વસંતો દરરોજ ખીલાવું છું.
નથી હોતા વસંતોને સીમાડા કે કિનારા,
જિંદગીમાં વસંતો એ જ સાચો શણગાર છે.

મારૂં આ પૃથ્વી પર અવતરણ થયું ત્યારથીજ માતાજી એ મને તેમના અમૃતનું પયપાન કરાવીને મારી જિંદગીમાં વસંતોનો ખજાનો ભરી દીધો છે. વસંતનો પમરાટ મારા સમસ્ત અસ્તિત્વમાં વ્યાપી રહ્યો છે.

મારા સેવાયજ્ઞ વેળાએ નિલોષા પર કે અન્ય કોઈ સ્થળે આવતા મુલાકાતીઓની રણમય બનેલી જિંદગીમાં દરરોજ વસંતો ખીલાવી જાણું છુ.

વસંતોને પૂરબહાર ખીલવવામાં કોઈ મર્યાદા નથી. જેટલી સાત્વિકતા જીવનમાં વધારે તેટલી તે પૂરબહારમાં ખીલી ઊઠે છે. જિંદગીમાં સદાય વસંતો રહે એજ જીવનનો સાચો શણગાર પરંતુ વસંતો ક્યારે રહે ?

જિંદગીમાં સદાય વાસંતી બહાર માણવી હોય તો તેનો ઉપાય પણ આપના હાથમાં જ છે. ફક્ત દ્રઢ મનોબળ અને પુરૂષાર્થ દ્વારા

(૧) શરીરનું સ્વાસ્થ્ય ટકાવી રાખો. નિયમિત અને સમતોલ આહાર વિહાર દ્વારા જ શરીરનું સ્વાસ્થ્ય ટકાવી શકાય.

(૨) મનને શુભ, સાત્વિક આનંદમાં જ ઝૂમવાદો. સત્સંગ, સેવા અને સંતોષ દ્વારા જ મનમાં સાત્વિક આનંદના આંદોલનો પ્રસરાવી શકાય.

(૩) હૃદયમાં પરમાત્માને પ્રસ્થાપિત કરો. પરમના પ્રેમથી હૃદયને ભરી દો. આમ શરીર, મન અને હૃદયનું સાત્વિક ભાવોનું સંમિશ્રણ જીવનમાં વાસંતી બહાર લાવી શકે છે. શરીર સ્વસ્થ હોય, મન આનંદ અને સંતોષમાં હોય, હૃદયમાંથી પ્રભુ પ્રત્યેના પ્રેમનો પ્રવાહ સતત વહેતો હોય ત્યારેજ જીવનમાં વસંતી શણગાર સજાવી શકાય.

ૐ મા ૐ

માનવ જીવનની પૂર્ણિમા - ગુરુપૂર્ણિમા

તા. ૨૪-૭-૨૦૦૨ (ગુરુપૂર્ણિમા)

વ્હાલા આત્મીયજનો,

પૂર્ણિમાનું ચંદ્રદર્શન સહુ કોઇને મનભાવન લાગે છે. પૂર્ણ ચંદ્રમાંથી નીકળતા કિરણો આપણા ચર્મચક્ષુને મનને, અરે સમસ્ત અસ્તિત્વને શાંતિનો, આનંદનો, શીતળતાનો અનુભવ કરાવે છે. ચંદ્રની ચાંદની સમસ્ત વાતાવરણમાં શીતળતા અને આહ્‌લાદકતા પ્રસરાવે છે. જડ ચેતન સૃષ્ટિ આનંદથી મલકી ઊઠે છે.

કૃષ્ણ પક્ષમાં ચંદ્રનું તેજ ધીમે ધીમે ક્ષીણ થતું જાય છે. અમાસની રાતે ચંદ્ર સ્વયમ્ આપણી દ્દષ્ટિ સમક્ષથી પૃથ્વીપરના આકાશમાંથી વિલીન થઇ જાય છે. શુકલપક્ષ અને કૃષ્ણપક્ષના ચંદ્રના પૂર્ણોદય અને પૂર્ણાસ્તની ઘટમાળ અવિરતપણે ચાલતી જ રહે છે.

જીવનનો પણ શું આ જ ક્રમ નથી ?

માનવજીવનનો પૂર્ણોદય એ યૌવન છે. શુકલપક્ષના ચંદ્રની જેમ ક્રમશઃ બાળપણ, કિશોરાવસ્થાના જીવન કાળનો વિકાસ થઇ યુવાન વયે પૂર્ણોદય પામે છે. કૃષ્ણપક્ષની જેમ જીવન ક્રમશઃ પ્રૌઢાવસ્થા અને વૃધ્ધાવસ્થામાં ઢળીને શરીર પંચમહાભૂતમાં વિલીન થઇ જાય છે. માનવ જીવનની જન્મ મૃત્યુની ઘટમાળ કર્મના સિધ્ધાંત અનુસાર ઘટતી જ રહે છે.

વ્હાલા બાળકો,

માનવજીવનની પૂર્ણિમા યુવાની છે. યુવાનીમાં જ જીવનનો પૂર્ણોદય કરી શકાય. વળી પૂર્ણોદયને પૂણ્યોદયમાં મેળવીએ તો જીવન ગુરુપૂર્ણિમા જેવું બની જાય. માનવજીવનમાં યુવાનોનું આજ લક્ષ્ય હોય તો યુવાનો ક્રાંતિ સર્જી શકે.

આધ્યાત્મિક ક્રાંતિ, વૈચારિક ક્રાંતિ, સામાજિક ક્રાંતિ અને વૈશ્વિક ક્રાંતિમાં પૂર્ણોદયને વરેલા પુણ્યશાળી યુવાનો પોતાનું યોગદાન આપી શકે, માર્ગદર્શક બની શકે.

યુવાનીને પૂનમના ચંદ્ર જેવી કેવી રીતે બનાવી શકાય ? પશ્ચિમની અશ્લિલ સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરતું યુવા માનસ, અરે, સાત્ત્વિકતાના પંથે પ્રયાણ કરવા ઈચ્છતા વિશ્વના કોઈપણ દેશના યુવાનો અનૈતિક, અંધકારમય, ભ્રષ્ટાચારી વાતાવરણમાંથી કેવી રીતે બચી શકે ?

માનવજીવન પ્રારબ્ધ અને પુરુષાર્થના પ્રવાહમાં પ્રવાહિત થતું જ રહે છે. પ્રારબ્ધ પ્રમાણે જ આપણને દેહાકૃતિ, લિંગ (સ્ત્રી કે પુરુષ) શરીરની સૌષ્ઠવતા અને સુંદરતા, અંગ ઉપાંગો, શરીરના સ્ત્રાવોનું સંતુલન વિગેરે જન્મ સમયે જ પ્રાપ્ત થાય છે, જોડાયેલું હોય છે.

આપણું સૂક્ષ્મ શરીર જેમાં મન, બુધ્ધિ, ચિત્ત એટલે કે સ્મૃતિઓનું સંગ્રહાલય, અને અહંકારનો સમાવેશ થાય છે. સૂક્ષ્મ શરીર પણ માનવજન્મની સાથે જ જોડાયેલું રહે છે.

આપણું કારણ શરીર અથવા અધ્યાત્મ શરીર જેમાં સાત્વિક ગુણો, જ્ઞાન, ધાર્મિક વૃત્તિઓ, શ્રધ્ધા અને ભક્તિનો સમાવેશ થાય છે. તે પણ જન્મની સાથે જ જોડાયેલું હોય છે. સૂક્ષ્મ શરીર અને અધ્યાત્મ શરીર જન્મજન્માંતરથી જોડાયેલું હોય છે. દરેક જન્મે વ્યકિતના બાળપણથી જ તેના સ્વભાવ, ગમો અણગમો દ્વારા તેના વ્યક્તિત્વની પ્રતીતિ થાય છે. પ્રારબ્ધ કર્મ અને ઋણાનુબંધ પ્રમાણે જ માતા-પિતા, ભાઈ-બહેન, પતિ-પત્નિ બાળકો કુટુંબના સભ્યો, લોહીના તેમજ પ્રેમના સગપણ, સબંધો, મિત્રો, શત્રુઓ મળે છે. આમાં વ્યક્તિની પોતાની પસંદગી હોઈ શકે નહિં.

પૂર્વજન્મના આસક્તિયુક્ત ફળની, લાભની એષણાથી

કરાયેલાં સાત્ત્વિક, રાજસિક કે માનસિક કર્મોનો વારસો, અધૂરી રહી ગયેલી એષણાઓની માયાજાળ આ જન્મમાં જોડાયેલી જ રહે છે.

ગત જન્મના કે જન્મજન્માંતરથી વારસામાં મળેલા પ્રારબ્ધમાંથી છૂટવા શું કરવું જોઈએ ?

આવતા જન્મમાં પ્રારબ્ધકર્મનો વારસો ન મૂકી જવો હોય કે પ્રારબ્ધ ન જમા કરવું હોય તો શું કરવું જોઈએ ?

આપણને વારસામાં મળેલ માતાપિતાની કે વડીલો પાર્જિત મૂડી, સ્થાવર જંગમ મિલકતનો વિનિયોગ તો આપણે કરવો જ પડે, પરંતુ વિનિયોગ કેવી રીતે કરવો તે આપણા સાત્ત્વિક, રાજસિક કે તામસિક પુરુષાર્થ પર આધારિત છે આપણી વારસાગત મિલકતનો વિનિયોગ કુટુંબ, સમાજ, શૈક્ષણિક અને કલ્યાણકારી પ્રવૃતિઓમાં સમષ્ટિના શ્રેયાર્થે **અહમ્‌ને પોષ્યા વગર માલિક નહિ પણ નિ:સ્વાર્થ વહીવટકર્તાના ભાવથી કરીએ તો આપણને શાંતિ, સુખ અને સંતોષનો અનુભવ થાય, સાત્ત્વિક પ્રારબ્ધ નિર્માણ કરી શકે તેમજ પ્રારબ્ધ કર્મમાંથી છૂટી શકાય.** અનાસક્ત ભાવે, સારા માઠાં, નફો નુકસાન રૂપી ફળને ઈશ્વરની ઈચ્છા અને પ્રસાદી સમજી અહમ્‌ને પોષ્યા કે લાગણીને દુભવ્યા વગર ભોગવી લઇએ તો આ જન્મમાં કરેલું કોઇપણ કર્મ બંધનકર્તા બને નહિ તેમજ પ્રારબ્ધરૂપે વારસામાં પણ ન મળે. **આપણું કર્મ કર્મયોગ બની જવું જોઈએ.** આપણો પુરુષાર્થ, સંત સદ્‌ગુરુના આશીર્વાદ અને પરમાત્માની કૃપાનો ત્રિવેણી સંગમ સધાય ત્યારેજ આપણે આપણા પ્રારબ્ધ રૂપે મળેલ કર્મરૂપી વારસાનો વિનિયોગ જનકલ્યાણ અર્થે કરી શકીએ. ઈશ્વરની કૃપા વિના પ્રારબ્ધ મીટાવી શકાતું જ નથી.

પ્રારબ્ધરૂપે મળેલ દુ:ખ રોગ, અસુવિધા, ગરીબી,

ખોડખાંપણ, પરમાત્માની શરણાગતિ સ્વીકારી કોઇને પણ દોષ દીધા વગર જાતે જ ભોગવી લેવું, સહન કરી લેવું. **સંત સદ્ગુરુનું શરણ, માર્ગદર્શન, સત્સંગ, સ્વાધ્યાય અને આશીર્વાદ માનવીનું મનોબળ મજબૂત કરવામાં મદદ કરે છે. સહનશક્તિમાં વધારો કરે છે.** પ્રારબ્ધરૂપે મળેલ સુખ સુવિધાનો વિનિયોગ પરમાત્માની કૃપા પ્રસાદી સમજી, મર્યાદામાં રહી યોગ્ય રીતે વિવેકપૂર્વક સાત્ત્વિકતાથી જ કરવો જોઈએ. આપના સુખમાં અન્યને સહભાગી બનાવો. દુર્વૃતિઓ, દુષણો પ્રત્યે સતત જાગૃત રહો. **સુખમાં સહુ સગાં થાય ત્યારે અનીતિનો પ્રવેશ ન થાય તેની કાળજી રાખવી જોઈએ.**

વ્હાલા યુવાન ભાઈ બ્હેનો, અનૈતિક ભ્રષ્ટાચારી વાતાવરણમાંથી આપના જીવનને આપ પોતે જ બચાવી શકશો, આપનું જીવન સુંદર, સુવ્યવસ્થિત, સુશિક્ષિત અને સુનિયંત્રિત, શિસ્તબધ્ધ કરવાનો પુરુષાર્થ આપ અત્યારથી જ શરૂ કરી દો. કોઈપણ નિર્ણય લેતાં પહેલાં તમારૂં ચારિત્ર્ય અને મનોબળ મજબૂત કરો. **સંકલ્પ શક્તિ વધારો, સંકલ્પ શક્તિ વધારવા માટે શિસ્ત, સંયમ, સહનશક્તિ, સ્વાધ્યાય અને સત્સંગનો આગ્રહ રાખો.** અશ્લિલતાથી દૂર રહો, સાવધાન રહો.

જેનું જિગર જુવાન છે તેવા કોઇપણ ઉંમરના આત્મીયજનો, આપ આપના વર્તમાન પ્રારબ્ધનો આદર કરો. ભાવિ પ્રારબ્ધ નિર્માણ કરવાનો પુરુષાર્થ અત્યારથી જ શરૂ કરી દો. **જીવનની રેખા ભલે ટૂંકી થતી જતી હોય, જિગરને, હૃદયના સ્પંદનોને સદાય વસંતમાં વહેવા દેજો. જીવનની હરપળને પ્રસન્નતામાં જ પસાર થવા દેવી તે આપણા જ હાથની વાત છે.**

દિશાશૂન્ય, ધ્યેયશૂન્ય યુવાનોના જીવનનો મુખ્ય આનંદ આહાર, વિહાર, આળસ અને નિંદ્રામાં જ સીમિત થઈ જાય છે. આ હકીકતની સમજ કદાચ યુવાન માનસમાં હોય તો પણ

મનોબળ મજબૂત ન હોવાને કારણે પુરુષાર્થ પાંગળો બની જાય છે. અસાત્ત્વિક, અશુધ્ધ અને અસમતોલ ઉત્તેજનાયુક્ત આહાર માનસિક અને શારીરિક રોગોને નોંતરે છે. રોગોને બહેકાવે છે. નોકરી ધંધા કે અન્ય કારણોસર ઘરબહાર જમવાનો પ્રસંગ આવે ત્યારે મિત્રો, સાથીઓની શેહ શરમમાં આવ્યા વગર શાકાહારી અને સાત્ત્વિક ખોરાક અને પીણાંનો આગ્રહ જ રાખો. જમતાં પહેલાં પરમાત્માને યાદ કરીને તેનો પ્રસાદ સમજીને આરોગો.

ક્ષણિક ઉત્તેજનાયુક્ત શોખ, સ્થળો, સાધનો, સંગતિ, દૃષ્યો, વાતાવરણ યુવાશક્તિને ક્ષીણ કરી નાખે છે. અસાધ્ય રોગોમાં સપડાઈ જવાય છે.

આળસ એ શત્રુનું ઘર છે.

" An Idle Mind Is Devil's House "

ઉક્તિ અનુસાર આળસુ મન અસુરનું નિવાસસ્થાન છે. અણગમો આળસને બહેકાવે છે. આળસ સ્થૂલતા શિથિલતાને નોંતરે છે. **આળસુ મન અને શિથિલ શરીર રોગોનું ઘર બની જાય છે.**

વધુ પડતી ઉંઘ, નિંદ્રા જીવનના વિકાસને અટકાવે છે. રૂંધે છે. શરીર તેમજ મનને શિથિલ બનાવે છે. શરીરના સ્ત્રાવોમાં અનિયમિતા પેદા કરે છે. યુવાનીનું ખમીર, શક્તિ, ઓજસ અકાળે ઓસરી જાય છે. “અતિરેક સર્વત્ર વર્જયતે” કોઇપણ વસ્તુનો અતિરેક - અતિઉપયોગ, અતિ લગાવ ઉચિત નથી.

વ્હાલા યુવાન ભાઈ-બ્હેનો, આપ જાગૃત થાવ. પૂર્ણતાને પામવાની પાત્રતા કેળવો, પ્રવૃત થાવ, સંકલ્પ સહિત, દૃઢ મનોબળથી આપના **સાત્ત્વિક પુરુષાર્થનું એક કદમ બઢાઓ, આપને ધ્યેય સિધ્ધિની દિશા મળી રહેશે, દિશા સૂઝાડનાર માર્ગદર્શક પણ મળી રહેશે.** આપનું ભવિષ્ય, આપનું જીવન

આપ જ ઉજ્જવળ બનાવી શકશો. **પુરુષાર્થના વારિથી પ્રારબ્ધના બીજને અંકુરિત થવા દો.**

પરમાત્માની સૃષ્ટિના સર્જન, સંવર્ધન અને વિકાસમાં આપનું યોગદાન આપો. આપનું વ્યક્તિત્વ ઉપસાવવા માટે આપે પુરુષાર્થ કરવો જ પડશે. આપે જોયું હશે કે, અમુક વ્યક્તિઓનું વ્યક્તિત્વ અતિ તેજસ્વી હોય છે. આત્મજ્ઞાની સાત્ત્વિક સંતોના મુખારવિંદની આભા કેટલી તેજસ્વી હોય છે! તેમના આભામંડળથી, તેજસ્વિતાથી સામાન્ય માણસો પ્રભાવિત થઇ જાય છે, આકર્ષાય છે. જ્ઞાની, વિવેકી, પ્રેમાળ, સંતોષી, સંત્સંગી સજ્જનોનું આભામંડળ પણ તેજસ્વી હોય છે. સાત્ત્વિકતા, નૈતિક્તાનો નિખાર તેમના સમસ્ત અસ્તિત્વમાં વર્તાયા કરે છે.

આપ આપનું વ્યક્તિત્વ પ્રભાવશાળી અને તેજસ્વી બનાવવા માંગતા હો તો આપ સતત જાગૃત રહો, પ્રયત્નશીલ રહો, સદ્‌વૃતિઓને વિકસાવો, દુર્વૃતિઓને દૂર કરો. મારી આ સલાહને આપ કેવી રીતે સાકાર કરી શકશો. તેની થોડી રીતો આપને બતાવું છું. પ્રમાણિકપણે પ્રયત્ન કરશો તો પરિણામ અવશ્ય શુભ આવશે જ.

૧. જીવનમાં નિયમિતતા કેળવો, સમયનું ટાઈમટેબલ ગોઠવો અને તેને વળગી રહેવા પ્રયત્ન કરો.

૨. નિયમિત શુધ્ધ, સાત્ત્વિક, સમતોલ આહાર પરમાત્માનો પ્રસાદ સમજીને પ્રેમથી આરોગો, છાંડો નહિ, જમતી વખતે સાત્ત્વિક, મધુર હળવા, પ્રસન્ન વાતાવરણનો જ આગ્રહ રાખો. મધુર સંગીત, હાસ્ય વિનોદથી વાતાવરણમાં આનંદના આંદોલનો પ્રસરશે, ખોરાક જમવામાં મીઠાશ અને પચવામાં હળવાશ અનુભવાશે.

3. વ્યાયામ, કસરત, યોગાસનો, ખુલ્લી હવામાં ચાલવાનું,

દોડવાનું, તરવાનું જે કંઈ અનુકૂળ હોય તે નિયમિત કરવાથી શરીરની સૌષ્ઠવતા જાળવી શકાય છે.

૪. તમારામાં છુપાયેલી કળાઓ, શોખ, શક્તિઓને જેવી કે સંગીત, વાંચન, લેખન, ચિત્રકામ, સર્જનાત્મક શક્તિને વિકસવો.

૫. પરમાત્માની જડ ચેતન સૃષ્ટિમાં વિહાર કરો. ઉદ્યાન, સરિતા, સરોવર, સમુદ્ર, ખળખળ વહેતાં ઝરણાં, પર્વતમાળાઓ, ગુફાઓ, પશુપંખીઓ, નિર્દોષ બાળકોની કાલીમીઠી વાણી, પ્રેમાળ વર્તન, સૂર્યોદય અને સૂર્યાસ્તની લાલિમા, કુદરતની સૃષ્ટિનું સાનિધ્ય તમારામાં નૂતન ચેતનાનો સંચાર કરશે. તમારી સુષુપ્ત શક્તિઓ જાગૃત થશે.

૬. તમારી ફરજ, તમારા કર્તવ્યને જ તમારો ધર્મ સમજો. DUTY IS DEITY ફરજ તે જ દેવ છે. ઉક્તિ અનુસાર નિષ્ઠાપૂર્વક ફરજ - કર્તવ્ય નિભાવો.

૭. તમારા વાણી, વર્તન અને વ્યવહારમાં એકરૂપતા રાખો. જેથી તમારા સામાજિક વર્તુળમાં વિશ્વાસ સંપાદન કરી શકશો.

૮. તમારા સર્વાંગી વિકાસ માટે મારા નવ સિધ્ધાંતોને જીવનમાં અપનાવો.

૯. દિવસનો દસ ટકા એટલે કે બે કલાક અને ચાલીસ મિનિટ ઓછામાં ઓછી પરમાત્માનું સાનિધ્ય અને પરમાત્માની સૃષ્ટિમાં તમારી નિઃસ્વાર્થ સેવાનું યોગદાન આપો. તમારી કમાણીનો દસ ટકા ભાગ જરૂરતમંદોને મદદ કરવામાં અવશ્ય વાપરો, સાત્ત્વિક પુરુષાર્થથી મેળવેલી શુધ્ધ અને શુભ લક્ષ્મીને જ અપનાવો.

૧૦. વિવેક, વિનય, શિસ્ત, સંયમ અને સમત્વના ગુણોથી

જીવનને શોભાવો.

જીવનમાં ફરજ એટલે કે ધર્મ, સંસ્કાર અને નૈતિક મૂલ્યોને પોષવાથી આત્માનું ઓજસ વધે છે. તમારૂં તેજોવલય, આભામંડળ પ્રકાશિત બને છે.

જીવનને સાત્ત્વિક માર્ગે જ વહેવા દો. ઉચ્ચ આદર્શોને અપનાવો. **આપના ચારિત્ર્યથી જ આપનું વ્યક્તિત્વ ચીતરો.** આપ ભલે કોઇ ધર્મ સંપ્રદાય માં ન માનતા હો, દેવ દર્શન ન કરતા હો, તીર્થયાત્રાઓ ન કરી હોય છતાં પણ આપની સાત્ત્વિકતાથી આપ પરમાત્માની નજીક જ છો. અંતરમાં બિરાજેલા અંતરાત્માના અવાજને, સંકેતોને આપ સ્પષ્ટ પહેચાની શકો, સમજી શકો, અનુભવી શકો તો પછી બાહ્ય દેખાવની કોઇ જ આવશ્યક્તા નથી. તમારા વિચારોમાં, તમારી વાણીમાં, તમારા કાર્યોમાં શક્તિ અને સામર્થ્ય વર્તાશે.

તમારો વિશ્વાસ તમારા હૃદયમાંથી પ્રગટે છે હૃદયમાં શિવનું, પ્રેમનું સ્થાન છે. તમારો વિશ્વાસ એ જ શિવ છે.

તમારી શ્રધ્ધા મનમાંથી, મસ્તકમાંથી પ્રગટે છે શ્રધ્ધામાંથી જ શક્તિનો સ્ત્રોત વહે છે. **એટલે શ્રધ્ધા જ સ્વયમ્ માતા - શક્તિ - જગદંબા છે.** શ્રધ્ધા અને વિશ્વાસના સાયુજયથી જ એટલે કે **શિવ અને શક્તિના સાયુજયથી જ આપ આપનું લક્ષ્ય, ધ્યેય સિધ્ધ કરી શકો.**

વ્હાલા બાળકો,

જગતને તમારી જરૂર છે. સદ્ગુરુ પાસેથી મંત્રદીક્ષા લીધી, ગુરુ બનાવ્યા આટલેથી જ જીવન ધર્મમય બની જતું નથી. મંત્રદીક્ષા આપી સદ્ગુરુ આપનામાં રહેલી સાત્ત્વિકતાને, સદ્વૃતિઓની વાટને સંકોરે છે. સતેજ કરે છે, દિશા સૂઝાડે છે.સત્યને નૈતિક્તાને, સદ્ગુણોને જીવનમાં અપનાવવાનો

અનુરોધ કરે છે. શિક્ષા ગુરુ આપને શિક્ષણ આપે છે. સાથે સાથે લેસન કરવાનું પણ આપે છે. જે તમારે જાતે ઘરે જઇને પોતાના સમયમાં કરવાનું હોય છે. શિક્ષકના આદેશનું પાલન કરનાર અને નિયમિત લેસન કરી લાવનાર વિદ્યાર્થી પર શિક્ષકની મીઠી નજર રહે છે.

હું આપને લેસન આપવા માંગુ છું, કરશો ને ?

આપને આજે અને અગાઉ આપેલા આદેશો અને આદર્શોને મુખપાઠ કરી આચરણમાં મૂકવાનો સંકલ્પ કરો. સ્વમૂલ્યાંકન કરતા રહો. આપને જીવનની પરીક્ષામાં ઉચ્ચ શ્રેણીમાં પાસ થવું હોય કે જે તે શ્રેણીમાં પાસ થવું હોય તે પ્રમાણે લેસન કરવાનો પુરુષાર્થ કરજો, આપને શાંતિ અને સંતોષનો અનુભવ જરૂર થશે જ.

વિશ્વમાં સાત્ત્વિકતાનું વાતાવરણ પ્રસરાવવા માટે, માનવતાને મહેંકાવવા માટે અનેક રાજયોગી નરેન્દ્રજીની, સદ્ગુરુઓની, સાચા સંતોની, સજ્જનોની જરૂર છે. આપ આપના વર્તૃળમાં, આપના સંસર્ગમાં આવતા સ્નેહીઓ, મિત્રો, બૂરી આદતોમાં અટવાઇ ગયેલાઓના, દિશા શૂન્ય બનેલાઓના સાચા રાહબર બનો. નિઃશુલ્ક, નિર્મળ, નમ્ર, નિરાભિમાન ભાવથી જ, આપ સાચા માર્ગદર્શક બનો. તમારું કર્મ કર્મયોગ બની જશે.

આપ સંનિષ્ઠ શિષ્ય, સેવક ભાવ કેળવી માનવતાના માર્ગદર્શક બનો. પરમાત્માની સૃષ્ટિમાં વ્યાપી રહેલી માનસિક, સામાજિક અને ધાર્મિક અંધશ્રધ્ધાની કલુષિતતાને દૂર કરવામાં વિકારોની વિષવેલને નિર્મૂળ કરવામાં આપનું યોગદાન આપો.

મારા આપ સર્વેને આશીર્વાદ છે.

ૐ મા ૐ

પરમાત્માને તમારા જીવનરથના સારથી બનાવો

તા. ૨-૭-૨૦૦૪ (ગુરુપૂર્ણિમા)

વ્હાલા આત્મીયજનો,

આજે ગુરુપૂર્ણિમાના પાવન પર્વે ભાવિકો ગુરુ ચરણ શરણ પ્રાપ્ત કરવા માટે ઉત્સુક થાય છે. ગુરુદેવના આદર્શો અને આદેશોનું આચરણ કરીને, ગુરુતત્વને જીવનમાં ધારણ કરનાર વ્યક્તિ જ ગુરુચરણની સેવા પૂજા કરવાના સાચા અધિકારી બની શકે છે. ગુરુ એક વિશિષ્ટ વ્યક્તિત્વ છે, સાત્વિક પંથના સહેલાણી છે. શ્રદ્ધાળુઓના જીવનબાગમાં સાત્વિકતાનાં સુમન સજાવનાર શ્રદ્ધેય, પૂજનીય, પરમના પનોતા પુત્ર છે.

સાંપ્રત સમયમાં માનવ જીવનનો વિકાસ સમાજ અને રાષ્ટ્રના કથળતા નૈતિક સ્વાસ્થ્ય અને યુવાનોની દિશાહીન દયનીય પરિસ્થિતિ મારા મનને ક્ષુબ્ધ બનાવી રહી છે.

"બલિયસિ કેવલમ્ ઈશ્વરેચ્છા" આમ તો ઈશ્વરની ઈચ્છા જ બળવાન છે; છતાં પણ પરમના દિવ્ય આદેશો, સંકેતોને સમાજમાં વહાવવાનો, પ્રસરાવવાનો અને માનવજીવનમાં અપનાવવાનો નમ્ર પ્રયાસ કરી રહ્યો છું. આપના સહકારની અપેક્ષા છે, **માનવ જીવન પરમાત્માનું હેતુપૂર્વકનું આયોજન છે. આપણે જીવનની અવગણના કરીએ અને સમયના વહેણમાં નિષ્ક્રિયપણે વહેવા દઈએ તે યોગ્ય નથી. માનવ શરીર જ એવું છે કે, જેમાં પરમની પહેચાન, પરિચય અને પ્રાપ્તિ શક્ય બની શકે છે.**

આપણે માનવ સર્જનને સમજીએ. માનવ સર્જનના મુખ્ય ત્રણ ઘટકો છે :-

૧. શરીર - યોગ પ્રધાન છે.
૨. મન - માનવતા પ્રધાન છે.
૩. આત્મા - દિવ્યતા પ્રધાન છે.

શરીરમાં જ્યારે ભોગવૃત્તિનું પ્રાધાન્ય હોય ત્યારે તે પાશવતા તરફ ઢળે છે. સંયમની, વિવેકની સીમાઓ વટાવી જાય છે. અંતરાત્માનાં અવાજને અવગણે છે. ઈન્દ્રિયોના સહારે ભોગો ભોગવી રોગ, યાતનાઓ અને અશાંતિને નોંતરે છે. આત્માનું પવિત્ર મંદિર

બનવાને બદલે રોગ અને ભોગનું આશ્રયસ્થાન બની જાય છે. **દેહને સંયમ, વિવેક અને સત્સંગથી જ યોગનું આશ્રયસ્થાન બનાવી શકાય છે. આત્માનું નિવાસસ્થાન બનાવવા માટે દેહને સત્સંગના વારિથી દરરોજ સ્નાન કરાવવું જોઈએ.** શુદ્ધ શરીરમાં આત્માનું દિવ્ય તેજ તેજસ્વી આત્મારૂપે, વર્તાય છે. આત્મ વિકાસ માટે તપથી તપેલા અને યોગથી વિભૂષિત થયેલા શરીરની પ્રાથમિક આવશ્યકતા છે.

માનવ મન માનવતા પ્રધાન છે. સાત્વિક ગુણોથી વિભૂષિત મનમાં જ માનવતા પ્રગટી પ્રગટે છે. દુર્વૃત્તિઓ, દૂષણો સમા કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા, અભિમાન જેવા દુર્ગુણોનો બહેકાવ વધી જાય છે. ત્યારે મનમાંથી માનવતા વિસરાઈ જાય છે અને દાનવતાની જમાવટ થતી જાય છે. ચોરી, લૂંટફાટ, આતંકવાદ, હિંસા જેવી દુર્વૃત્તિઓ, દૂષણો, અને કુટેવોના આવરણથી મન ઘેરાઈ જાય છે, મનમાં દાનવતા વ્યાપી જાય છે. આત્માનો અવાજ અવગણવામાં આવે છે. મન માનસિક તણાવ અને રોગોમાં સપડાઈ જાય છે. હાઈબ્લડ પ્રેશર, ડાયાબિટીસ, હ્રદયરોગ, અનિંદ્રા, ડીપ્રેશન, ગાંડપણ જેવાં અનેક રોગો શરીર અને મનને ઘેરી લે છે. કૌટુંબિક અને સામાજિક સંબંધો વણસે છે. રોગોને કારણે કાર્યશક્તિ, વિચારશક્તિ, સહનશીલતા, વિવેક હણાઈ જાય છે. વેપાર - ધંધામાં, વ્યવસાયમાં, કાર્યનિષ્ઠા જળવાતી નથી. અર્થ ઉપાર્જન પર તેની અસર પડે છે, આર્થિક ભીંસ અનુભવાય છે, કુટુંબ, સમાજ અને મિત્રવર્તુળમાં સંબંધો બગડે છે, કુટુંબ અને બાળકોના સ્વાસ્થ્ય અને શિક્ષણ પર પણ તેની અસર વર્તાય છે. મનને માનવતાપ્રધાન રાખવા માટે સાત્વિક અભિગમ, સાત્વિક જીવનશૈલી અપનાવવી જોઈએ. જીવનમાં નૈતિક મૂલ્યોને પ્રાધાન્ય આપવું જોઈએ. સદ્ગુણોની સંપત્તિ વિકસાવવી જોઈએ. સાત્વિક, શુદ્ધ અને સરળ આહાર વિહાર અને સંસ્કારી સંગતના આગ્રહી બનવું જોઈએ. સ્વાધ્યાય, સેવા, સત્સંગ અને સંતસમાગમ, સદ્ગુરુના શરણથી જ મનમાં માનવતાના અંકુરોને પોષી શકાય છે.

જપ, તપ, ઉપાસના, ભાવસભરભક્તિ, ધ્યાન દ્વારા પરમની નિશ્રામાં રહેવાથી મન પરમાત્મામાં જ પરોવાયેલું રહે છે. મનમાં દૈવી ગુણોનો સંચય થવા લાગે છે. સ્વસ્થ મન સંયમી બની શકે છે. વિવેકી બની શકે છે. આત્માના અવાજને ઓળખી શકે છે, અનુસરી શકે છે અને પરમાત્માની કૃપાના અનુરાગી બની શકે છે.

માનવ શરીરમાં વિરાજીત આત્મા દિવ્યતા પ્રધાન છે. શરીર અને મન સાત્વિક ગુણોથી વિભૂષિત, હોય તો આત્માની દિવ્યતા સમગ્ર અસ્તિત્વમાં તેજસ્વી આભારૂપે, તેજસ્વી પ્રતિભારૂપે પ્રગટી રહે છે. આત્માની દિવ્યતાને અખંડિત રાખવા માટે પ્રેમથી તેને સજાવવી જોઈએ. ક્ષમા, દયા, અહિંસા, સમતાભાવ, આત્મીયભાવ, સત્યપ્રિયતા, મન, વચન, કર્મની પવિત્રતા વગેરે પ્રેમપુષ્પની સુગંધિત પાંખડીઓ છે. પ્રેમ એ તો સમસ્ત અસ્તિત્વમાંથી વહેતી પવિત્ર ગંગા છે.

માનવ જીવનનો વિકાસ શરીર, મન અને આત્માની સ્વસ્થતા, સાત્વિકતા અને ઐક્યતાથી જ થઈ શકે છે. સત્યાચરણ જીવન વિકાસમાં પાયાની જરૂરિયાત છે. કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વનાં સર્વાંગી વિકાસ માટે માનવ જીવનનો સાત્વિક વિકાસ અતિ આવશ્યક છે.

વ્હાલાં આત્મીયજનો, આપ સર્વે આપના જીવનને સંસ્કાર, સુસંસ્કૃતિ, સત્ય અને આધ્યાત્મિક વિકાસની કેડી પર જ ચાલવાનું, વિકસાવવાનું લક્ષ્ય નક્કી કરજો. આપના વર્તમાન જીવન અને પરિસ્થિતિનું તટસ્થપણે મૂલ્યાંકન કરી, નબળી કડીઓને નાબૂદ કરી, સબળી કડીઓને મજબૂત બનાવી, સાત્વિકતાની સાંકળને મજબૂત બનાવજો.

આપણે આપણી જાતને તટસ્થપણે જાણવી જોઈએ. આપણી શક્તિ અને ક્ષમતાઓને પહેચાનવી જોઈએ. આપણામાં રહેલા સારા નરસા ગુણોનું તટસ્થપણે મૂલ્યાંકન કરીને આપણા જીવનનું ધ્યેય નક્કી કરવું જોઈએ. આપણાં સ્વપ્ન સિદ્ધ કરવા માટે સાત્વિક પુરૂષાર્થ કરવો જોઈએ.

આપણે જે ક્ષેત્રમાં વિકાસ સાધવો હોય તેને નિષ્ઠાથી વળગી રહેવું જોઈએ. આપણાં વાણી, વર્તન, વિચાર, લાગણી અને કાર્યને શક્ય એટલાં રચનાત્મક બનાવવા જોઈએ. આપણી ધ્યેયનિષ્ઠા હશે તો અવરોધો આપોઆપ સંકેલાઈ જશે, દૂર થઈ જશે અને માર્ગદર્શક પણ મળી રહેશે.

જો આપણું જીવન સુકાનવિહોણી નૌકા જેવું લાગે તો જિંદગીને એક નવા દૃષ્ટિકોણથી નિહાળીએ, તેને પ્રેમથી પકડીએ, આપણા વ્યવહારને બદલીએ. રચનાત્મક વિચારો કરીને કાર્યની નવી પદ્ધતિ અપનાવીએ.આપણો સાત્વિક પુરૂષાર્થ હશે તો સર્વ દિશાઓ સાનુકૂળ બનવા લાગશે. સફળતાના શિખરો સર કરી શકાશે.

આપણા જીવનને સફળતાની કલગીથી શણગારવું હોય તો જીવનને સમૃદ્ધ અને સુંદર બનાવનારા તત્વોમાં રુચિ દાખવવી જોઈએ. રસ લેવો જોઈએ. સફળતાની દિશામાં જો આપણે દોરવાઈશું તો સફળતા આપણી તરફ ખેંચાઈ આવશે જ, આ એક કુદરતી નિયમ છે. પરમની સૃષ્ટિમાં દરેક વ્યક્તિ સફળ થવાને જ સર્જાઈ છે. આવશ્યકતા છે ફક્ત સાત્વિક, સંનિષ્ઠ પુરૂષાર્થની. જીવનમાં સફળતા મેળવવાની અમૂલ્ય ચાવી છે - સ્વભાવની નમ્રતા, શાંતિ, સંતોષ અને સમાધાનથી જ જીવનને સારી રીતે માણી શકાય છે, ઝળકાવી શકાય છે.

વ્હાલા યુવાનો, વ્હાલા ચાહકો, આપ જીવનના કોઈપણ ક્ષેત્રમાં ઝંપલાવવા માગતા હો, કે તમારા મનગમતા ક્ષેત્રમાં ઝંપલાવી દીધું હોય તો પણ તમારા કાર્યક્ષેત્રમાં પરમાત્માને, તમારા ઈષ્ટ દેવને જ તમારા માલિક ગણજો. પરમાત્માની સાથે વત્સલ ભાવે પરામર્શ, પ્રાર્થના કર્યા પછી જ તમારા કાર્યની શરૂઆત કરજો. પરમાત્માની પ્રેરણા, માર્ગદર્શન, ગેબી સહાય, સુઝાવ મળી જ રહેશે. પરમાત્માને તમારી જીવન નાવના ખેવૈયા બનાવી દેજો, તમારા જીવન રથના સારથિ, સખા, બનાવી દેજો.

જીવનમાં સફળતા પ્રાપ્ત કરવાના કેટલાક અનુભવગમ્ય સૂચનો આપને જણાવું છું. અપનાવી જોજો, સફળતા અવશ્ય મળશે જ.

૧. આપ શું કાર્ય કરવા માંગો છો ? કાર્યની સ્પષ્ટતા સમજી લઈને

પછી જ કાર્ય કરવાનો દૃઢ સંકલ્પ કરી લો. ધ્યેય - લક્ષ્ય નક્કી કરી લો.

૨. આપની આંતરિક શક્તિઓ અને ક્ષમતાને પહેચાનો, તેના પર શ્રદ્ધા કેળવો અને શક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરો.

૩. આપના કાર્યક્ષેત્રના વિવિધ પાસાંઓ, સાધનોની સંપૂર્ણ માહિતી મેળવી લો.

૪. "હું સફળ થઈશ જ" એવી દૃઢ શ્રદ્ધા અને હકારાત્મક વલણ અપનાવીને જ કાર્યનો પ્રારંભ કરો.

૫. સમય, શક્તિ અને સાધનોનો યોગ્ય અને કરકસરયુક્ત ઉપયોગ કરો.

૬. દૃઢ નિષ્ઠાપૂર્વક કાર્ય કરવું, અવરોધો, અડચણોને ઓળંગવાનો, ઓગાળવાનો કે હટાવવાનો પ્રયત્ન કરતાં રહેવું, નાસીપાસ કે હતાશ થવું નહીં. પરમાત્માને પ્રાર્થના કરો, માર્ગદર્શન મળી જ રહેશે.

૭. કાર્યક્ષેત્રના વિકાસમાં, નવીનીકરણમાં આવતી પ્રત્યેક તકનો લાભ લો.

૮. એકી સમયે એક જ કામમાં એકાગ્રતા કેળવવાથી સમય, શક્તિ અને બુદ્ધિનો સદ્ઉપયોગ કરી શકાય છે.

૯. ઉત્સાહપૂર્વકના આનંદયુક્ત વાતાવરણમાં સહકારની ભાવનાથી કાર્ય કરવાથી ઉત્પાદન શક્તિ વધે છે.

૧૦. વિવેકથી વાત કરનાર, આયોજન કરનાર, સિફ્તથી કામ કરાવી અને કામ કઢાવી શકે છે, સહકાર મેળવી શકે છે.

૧૧. આપના વ્યાવસાયિક આયોજનમાં જનસેવાનો ખ્યાલ અવશ્ય રાખવો જોઈએ.

વ્હાલા આપ્તજનો, આપ આપના કોઈપણ આર્થિક, સામાજિક કે આધ્યાત્મિક ક્ષેત્રમાં સફળતા મેળવવાના મારા ઉપરોક્ત સૂચનોને જીવનમાં અપનાવશો તો સફળતા મળશે જ અને જીવન જીવવાની મઝા પણ આવશે. આશીર્વાદ

ૐ મા ૐ

સેવાના સીમાડાઓને પુષ્ટ કરો

તા. ૪-૯-૨૦૦૧ (સેવાદિન)

નિલોષા સેવાયજ્ઞના તપથી તપીને તીરથ બની ગયું છે. આધિ વ્યાધિ ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને માનસિક શાંતિનો અનુભવ કરાવતાં કરાવતાં ભરયુવાનીમાં પ્રવેશ કરી બાવીસ વર્ષ વીતાવી દીધાં. નિલોષાની આ ભૂમિમાંથી પરમશક્તિ મંત્ર **ૐ મા ૐ** ના સ્પંદનો આંદોલિત થતાં રહે છે.

માતા પિતાની નિષ્ઠાપૂર્વકની સેવાના ફળ સ્વરૂપે નિલોષા દંપત્તિ નલિનકાંત અને ઉષાબહેનના આ નિવાસસ્થાનને માતાજીએ સેવા કેન્દ્ર બનાવવા સંમતિ આપી. સેવા કેન્દ્રની ક્ષિતિજો વિશ્વમાં વિસ્તરતી ગઇ. કેટલાયે ભગ્ન હૃદયનું આશ્વાસન, સહાયક કેન્દ્ર નિલોષા બની રહ્યું છે. અહિંયાથી પ્રેમ, ભક્તિ અને સેવાની સરિતા વહે છે.

સેવાયજ્ઞના સંનિષ્ઠ સેવાવ્રત ધારી ભાઇ બહેનો નિ:શુલ્ક અને નિષ્કામ ભાવે સેવા આપી રહ્યાં છે અને સેવાયજ્ઞના આયોજનને દીપાવી રહ્યા છે.

નિલોષા રહે તીર્થધામ, જનસમુદાય કાજ
આશિષ માતની, સર્વે રહે આનંદથી
રડતા રડતા આવે, હસતા હસતા જાય
એવા નિલોષાનો, આજ ૨૩ મો જન્મદિન ઉજવાય
ભૌતિકતા સરી પડે, માખણ સરીખી
પ્રેમના પુષ્પો, શોભે હૃદય સિંહાસન પરે.

આપનો સેવાનો ભાવ સતત બની રહે તે માટે નમ્રતા અને દયાનો ગુણ કેળવતા રહેજો. માતાજીની મીઠી યાદ સતત મનમાં રાખવા પરમશક્તિ મંત્ર ૐ મા ૐ ના અજપાજપ મનમાં ચાલુ રાખજો, જેથી મમતાળુ ભાવ હંમેશાં મનમાં બની રહેશે. સેવાકાર્યમાં અહમ્, ઇર્ષ્યા રાગ દ્વેષને ભળવા ન દેશો. સેવાના

ક્ષેત્રમાં વ્હાલા દવલાંનો ભેદભાવ ન રાખશો. નિજી સ્વાર્થને વટાવવાનો પ્રયત્ન ન કરશો.

નિષ્કામભાવે સેવા કરશો તો કર્મબંધનથી બચી શકશો. સેવાના સીમાડાઓ વધારો, પ્રેમ અને પ્રસન્નતાથી તેને પુષ્ટ કરો

મારા આપ સર્વેને આશીર્વાદ છે.

ૐ મા ૐ

માત બેઠાં હતાં,
હું પાસમાં ઉભો હતો,
માત બોલતાં હતાં,
હું સાંભળતો હતો.
સેવા કર સકળ સંસાર તણી,
સમજાવ મન-વચન-કર્મ તણા,
પવિત્રતા તણા પાઠો સંસારી જનોને.
સમજાવ ષડ્‌રિપૂના સંહારતણા પાઠો,
જગતના માનવીઓને,
સમજાવ અંધશ્રધ્ધાને, વહેમને,
ભગાડવા જગતમાંથી,
સમજાવ સરળ રસ્તો ધર્મ તણો જગતને,
સમજાવ આ યુગમાં
નવું શાસ્ત્ર જગતને
સમજાવ માનવોને આત્મિયતા તણા પાઠો.

સેવા એક તપ છે.

તા. ૪-૯-૨૦૦૨ (સેવાદિન)

વહાલા આત્મીયજનો,

માતાજીએ સોંપેલા સેવાયજ્ઞની જ્યોત સત્તાવીસ વર્ષથી અવિતરપણે જલતી રહી છે. સેવાયજ્ઞની ક્ષિતિજો વિસ્તરતી રહી છે. માતાજી સમષ્ટિના શ્રેયાર્થે નૂતન સેવાના સોપાનો સર કરાવતાં રહે છે. ચોવીસ વર્ષથી નિલોષા સેવાતીર્થનું ગૌરવ પામી રહ્યું છે.

જ્ઞાતિ, જાતિ, ધર્મ, સંપ્રદાયના બંધન સિવાય કોઈપણ વ્યક્તિ, માનસિક શાંતિ, આધ્યાત્મિક પ્રાપ્તિ અને શારીરિક શક્તિ સંપન્ન કરવા નિ:શુલ્ક સેવાનો લાભ લે છે. માનવ અને પશુ પ્રેતાત્મા મુક્તિયજ્ઞ, ધરતીકંપ નિવારણ સેવા, જળ પ્રલય નિવારણ સેવા, સીમા સુરક્ષા યજ્ઞ, સ્વરક્ષણ મંત્ર પ્રદાન, વર્ષા નિમંત્રણ પ્રાર્થના મંત્ર વિગેરે વિવિધ સેવાના ક્ષેત્રો વિસ્તરતા જાય છે.

સેવાયજ્ઞની સાથે સાથે વિવિધ સેવાઓના ક્ષેત્રો સંભાળવા માટે સેવાભાવી, કાર્યકુશળ સેવકોનું પણ આયોજન માતાજી કરતાં રહે છે.

સંનિષ્ઠ સેવકો શોધવા કે નીમવા પડતા નથી. સ્વેચ્છાએ આવી જ જાય છે. અને નમ્રતાપૂર્વક પ્રેમથી સેવામાં જોડાઈ જાય છે. સેવા માંગવી પડતી નથી. સેવા શોધી લે છે.

સેવાનું ક્ષેત્ર એવું છે કે, તેમાં પ્રવેશ કરવા ઈચ્છતી ઉત્સુક વ્યક્તિએ સેવક તરીકે પોતાની પાત્રતા પિછાનવી પડે અને કેળવવી પડે. અહમ્ ઈર્ષા, સ્વાર્થ સેવાની પરિધમાં પ્રવેશવાં જોઈએ નહિં, નહિંતર સેવકનું માનસિક અને આધ્યાત્મિક અધ:પતન થાય.

સેવા એક તપ છે. હરએક પળે સેવકની પરીક્ષા થતી જ રહે છે. સંનિષ્ઠ સેવક બનવા માંગતા ભાઈબ્હેનો, આપ કોઈપણ

સંસ્થાની, સ્થાનની કે સંતસદ્‌ગુરુની સેવા કરવાનું સ્વીકારો તો સેવક થવા માટેની આપની પાત્રતા, યોગ્યતાને કેળવજો, સ્વમૂલ્યાંકન કરતા રહેજો. મારી દૃષ્ટિએ સેવક કેવો હોવો જોઈએ તે દર્શાવું છું.

૧. સેવકમાં સેવાભાવ, સહૃદયતા, સમભાવ અને સહનશીલતા હોવાં જોઈએ.
૨. સેવામાં નિષ્ઠા અને સમર્પણભાવ હોવાં જોઈએ.
૩. હંમેશાં પ્રસન્નવદન, નિખાલસ, નમ્ર અને વિનયી હોવો જોઈએ.
૪. હંમેશાં સ્વાર્થ અને સગાવાદથી દૂર રહે.
૫. અહમ્, માન, મોભો, હોદ્દો છોડીને સેવાનું કોઈપણ ક્ષેત્ર સંભાળવામાં ગૌરવ અનુભવે.
૬. સેવાના ક્ષેત્રમાં મમતા અને મમત્ત્વને સ્થાન ન આપે.
૭. સેવાના ક્ષેત્રમાં અન્યને ભાગીદાર બનાવવામાં કે તમારી સેવા અન્યને આપવામાં ગૌરવ અનુભવે. સંતોષ રાખે.
૮. તન, મન, અને ધનથી નિઃસ્વાર્થ સેવા કરે.
૯. સેવકે પોતાની નિષ્ઠાવાન, સેવા થકી માલિકની નિગાહમાં નહિં પણ હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરવા હંમેશાં પ્રયત્નશીલ રહેવું.

આપ સંનિષ્ઠ સેવક બનો. મારા આપ સર્વેને આશીર્વાદ છે.

ૐમાૐ

સૂતો હતો ને સ્વપ્ન આવ્યું,
હાકલ પડી છે સેવા તણી,
જાગીને જોયું તો,
સાક્ષાત્ મા ખડી છે.

સેવાનું સીલેક્શન ન કરો.

તા. ૪-૯-૨૦૦૩ (સેવાદિન)

વ્હાલા સેવાભાવી સ્વજનો,

નિલોષા તીર્થભૂમિમાં સેવાયજ્ઞના ચોવીસ વર્ષ આજે પૂરાં થયાં છે. અને પચીસમાં વર્ષનો પ્રારંભ થયો છે. સેવાયજ્ઞની દીપશિખાઓ વિશ્વમાં વિસ્તરી રહી છે. માતાજીની દિવ્યશક્તિ અને સંચાલનથી જ દેશ વિદેશમાં સેવાયજ્ઞ, શાંતિ, સહજતા અને સરળતાથી ચાલી રહ્યો છે.

માતાજીની પ્રેરણા અને સતત માર્ગદર્શનથી સેવાયજ્ઞમાં આવતા, આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત માનવોના મનને અને સમસ્યાઓનો હળવાં કરી શકાય છે, સુલઝાવી શકાય છે. મારા માધ્યમ દ્વારા થતી માનવસેવા મારા માનવબંધુઓમાં વિરાજીત શિવતત્ત્વની પૂજા બની રહે એજ અભ્યર્થના.

મારી સાથે સેવાયજ્ઞમાં પ્રત્યક્ષ કે પરોક્ષરીતે જોડાયેલા મારા વ્હાલા સેવકો, આપ સેવાનો મર્મ સમજીને જ સેવાના કાર્યમાં સમર્પિત થાવ તેવી મારી લાગણી અને વિનંતીને આપ અવશ્ય અનુમોદન આપશો તો જ મને આનંદ થશે.

સેવા શું છે તે સમજો અને પછી જ સેવાના ક્ષેત્રમાં પ્રવેશ કરવાનું ગૌરવ લો. સેવા એ પરમની પૂજા છે. નિષ્કામભાવે કરાયેલી સેવા જ જીવનનો યજ્ઞ અને મંત્ર બની રહેશે. અનાસક્તભાવે કરાયેલ કોઇપણ કર્મ પરમની પૂજા બની જાય અને મોક્ષનું દ્વાર ખોલી આપે. સેવામાં સમર્પણભાવ પાયાની જરૂરીયાત છે. સેવા હંમેશા નિઃસ્વાર્થ, નિષ્કામ, નિષ્કલંક, રાગ દ્વેષ રહિત હોવી જોઇએ. નિઃસ્વાર્થ સેવાથી જ હૃદય શુધ્ધ થાય છે, અહમ્ ઓગળે છે. આપ સર્વે નિષ્કામ સેવાના જ આગ્રહી બનો.

ઘોર નિરાશામાં ડૂબેલા, અટવાયેલા જીવનપથના યાત્રી પાસે આશાની હોડી લઇને પહોંચી જાવ. બૂઝાતી જતી તેની

શ્રધ્ધાની જ્યોતને, હિંમત અને આશ્વાસનનું ઇંધણ પૂરી તેની વાટને સંકોરીને સતેજ કરો. અંતરની મૂંઝવણનો માર્ગ મોકળો કરવા મમતાળુ હસ્ત પસવારી સાચા સહૃદયી શ્રોતા સ્વજન અને માર્ગદર્શક બનો. જીવનનો સાચો માર્ગ ભૂલેલા, લપસી ગયેલા, કુટેવોમાં ફસાયેલા યુવક યુવતીઓના સાચા સ્નેહી, મિત્ર, પથદર્શક બનવા પ્રયત્ન કરો.

રોગ, દર્દ, શોકથી વ્યથિત વ્યક્તિઓના તન, મન, ધનથી પરિચારક બનો, આધ્યાત્મિક ક્ષેત્રમાં પદાર્પણ કરવા કે વિકાસ કરવા ઇચ્છતા માનવો માટે તમે સેતુરૂપ બની જાવ. સંત, સદ્‌ગુરુનો સમાગમ કરાવી આપવા માટે નાવ બનવા તૈયાર રહો, સેવાના ક્ષેત્રમાં પદાર્પણ કર્યા પછી, સેવાનું સીલેકશન ન કરો, સેવાનું કોઇપણ નાનું મોટું કાર્ય પ્રભુની પૂજારૂપ સમજીને પ્રસન્નતાથી, પૂરી લગનથી અને પૂરા પ્રેમથી કરો, એકની એક સેવાને, સેવાકાર્યને વળગી રહેવાનો આગ્રહ તમારા અહમ્‌ને વધારશે, વળી અહમ્ અને રાગથી કલુષિત થયેલી સેવા તમારા કર્મબંધનમાં પરિણમશે.

સેવાના ક્ષેત્રમાં અન્ય સેવકની પ્રગતિ કે વિકાસ જોઇને આપણી માનસિક દુર્ગતિ થવી ન જોઇએ, કોઇના વિકાસને, પ્રગતિને રૂંધવાનો પ્રયત્ન ક્યારેય ન કરો. અહમ્, ઇર્ષ્યા, રાગ, દ્વેષ, કીર્તિ, એષણાના ભાવથી સેવાના પવિત્ર ક્ષેત્રને કલુષિત બનાવવામાં તમે સહભાગી ન બની જાવ, તેની સર્તકતા રાખી સાવધ રહેજો.

મારી સાથે સેવાયજ્ઞમાં પ્રત્યક્ષ કે પરોક્ષરીતે જોડાયેલા માતાજીના વ્હાલા બાળકો, માનવ સેવાના આદરેલા સેવાયજ્ઞની ગરિમાને સાચવજો, ભૂલેચૂકે પણ સ્વાર્થની આહૂતિ ન અપાઇ જાય તેની તકેદારી રાખજો. સમર્પણભાવને સેવાયજ્ઞની પવિત્ર શિખાઓથી સમૃધ્ધ કરજો. સેવાનું સીલેકશન ન કરો. સેવા કરવા માટે સ્વાર્થી ન બનો, સાત્ત્વિક બનો.

મારા આપ સર્વેને આશીર્વાદ છે. ૐમાૐ

વૈશ્વિક સેવા કેન્દ્ર - નિલોષા

તા. ૪-૯-૨૦૦૪ (સેવાદિન)

તીર્થભૂમિ નિલોષા એક વૈશ્વિક સેવાકેન્દ્ર બની ગયું છે. આ સેવા કેન્દ્ર તેના પચ્ચીસ વર્ષ પૂર્ણ કરી આજે છવ્વીસમાં વર્ષમાં પ્રવેશી રહ્યું છે. સેવા કેન્દ્રમાં પ્રજ્જવલિત થઈ રહેલી સેવાયજ્ઞની જ્યોત વિશ્વના વિવિધ દેશોમાં પ્રકાશી રહી છે. નિલોષા સેવાકેન્દ્રની સુવાસ આસપાસના વાતાવરણને મહેંકાવી રહી છે. ૐ મા ૐ ના મંત્ર ધ્વનિથી વાતાવરણમાં દિવ્યતા પ્રસરી રહી છે.

'નિલોષા'નું જડ આવાસ પણ ચેતનવંતુ સેવાકેન્દ્ર બની શકતું હોય તો તેનું પ્રારબ્ધ કેટલું ઉજળું હશે ! સાત્વિક સંપત્તિ, નૈતિક જીવન પ્રણાલી, પરોપકારની ભાવના અને ભગવત્‌ભાવથી પ્રચુર મન હોય તો જ જડ વસ્તુઓને ચેતનવંતી બનાવવાના નિમિત્ત બની શકાય. ઉષાબહેન અને નલિનકાંતભાઈના ભગવત્‌ભાવ પ્રચુર મને જ 'નિલોષા' તેમના આવાસને સેવાકેન્દ્ર બનાવવા માટે પ્રોત્સાહિત કર્યા. નિમિત્ત બનાવ્યા.

આપણે આપણા માનવદેહને સેવાકેન્દ્ર બનાવીએ તો કેવું ? નિલોષામાં માતાજીના આયોજન, આદેશ અને માર્ગદર્શન હેઠળ જ મને (રાજયોગી નરેન્દ્રજી) સેવાનું સુકાન સોંપીને જગતના જીવોની સેવાનું ભગીરથ કાર્ય આરંભી દીધું છે. સંસારમાં અટવાયેલાં, મૂરઝાયેલાં, ખોવાયેલાં, ભૂલા પડેલાં, ડૂબેલાં જીવોને સહાય કરવાનું સેવાકાર્ય અવિરતપણે ચાલી રહ્યું છે.

માનવ શરીરરૂપી મંદિરમાં વિરાજીત શિવતત્વની પ્રેરણા અને શક્તિથી આપણા જીવતત્વને સેવાકાર્યમાં પ્રવૃત્તિ કરીએ અને શરીરને જ સેવા કેન્દ્ર બનાવીએ. ભૂખ્યાં, તરસ્યાં, અટવાયેલાં, માર્ગ ભૂલેલાં, નિ:સહાય, માણસોને આપણી શક્તિ અને ક્ષમતા અનુસાર તન, મન, ધનથી નિ:સ્વાર્થભાવે ઉપયોગી થઈએ. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સક્રિય રીતે મદદ કરીએ. કોઈના હૈયાના ભારને હળવો કરવા તેમની વાતોનો વિસામો બનીએ. દુ:ખમાં

સહભાગી થઈએ. અટવાયેલાના માર્ગદર્શક બનીએ. આપણી રુચિ, જ્ઞાન, સમજણ, શક્તિ અને સમયની મર્યાદા અનુસાર સ્વયમ્ સેવાકેન્દ્ર બની જાવ. દિવસનો અમુક સમય, તમારી અનુકૂળતા પ્રમાણે તમારા સેવાકેન્દ્રના કમાડ ખુલ્લા રાખો. જ્ઞાતિ, જાતિ, ધર્મ કે વયના બંધન છોડીને માનવમાત્રને આવકારો, લોકો વિસામો લેવા, હળવા થવા, માર્ગદર્શન મેળવવા જરૂર આવશે જ. તન ઘસીને, મન મૂકીને, ધન ખર્ચીને હ્રદયના ભાવ સાથે સ્વજન સમ કરાયેલી, પરમની સૃષ્ટિના કોઈપણ જીવની નિ:સ્વાર્થ સેવા પરમાત્માને વધુ પ્રિય છે. આવી નિખાલસ સેવાભાવી વ્યક્તિઓને પરમાત્મા શક્તિ, સામર્થ્ય, સગવડ સ્વાસ્થ્ય અને સાધનો અનાયાસે આપતાં જ રહે છે. પરમાત્માની અવિરત કૃપાની વર્ષા તેમના પર થતી જ રહે છે. તમે સેવા કેન્દ્ર બનવાનું સ્વીકારો, પરમાત્મા સંચાલનની જવાબદારી સંભાળી લેશે.

મારા આપ સર્વેને આશીર્વાદ છે.

ૐમાૐ

ઓ બંધુઓ વ્હાલા મારા,
પામવા સુખશાંતિ સંસારમાં,
નાથો તમારી નજરને,
નાથો તમારા કર્ણને,
નાથો તમારી વાણીને,
નાથો તમારા ક્રોધને,
આ ચાર જે નાથી ગયા,
જીવન તણા બાગમાં પામી ગયા પુષ્પોને.

પ્રેમનો પુકાર

તા. ૭-૯-૨૦૦૧ (માનવતાદિન)

ગાયત્રી માતાના વહાલાં બાળકો,

આજે માનવતાદિન છે. આજે મારા ભૌતિક શરીરે સીત્તેરમાં વર્ષમાં પદાર્પણ કર્યું છે. માતાજીનો મમતાળુ, વાત્સલ્ય સભર, પ્રેમ નીતરતો સ્પર્શ મારા અણુએ અણુને નવપલ્લવિત કરી દે છે.

માતાજીનો અને મારો ભવોભવનો નાતો છે. અમારૂં સગપણ પ્રેમનું સગપણ છે. અને એટલા માટે જ દુન્યવી સબંધોથી પર આત્માની સગાઇ છે અને એટલા માટે જ મા ભગવતી મારા માટે સર્વોપરી, સર્વસ્વ છે. સબસે ઉંચી પ્રેમ સગાઇ આ દિવ્ય પરમશક્તિ મા ભગવતી સાથે મારી છે, કદાચ એટલે જ દુન્યવી, સંસારી સબંધો સાથે મારો મેળ જામતો નથી.

માતાજીના પ્રત્યક્ષ મિલનની રાહ જોવામાં મને આનંદ આવે છે. ૧૯૭૬ માં સપ્ટેમ્બરની પાંચમી તારીખની મધરાતે માતાજીનો પ્રથમ સાકાર સ્વરૂપે મેળાપ થયો ત્યારથીજ પ્રતિવર્ષે આજ દિવસોમાં સપ્ટેમ્બર ચારથી સાત તારીખ સુધીમાં મન માના મિલાપ માટે તલસી રહે છે. મન અધીરૂં બની જાય છે. વિચારોના વમળો મનમાં રચાયા કરે છે. માતાજીના મિલનના વિચારોમાં જ મનને વ્યસ્ત રાખવાનું મને ગમે છે. દિવ્ય પાગલ પ્રેમમાં હું ખોવાઇ જાઉં છું.

અને...અને માતાજીની મમતા સાકાર સ્વરૂપ ધારણ કરી મને વાત્સલ્યથી ભીંજવી દે છે. પ્રેમમાં હું જ અધીરો બની જાઉં છું તેમ નથી, દિવ્ય માની પણ એટલી જ અધીરાઇ વર્તાય છે. અમે એકબીજામાં ખોવાઇ જઇએ છીએ. ભક્ત અને ભગવાનનું મિલન. મા અને બાળનું મિલન, સ્વર્ગીય સુખનો આનંદ આપતું

એ મિલન કેટલું મીઠું, અમૃતમય હતું. મિલનની અવધિ પૂરી થાય છે અને પાછાં મીઠાં સંસ્મરણો, વાગોળવાનો સમય શરૂ થઇ જાય છે.

ઇશ્વરને પોતાના ઇષ્ટના રૂપમાં ઓળખ્યા પછીજ ભક્ત પરમના અસ્તિત્વનો અનુભવ કરવા લાગે છે. ઇશ્વરની શક્તિનો આર્વિભાવ પોતાનામાં થતો અનુભવે છે. ઇશ્વરની ઇચ્છાને સર્વોપરી ગણવા પ્રેરાય છે. સૃષ્ટિ નિયંતા સ્વયમ્ પરમાત્મા જ છે. જડ ચેતન સર્વમાં તે વ્યાપ્ત છે તેવી દૃઢતા સાથે ભક્તમાં સમત્વનો ભાવ કેળવાતો જાય છે.

કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વની સુખ શાંતિ માટે સમત્વનો ભાવ પ્રત્યેક વ્યક્તિમાં પ્રગટે તેવી સાંપ્રત સમયની માંગ છે. ભિન્ન ભિન્ન વિચાર સરણી ધરાવતી વ્યક્તિઓમાં પરમાત્માના અસ્તિત્વનો અહેસાસ થવો પણ શક્ય નથી, છતાં પણ પરમાત્મા સર્વવ્યાપક, સર્વશક્તિમાન અને સર્વત્ર વિલસી રહ્યા છે. એ હકીકતને નકારી શકાય પણ નહિ. સૃષ્ટિના સર્જન સંવર્ધન અને વિસર્જનનું કાર્ય દુનિયાની કોઇપણ વ્યક્તિ કરી શકવા સમર્થ નથી. વિજ્ઞાનની શક્તિ ઘણી જ વામણી પૂરવાર થાય. આજના વિજ્ઞાનીઓ કુદરતની, પરમાત્માની શક્તિનો આંબવાનો પ્રયત્ન કરી રહ્યા છે પરંતુ એ તો એક પ્રયાસ માત્ર જ કહી શકાય. આપણા પૂર્વજો, ઋષિ મુનિઓ પણ વિજ્ઞાનીઓ જ હતા, પરંતુ તેમનું વિજ્ઞાન અને વિશ્વના રહસ્યોની ખોજ પરમાત્માની શક્તિ, પ્રેરણા અને કૃપા પર જ અવલંબિત રહેતી.

ભૂતકાળમાં કંઇ કેટલા નામી અનામી મહાનુભાવોને પરમાત્માની પ્રેરણા મળતી, પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભવ, સાક્ષાત્કાર થયો છે, અને જગતની સેવામાં સમર્પિત થયા છે. વર્તમાન સમયમાં પણ કેટલાય સંતો, ફિરસ્તાઓ, બ્રહ્મજ્ઞાની આત્માઓને પરમાત્માના પોતાના ઇષ્ટના રૂપમાં દર્શન થાય છે,

પરમના પ્રસાદ, સહાય, માર્ગદર્શનનો અનુભવ થતો રહે છે.

સંતો, સાચા ભક્તો પાસે પરમાત્માને ચરણે ધરવા માટે શું હોય છે. પરમાત્માને તેના બાળકો પાસેથી શું જોઈએ છે? પરમાત્માને જોઇએ છે તમારા પ્રેમનો પુકાર, પ્રેમનો સાદ. તમે સાદ કરો અને પ્રતિસાદ રૂપે તમારા પર પ્રેમનો વરસાદ વરસાવશે. દ્રૌપદીએ સાદ કર્યો અને કૃષ્ણ ભગવાને ચીરનો વરસાદ વરસાવ્યો. નરસિંહ મહેતાએ કેદાર છેડયો અને ઘનશ્યામે પ્રેમનો વરસાદ વરસાવ્યો. અને અનેક સંસારી સમસ્યાઓમાં સહાય કરી. શબરીએ સાદ કર્યો અને રામજી તેની મઢૂલી શોધતા તેના આંગણે પહોંચ્યા. પરમાત્માને તેના બાળકો પાસેથી નિ:સ્વાર્થ, નિર્મળ પ્રેમ જોઇએ છે. પ્રેમનો ભાવ પરમાત્મા તેના ભક્તોની આંખોમાં જ વાંચી લે છે. પ્રેમમાં ભાષા પ્રદર્શિત કરવાની નથી હોતી, ફક્ત ભાવ જ પ્રદર્શિત થઇ જાય છે. ભાવ પ્રદર્શિત કરવા કોઇ આયાસની જરૂર પડતી નથી. વિધિ વિધાન, ભૌતિક ભેટસોગાદ ભાવ પ્રદર્શિત કરવાનું અશાશ્વત, ક્ષણિક સાધન માત્ર જ છે. જે સમયના વહેણમાં ભૂલાઇ જાય છે. ભૂંસાઇ જાય છે, તણાઇ જાય છે. નાશ પામે છે. પ્રેમ એક એવો ભાવ છે જે હૃદયમાં જ સ્થાન ગ્રહણ કરી શકે છે, અને આનંદના અશ્રુબિંદુઓ દ્વારા પ્રગટ કરી શકાય છે.

પ્રેમ એ તો જીવન છે. જીવનનો પ્રાણ વાયુ છે. પ્રેમ વગર જીવન મૂરઝાઇ જાય છે. પ્રેમ વ્યક્તિનો મોટામાં મોટો સદ્‌ગુણ છે. પ્રેમ પરમાત્માનું સ્વરૂપ છે. પ્રેમથી પાષાણને પણ પીગળાવી શકાય છે. ઇશ્વરનો સાક્ષાત્કાર કરવાનો સરળ રસ્તો પ્રેમ છે. વ્રજની ગોપીઓએ પ્રેમમાર્ગ દ્વારા જ કૃષ્ણના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

પ્રેમ અને મોહમાં ભેદ છે. મોહ માયામાંથી જન્મે છે અને

તેનું સ્વરૂપ, માત્રા, મનના તરંગોની જેમ વિકસે છે અને નાશ પામે છે. મોહ ક્ષણિક, અશાશ્વત છે. મોહમાં, સ્નેહમાં આપવાની સાથે લેવાનો, પાછું મેળવવાનો ભાવ છુપાયેલો રહે છે. મોહમાં સ્વાર્થ ભળેલો હોય છે. તેથી સંસારી સંબંધોમાં કટુતા, દુશ્મનાવટ, વેરઝેર પ્રવેશી શકે છે. પ્રેમમાં તો ફક્ત આપવાનો, ન્યોછાવર થવાનો ભાવ છે નિઃસ્વાર્થ, નિર્મળ પ્રેમ એક અવિરત વહેતી ધારા છે જે પરમાત્માના હૃદય સિંહાસન પર રાધા બનીને વિરાજી શકે છે.

સાંપ્રત સમયમાં પ્રેમ શબ્દનું અવમૂલ્યન કરવામાં આવી રહ્યું છે. સ્વાર્થી કામુક સબંધોને પ્રેમમાં ખપાવવામાં આવી રહ્યા છે. જે ખરેખર દુઃખની વાત છે. પ્રેમને શરીર સાથે કોઇ જ સબંધ નથી. પ્રેમનો તંતુ હૃદય સાથે જોડાય ત્યારે જ તેમાંથી આત્મીયતા, ઐક્યતા પ્રગટે છે, ગુરૂશિષ્ય વચ્ચેનો પ્રેમ, ભક્તનો ભગવાન પ્રત્યેનો પ્રેમ એ ન્યોછાવરી છે. અદ્વૈત ભાવ છે. પ્રેમ એક સંગીત છે જે સદાય આનંદ, શાંતિ અને સુખનો અનુભવ કરાવી શકે. ઋષિમુનિઓના આશ્રમોમાં પ્રેમનું એક સામ્રાજ્ય છવાયેલું રહેતું. નિર્દોષ, નિર્મળ, શાંત અને પવિત્ર વાતાવરણમાં પશુ-પક્ષીઓ પોતાનો સહજ જાતિય સ્વભાવ, ક્રૂરતા ત્યજીને ભાઇચારાથી સાથે જ હરતા ફરતા અને ચરતા. આજે પણ સંતો સદ્‌ગુરૂઓ પાસે પવિત્ર પ્રેમની ગંગા અવિરતપણે વહેતી જ રહે છે. વિવિધ વિચારસરણી સ્વભાવ, દુર્વૃત્તિઓ વાળી વિવિધ વ્યક્તિઓ સંતની સદ્‌ગુરૂની પ્રેમ ગંગાના વહેણમાં સાથે જ ડૂબકી મારવા આવે છે, પોતાની બૂરાઇઓ ધૂએ છે, સદ્‌વૃત્તિઓને પોષે છે. સંસારની સમસ્યાઓમાં માર્ગદર્શન મેળવે છે, શાંતિ મેળવે છે. સંતની પ્રેમ નીતરતી દૃષ્ટિ અને આશિષની વર્ષા તેના રોમેરોમને પુલકિત કરી દે છે. તેના વ્યક્તિત્વમાં સાત્વિક પરિવર્તન લાવી શકે છે. સાચો પ્રેમ

સંતના સાંનિધ્યમાં જ પ્રાપ્ય કરી શકાય જ્યાં ઉદારતા, દયા, સેવા અને સદ્ભાવનાનું જ સામ્રાજ્ય હોય છે. આપણે સહુ પરમાત્માના, મા ભગવતીના સાચા પ્રેમી ભક્ત બનીએ, પરમની સૃષ્ટિના પ્રત્યેક જડ ચેતન સર્જનમાં પરમાત્મા સ્વયમ્ સાકારરૂપે વિદ્યમાન છે તેવો ભાવ કેળવી, આપણો નિઃસ્વાર્થ, સાત્વિક પ્રેમ ન્યોછાવર કરીએ. કોઇનાય પ્રતિ રાગ દ્વેષ, ઇર્ષ્યા, ક્રોધ, કામુકતા નિંદાનો ભાવ ન રાખીએ તો પરમાત્માના પ્રેમની, કૃપાની વર્ષા આપણા પર સતત વરસતી રહે.

તમારાથી કદાચ દરરોજ તમારા ઇષ્ટદેવની છબીની, મૂર્તિની સેવા, પૂજા, અર્ચન કરવાનું ચૂકી જવાય તો પરમાત્મા તમને ક્ષમા આપશે પરંતુ તેની પ્યારી સૃષ્ટિના પ્રત્યેક સર્જનને અવગણવાનું પરમાત્માને પસંદ નહિં પડે.

પરમાત્મા કદાચ આપણા ઇષ્ટના સ્વરૂપમાં આપણને દર્શનનો લાભ ન આપી શકે પરંતુ તેના સર્જનના દર્શનનો લાભ તો આપણને હરપળે મળતો જ રહે છે. જરૂર છે ફક્ત આપણી દૃષ્ટિ, સમજ અને સ્વભાવ કેળવવાની. અહમ્‌ને શૂન્ય કરી પ્રેમ અને પ્રસન્નતાને વિકસાવીશું તો પરમાત્માના પ્રદેશમાં આપણે કાયમ વાસ કરી શકીશુ. સંસારમાં મોહ માયાની સગાઇ તોડો અને પ્રેમની જ સગાઇ બાંધો.

મારા આપ સર્વેને આશીર્વાદ છે.

ૐ મા ૐ

મનુષ્યતણી ગતિ સ્વાર્થી
દૂર રહી રહી કાંકરી ઉડાડે,
પ્રવાહો વાણીના તીર સમા વરસાવતા,
આંખો મહીંથી ઈર્ષ્યાતણો લાવારસ ટપકાવતાં,
આખી જિંદગી ખેલ ખેલી વિજયને બિરદાવતાં,
વૃધ્ધાવસ્થાએ બિછાને પડી, પસ્તાવો કરતાં.

સાત્વિક પુરુષાર્થથી જ સાત્વિક પ્રારબ્ધ નિર્માણ કરી શકાય.

તા. ૭-૯-૨૦૦૧ (માનવતાદિન)

વ્હાલા આત્મીયજનો,

મારી પાસે વ્યક્તિગત મુલાકાતમાં આવતા વિવિધ ક્ષેત્રના માણસો તેમના જીવનને સ્પર્શતા વિવિધ પ્રશ્નો સુલઝાવવા, માર્ગદર્શન મેળવવા માટે આવે છે. ત્રસ્ત માણસો ઉભરો ઠાલવે છે. આંસુઓ વહાવે છે, શરણાગતિ સ્વીકારી માર્ગદર્શન મેળવે છે. "કરિષ્યે વચનમ્ તવ." આપ કહેશો તે પ્રમાણે જ કરીશું અને વર્તીશું તેવો નિર્ણય કરીને મારી પાસેથી જાય છે. દરેક વ્યક્તિને તેમના સ્તરના જીવન સાથે જોડાયેલા પ્રશ્નો હોય છે. વ્યક્તિગત પ્રશ્નની ભીતર તેનું તનાવગ્રસ્ત માનસ પ્રગટ થતું જાય છે. તનાવમાંથી મુક્તિ મેળવવા અને શાંતિનો શ્વાસ લેવા વ્યક્તિ ઝંખે છે. સંપૂર્ણ શ્રધ્ધા અને શરણાગતિ ભાવથી મારા માર્ગદર્શન અનુસાર આચરણ કરવામાં આવે, પુરુષાર્થ કરવામાં આવે તો પરમની કૃપા તેના પર વરસે જ છે. કેટલાક નિર્બળ મનોબળ વાળા મુલાકાતીઓ માયાની માયાજાળમાં અટવાઇ જાય છે. કેટલાક દૃઢ મનોબળ વાળા મુલાકાતીઓના પ્રશ્નો સુપેરે સુલઝાઇ જાય છે.

અર્વાચીન યુગમાં માનવીએ જીવનની સુવિધાઓ મેળવવામાં વિકાસ જરૂર કર્યો છે. વિજ્ઞાનની ક્ષિતિજો વિસ્તારી સૃષ્ટિના વિવિધ રહસ્યો શોધી સુખનું સામ્રાજ્ય સ્થાપવા પ્રયત્ન કરી રહ્યો છે. ચંદ્રલોકની સફર કરી ત્યાંની માટી લાવી શક્યો છે. પરંતુ ચંદ્રની શીતળ ચાંદની જીવનમાં અને જગતમાં પાથરી શકતો નથી. ચંદ્રની કર્તવ્ય નિષ્ઠા, જીવનમાં અપનાવી શકતો નથી.

તનાવગ્રસ્ત જીવનમાંથી છૂટવા માણસ હવાતિયાં માર્યા કરે છે. નશીલા પદાર્થોથી ક્ષણિક તનાવ શમી શકે પરંતુ શાંતિ

મેળવવાનો સ્વાસ્થ્યમય જીવન જીવવાનો આ સાત્ત્વિક, શુધ્ધ, સરળ ઉપાય તો નથી જ ને !

કોમ્પ્યુટર અને સેલફોનના જમાનામાં દુનિયા એટલી બધી નજીક આવી ગઇ છે કે, માણસ પૃથ્વીના કોઇપણ વિભાગની, વસ્તુની કે વ્યક્તિની માહિતી, મુલાકાત કે મંત્રણા પોતાના બેડરૂમમાં કે લીવીંગરૂમમાં બેઠા બેઠા મેળવી શકે છે. માણસ બહારની વસ્તુઓ, વ્યક્તિઓ અને વ્યવહારમાં એટલો બધો વ્યસ્ત રહે છે કે, ઘરની વસ્તુઓ, વ્યક્તિઓ અને વ્યવહાર માણવામાં, સાચવવામાં તેની પાસે સમય, શક્તિ અને સ્નેહ રહેતો નથી. સ્વજનો સાથે હંસીમજાક કરવાનો, રમવાનો, જમવાનો અને આત્મીયતાથી વાતો કરવાનો, પોતાની સિધ્ધિઓમાં સહભાગી થવાનો, ગૌરવ અનુભવવાનો અવકાશ રહેતો નથી, જેથી ઘરથી, સ્વજનોથી તે છૂટતો જાય છે. તૂટતો જાય છે. અલિપ્ત થતો જાય છે. અસંતોષ, અશાંતિ અને અસુખનું વાતાવરણ સર્જાતું જાય છે. પ્રેમ, લાગણી, આત્મીયતાનો ભાવ ઘસાતો જાય છે. પૈસા અને પ્રતિષ્ઠા જ માણસના જીવનમાં ક્ષણિક સુખનો અહેસાસ કરાવી શકે પરંતુ પ્રેમ અને પ્રસન્નતા ઉભય પક્ષે એટલે કે વ્યક્તિ અને કુટુંબના સભ્યો પ્રત્યે હોય તો જ જીવનમાં શાંતિનો, સુખનો સંતોષનો અને સ્વાસ્થ્યમય જીવનનો ચિરકાળ અનુભવ કરી શકાય.

જગતમાં ઘણાય એવા માણસો છે, જેઓ જાગૃત અવસ્થામાં હોવા છતાં ય સૂતેલા જ છે. વિવેક, વિનય અને વિનમ્રતા જેમના જીવનમાં નથી તેઓ અંધારામાં જ અટવાયા કરે છે. સ્વકેન્દ્રિય વિચારસરણી ધરાવતી વ્યક્તિઓ પોતાના સુખ અને સ્વાર્થમાં જ રચ્યાપચ્યા રહે છે. અન્યના સુખ દુ:ખમાં સહભાગી થવાનો વિચાર સુધ્ધાં તે કરી શકતા નથી. ખાવું, પીવું. સંસાર વ્યવહાર ચલાવવો. આમ સંસારની આંટી ઘૂંટીમાં જ ઘાણીનાં બળદની જેમ જીવન પૂરૂં કરી નાખે છે. ભૌતિક સંપત્તિનું પોટલું આ જગતમાં છોડીને પોતે કરેલા સંચિત કર્મોનું

પોટલું લઇને સંસારમાંથી વિદાય થાય છે. બીજા જન્મે સંચિત કર્મો, પ્રારબ્ધરૂપે સાથે જ આવે છે. પ્રારબ્ધરૂપે મળેલ સાત્ત્વિક, રાજસિક અને તામસિક કર્મોનો પરિપાક ક્રમશઃ આ જન્મ અને અનેક જન્મો, જન્મજન્માંતર સુધી ભોગવવાં પડે છે. આપણાં પ્રારબ્ધ કર્મો જ આપણું સુખ, દુઃખ, સ્વર્ગ, નર્કનું નિર્માણ કરે છે. આસક્તિ યુક્ત, નફા નુકસાનની ગણતરીથી, ફળની અપેક્ષાથી કરેલું કોઇપણ કર્મ વ્યક્તિને બંધનકર્તા રહે છે. આમ કર્મબંધનના પરિપાકરૂપે માણસ જન્મ મરણના ચક્રમાં અટવાયા જ કરે છે.

સુખ, શાંતિ અને સંતોષયુક્ત જીવન જન્મજન્માંતર સુધી જીવવાનો દરેક વ્યક્તિને અધિકાર છે. દરેક વ્યક્તિ સુખ શાંતિની ખોજમાં તો જીવન પસાર કરે છે. પરંતુ સાચું સુખ અને શાંતિ કેવી રીતે મળે તેની તેને સાચી સમજ નથી, ના સમજને કારણે જ Trial and Error માં જ જન્મજન્માંતર સુધી અટવાયા કરે છે, ભટકયા કરે છે. સુખશાંતિની શોધ માટે જીવનનો કિંમતી સમય ન વેડફવો હોય તો, અને સાચો, સરળ રસ્તો અપનાવવો હોય તો થોડી ધીરજ, હિંમત અને વિશ્વાસ લઇને મારી પાસે આવજો. સુખ, શાંતિ અને સંતોષનો સરળ રસ્તો, સરળ દિશા, સરળ માર્ગદર્શન આપને મળી રહેશે.

૧. આપ એક સ્પષ્ટ સમજ કેળવવી લ્યો કે, આપનું શરીર એક શિવાલય છે, સ્થૂળ મંદિર છે અને શિવ પરમાત્મા, કે આપના મનગમતા કોઇપણ ઇષ્ટદેવ આત્મારૂપે શિવાલયના એક ગોખરૂપી હૃદયમાં બિરાજમાન છે.
૨. આ શરીરમાં વ્યાપી રહેલો જીવ તમારૂં સૂક્ષ્મ અને કારણ શરીર છે. આ જીવથી જ જીવન બને છે. આ જીવને શિવ તરફથી, એટલે કે આત્મા તરફથી કાર્ય કરવાની શક્તિ મળે છે. પ્રારબ્ધ કર્માનુસાર જીવ સુખ દુઃખ ભોગવે છે. આ જન્મના સાત્ત્વિક, રાજસિક કે તામસિક, આસક્તિયુક્ત કે અનાસક્તભાવે કર્મ કરવાનો પુરુષાર્થ તેના સાત્ત્વિક કે

અસાત્ત્વિક વાતાવરણ પર અવલંબે છે. વળી તેના ક્રિયમાણ, સંચિત કે પ્રારબ્ધ કર્મનો ભોગવટો તેના આ જન્મના વાતાવરણ અને પુરુષાર્થ દ્વારા જ નિર્માણ થાય છે.

૩. તમારો જન્મ અને તેની સાથે જોડાયેલા સુખ, દુ:ખ, સુવિધા, સંસ્કાર, સગાં સહોદર, તમારા પ્રારબ્ધ કર્મની પૂંજી છે. તમારે મને કે કમને, હસતાં કે રડતાં, સુખી થઇને કે દુ:ખી થઇને તેને અપનાવ્યા વગર, ભોગવ્યા વગર છૂટકો જ નથી, એટલે સુખમાં છકી ગયા વગર અને દુ:ખમાં દુ:ખી થયા વગર પ્રસન્ન વદનથી તેને ભોગવી લ્યો, રડો નહિ કે વ્યથિત થાવ નહિ.

આટલી મહત્વની હકીકત અને જ્ઞાન મગજમાં સ્થિર થઇ જાય તો પ્રારબ્ધને ક્યારેય પરમાત્માની સજા સમજીને દુ:ખી નહિ થઇએ, પરમાત્માથી વિમુખ નહિ થઇએ કે આપણી શ્રધ્ધાને વિભાજીત નહિ થવા દઇએ.

વર્તમાન જીવનમાં સુખ, શાંતિ અને સંતોષ મેળવવા અને ભવિષ્યના જન્મનું સાત્ત્વિક પ્રારબ્ધ નિર્માણ કરવા માટે આપણે આટલું તો અવશ્ય કરીએ જ.

૧. આપણી અંદર જ વિરાજીત શિવતત્વ સાથે સતત અનુસંધાન કરવાનો પ્રયત્ન કરીએ. પરમાત્મા આ જડચેતન સૃષ્ટિના માલિક છે તેમાં આપણે પણ આવી જઇએ. માનવદેહમાં રહેલ આત્મા જીવનકાળ દરમિયાન આ દેહના માલિક છે. માલિકની ઇચ્છા, આજ્ઞા, આદેશ, આદર્શ અને નિયમ અનુસાર જ જીવન જીવાવું જોઇએ તો જીવનમાં કોઇપણ રોગ, શોક કે વિસંવાદિતા ઉદ્‌ભવે જ નહિં.

૨. આ શરીરરૂપી શિવાલયમાં કોઇપણ અશુધ્ધિ જેવીકે કુટેવો, ખોટી આદતો, દુર્વૃતિઓને પ્રવેશ ન આપો, અને જો હોય તો મંત્રજાપ, નામસ્મરણ અને સત્સંગના સતત

વારિથી તેને સાફ કરી નાખો. શિવાલયના માલિક શિવજીને આનંદ પ્રસન્નતા, સાત્ત્વિકતા અને સદ્‌ગુણો જ અભિપ્રેત છે. માલિકના આદર્શો પ્રમાણે જ જીવન જીવીએ તો જ જીવનમાં સાચું સુખ, શાંતિ અને સંતોષનો અનુભવ કરી શકાય. તણાવમુક્ત થવા માટે સંયમ સભર જીવન જીવવાનો જ આગ્રહ રાખો.

૩. સંસારના, માયાના પ્રલોભનો, મોહ, માયા, મમતા, રાગ, દ્વેષ, કામ, ક્રોધ, ઇર્ષ્યા, નિંદા, અંહકારને દેહરૂપી મંદિરમાં, મનમાં પ્રવેશ ન આપો. પ્રવેશબંધી ફરમાવો.

૪. જીવનના વિવિધ ક્ષેત્રોમાં વિવિધ સ્વરૂપે બજાવવી પડતી જવાબદારી, ફરજને નિષ્ઠાપૂર્વક, પ્રસન્નતાથી, પ્રેમથી સ્વીકારો અને અદા કરો. એ જ તો સાચો ધર્મ છે. પરમાત્માને સાક્ષી ભાવે રાખી અંતરઆત્માના અવાજને અનુસરી નીતિમય જીવન જીવવાનો જ આગ્રહ રાખો.

૫. નિયમિત સ્વાધ્યાય, સત્સંગ, સદ્‌ગુરુનું માર્ગદર્શન આપણા જીવનના અંતરાયો, અવરોધો દૂર કરવામાં, સરળ કરવામાં મદદ કરે છે.

૬. નિયમિત ચિંતન, મનન, પ્રાર્થના અને પરમાત્મા સાથે ગોષ્ઠિ કરવાથી, નૂતન નિર્માણ કરવાની, નૂતન વિકાસ કરવાની પ્રેરણા, સ્ફૂરણાનું વહેણ અંતરમાંથી વહેવા માંડે છે. જ્ઞાનનો પ્રકાશ આપોઆપ જ પરમની કૃપાથી પ્રકાશિત થવા લાગે છે. નૂતન ચેતનાનો સંચાર થતો અનુભવાય છે.

૭. સાત્ત્વિક જ્ઞાનની, સમજની અભિવ્યક્તિ થવા લાગે એટલે જીવનમાં સુખ, શાંતિ, સંતોષ માટે ક્યાંય જવુ ન પડે, આપ મેળે જ અનુભવી શકાય.

આપ સર્વેનું જીવન સુખ શાંતિ અને સંતોષથી હર્યું ભર્યું બની રહે. તેવો સાત્ત્વિક પુરુષાર્થ કરવાનું બળ આપને મળતું રહે તેવા આશીર્વાદ. ૐ મા ૐ

પરમનો સાક્ષાત્કાર સાકાર નિરાકાર રૂપે શક્ય છે.

તા. ૭-૯-૨૦૦૩ (માનવતાદિન)

વ્હાલા આત્મીયજનો,

આજે માનવતાદિન છે. માનવે માનવતા પંથના પથિક, પ્રેરક અને સેવક બનવાનો દૃઢ સંકલ્પ કરવાનો પ્રેરણા દિવસ છે. મા ભગવતીએ પાંચમી સપ્ટેમ્બર ૧૯૭૬ની મધ્યરાત્રિએ સાકાર સ્વરૂપે પ્રગટ થઈ વાત્સલ્યની વર્ષા વરસાવી, આશીર્વાદ આપ્યા અને માનવ સેવાના કાર્યમાં જોડાઈ જવાનો આદેશ આપ્યો.

મારા જન્મથી જ મા ભગવતીએ આદરેલા માનવસેવાના કાર્યમાં સમર્પિત થવા માટે મને સર્વાંગી સક્ષમ બનાવ્યો. પયપાન દ્વારા અમૃત સિંચન કરી મારા આધ્યાત્મિક જીવનને, મારા સંસ્કારોને પુષ્ટ કર્યા. માતાજીએ નિજના સેવાયજ્ઞનું સાધન મને બનાવ્યો જે મારું અહોભાગ્ય છે.

સેવાયજ્ઞની ક્ષિતિજો વિશ્વમાં વિસ્તારીને તેના જ્ઞાન, શક્તિ, અને ક્ષમતાથી મને પુષ્ટ કરવાનું કામ માતાજી જ કરી રહ્યાં છે. પ્રતિવર્ષ સપ્ટેમ્બર મહિનાના આ મોંઘેરા દિવસોમાં મારી દિવ્ય માના સાકાર સ્વરૂપના દર્શન અને મીઠા વાત્સલ્યને માણવાની તાલાવેલી મારા મનમાં વધી જાય છે. માતાજીના સ્મરણ સંસ્મરણોને વાગોળવાનું જ મને ગમે છે. નાના બાળકની જેમ મારું મન પ્રતીક્ષા કરવામાં વ્યાકુળ બની જાય છે. અધીરૂં થઈ જાય છે.

મા બાળકના દિવ્યમિલનની થોડી ક્ષણો મારા સમસ્ત અસ્તિત્વમાં તાજગીનો, પ્રસન્નતાનો, જ્ઞાનનો ભંડાર ભરી જાય છે. માતાજી મને રસ રંગ અને આનંદથી સભર કરી દે છે, માતાજીનો મમતાળુ, મીઠો, મૃદુ સ્પર્શ, પ્રેમાળ દૃષ્ટિ, મીઠી જ્ઞાનસભર ગોષ્ઠિ, મારા આંતરબાહ્ય અસ્તિત્વમાં નૂતન ચેતનાનો સંચાર કરી દે છે.

વ્હાલા આત્મીયજનો, મા ભગવતીના દર્શનના અધિકારી, ભાગ્યશાળી આપ પણ બનો તેવી મારી અંતરની ઈચ્છા છે. માતાજીના દિવ્ય મિલનની, દર્શનની દિવ્ય પળોનો અનુભવ કરવા માટે પ્રેમના પાવક પંથ પર તમારો પ્રવાસ અને પ્રયાસ ચાલુ જ રાખો. પ્રેમી તેના પ્રિયતમ પાસે પહોંચે ત્યાં સુધી તેને શાંતિ મળતી નથી. માતાજીના કે આપણા ઈષ્ટદેવના સ્વરૂપના દર્શન થાય ત્યારેજ મન તૃપ્ત થાય છે. નહિંતર જીવનમાં કંઈક ઉણપ અશાંતિ, વર્તાયા કરે છે.

આપણા મનભાવન ઈષ્ટદેવના દર્શન આપણને બે રૂપમાં થઈ શકે, એક તો સાકાર સ્વરૂપ અને બીજું નિરાકાર સ્વરૂપ, સાકાર સ્વરૂપમાં આપણા ઈષ્ટદેવ શ્રી કૃષ્ણભગવાન, શ્રી રામજી, માતાજી, ગણપતિજી વગેરેનું પ્રગટ રૂપમાં દર્શન થાય.

નિરાકાર રૂપમાં પરમાત્માનું જ્યોતિ સ્વરૂપ, પ્રકાશપુંજ, સુવાસ, મધુર અવાજ, ધ્વનિ, મધુર મૃદુ સ્પર્શના અગોચર દર્શન, અનુભૂતિ થાય. આપણા અંતરમાંથી આનંદની, પ્રસન્નતાની ભરતીના સ્પંદનો વર્તાયા કરે, મીઠા રોમાંચથી સમસ્ત અસ્તિત્વ પુલકિત થઈ જાય, પરમાત્માના સત્યમ્, શિવમ્, સુંદરમ્ સ્વરૂપની અનુભૂતિ વર્તાયા કરે. અંતરાત્માનો અવાજ અને અગોચર આદેશો, માર્ગદર્શન, સ્પષ્ટ સાંભળી શકાય. અગોચર રૂપે પ્રસાદી પ્રાપ્ત થાય. આકસ્મિક રીતે તમારા આયાસ કે પ્રયાસ વગર તમારી સમસ્યાઓ પ્રશ્નો ઉકેલાઈ જાય, અણધારી મદદ આવી મળે. આવી આવી પરમાત્માની કૃપા પ્રસાદી મળે, અનુભૂતિઓ અનુભવવા મળે તો સમજજો કે, તમે પરમના પ્રીતિપાત્ર બની રહ્યા છો. પરમાત્માના પરોક્ષ કે નિરાકાર સ્વરૂપના દર્શન થઈ રહ્યાં છે.

પવનના દર્શન નથી થતાં, સુવાસ પ્રત્યક્ષ દેખી શકાતી નથી, તેની અનુભૂતિ જ થાય છે. તેવી જ રીતે પરમાત્માની કૃપાનો અનુભવ થતો રહે છે.

તમારાં આંતરબાહ્ય વ્યક્તિત્વ અને અસ્તિત્વમાં પરમનું પ્રથમ સ્થાન સ્થપાઇ જાય તો પરમાત્માના નિરાકાર અને સાકાર સ્વરૂપના દર્શન, અનુભૂતિ થવા લાગે જ. આપણી સત્સંગ કરવાની સાત્ત્વિક મનોવૃતિ અને સદ્‌ગુણોથી વિભૂષિત આપણું અસ્તિત્વ પરમાત્માને વધુ ગમે છે.

મંદિર, દેવસ્થાન કે યાત્રાના સ્થળોની મુલાકાત આપણામાં ક્ષણિક આનંદ, શાંતિ, અહોભાવ અને આલ્હાદકતાનો અનુભવ કરાવી શકે, સત્સંગ ઉપાસના માટે અભિરૂચિ જગાવી શકે પરંતુ આપણી નિયમિત ઉપાસના, જપ, ધ્યાન, ભક્તિ અને સત્સંગથી જ પરમાત્માની નિકટતા અનુભવી શકાય, અંતરાત્મામાં ડૂબકી મારવાની અને અંતરમાં જ આત્મારૂપે, ચૈતન્ય સ્વરૂપે વિરાજીત પરમાત્માને સાકાર કે નિરાકાર રૂપે પ્રગટ કરવાની પ્રેક્ટીસ કરવી જરૂરી છે. તમારા અંતરના પુકારનો પ્રતિસાદ તે જરૂર આપશે જ.

"NOTHING IS IMPOSSIBLE IN THIS WORLD"

આ દુનિયામાં કશું જ અશક્ય નથી. એવા દઢ સંકલ્પ સાથે સદ્‌ગુણોને વિકસાવો, અનિષ્ટતત્વોને તમારા આંતરબાહ્ય વાતાવરણમાં પ્રવેશબંધી ફરમાવો. સત્ય અને સાત્ત્વિક પ્રેમના પ્રદેશમાં જ વિહાર કરવાનું રાખો. મા ભગવતી આપના ઇષ્ટદેવના સ્વરૂપમાં આપને જરૂર દર્શન આપશે, સાથે રહેશે અને તેના અસ્તિત્ત્વની પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભૂતિ કરાવશે જ.

મારા આપ સર્વેને આશીર્વાદ.

ૐ મા ૐ

અહમ્ બ્રહ્માસ્મિના ઉચ્ચારણથી,
બ્રહ્મ થાવાતું નથી.
બ્રહ્મ થાવા માટે જન્મોના શુભ કર્મોતણું ભાથું જરૂરી છે.
એમાં મળે જો અમીમય આંખડી પરમતત્ત્વની,
બ્રહ્મ તો શું ! પરબ્રહ્મને પામી જાઓ.

પરમાત્મા આલિંગન આપશે જ.....

તા. ૭-૯-૨૦૦૪ (માનવતાદિન)

વ્હાલા પ્રેમના પારેવડાંઓ,

આપ સર્વેનું હાર્દિક સ્વાગત છે. આપની શુભેચ્છાઓ અને ભાવનાઓનો હું પ્રેમપૂર્વક સ્વીકાર કરું છું. દેશ વિદેશમાં વસતા ભાવિકો માટે સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહની પ્રતીક્ષા કંઈક વિશેષ અનુભવગમ્ય બની રહેતી હશે. આધ્યાત્મિક ઉત્સાહનું પર્વ માણવા ભાવિકો સેવાદિન ચોથી સપ્ટેમ્બરથી જ શ્રધ્ધા કુટીરમાં સંધ્યાટાણે સત્સંગ માણવા પધારે છે.

માતાજીના પ્રત્યક્ષ દર્શન કરવાની, અનુભૂતિ કરવાની, સાક્ષાત્કારની, દિવ્યવાણી શ્રવણની ઈચ્છા દરેક ભાવિકને હોય છે. કેટલાક ભાવિકો તો વળી એવું પણ કહેતા હોય છે કે, પૂજ્ય રાજયોગીજીને જો માતાજી સદેહે આવીને જન્મદિને વાત્સલ્ય વરસાવતાં હોય, આશીર્વાદ આપતા હોય, કાર્યયજ્ઞ વિષે માર્ગદર્શન આપતાં હોય તો અમે પણ માતાજીના અને ગુરુદેવના બાળકો છીએ ને! અમને પણ પૂજ્ય ગરુદેવના માધ્યમ દ્વારા માતાજીના પ્રત્યક્ષ દર્શન, અનુભૂતિ આશીર્વાદ અને માર્ગદર્શન મળે. કે નહિં?

વ્હાલા બાળકો,

આપને પણ માતાજીનો સાક્ષાત્કાર થઈ શકે, માર્ગદર્શન અને આશીર્વાદ મળી શકે, માતાજીની પ્રત્યક્ષતાની અનુભૂતિ પણ થઈ શકે. તમારી ઈચ્છા, તમારી ભાવનાઓ મને અને માતાજીને આવકાર્ય છે. માતાજીને પણ તમને પ્રત્યક્ષ મળવાની, માતૃવાત્સલ્ય વરસાવવાની ઈચ્છા અને અધીરાઈ છે જ.

એક ડૉક્ટર માતાપિતાના બાળકને પણ માતાપિતાની જેમ સફળ અને પ્રતિષ્ઠિત ડૉક્ટર બનવાની ઈજીછા છે પરંતુ ડૉક્ટર બનવા માટે બાળકે પણ વિવિધ પરીક્ષાઓ તો પાસ કરવી જ પડે, વળી સફળતા અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા માટે જરૂરી, યોગ્ય પુરુષાર્થ

તો કરવો જ પડે ને! આધ્યાત્મિકતાનાં ઉત્તુંગ શિખર પર પહોંચવા માટે તમારે પણ પુરુષાર્થ તો કરવો જ પડશે ને! તમારે ફક્ત આસક્તિનું આવરણ હટાવવાની અને માતાજીને પહેચાનવાની અને માતાજી દ્વારા તમને થતી અનુભૂતિઓને સમજવાની ક્ષમતા કેળવવાની જરૂર છે.

કેવો પુરુષાર્થ કરવો અને ક્ષમતા કેવી રીતે કેળવવી? તમારી અંતરતમ્ ઈચ્છા હશે તો દિવ્ય માર્ગદર્શન મળી જ રહેશે. મારા અનુભવના આધારે આપની આધ્યાત્મિક ક્ષમતા કેળવવા માટે અને સાત્વિક પુરુષાર્થ કરવા માટે જરૂરી માર્ગદર્શન કરું છું. અપનાવશો તો તમારી ઈચ્છા **"માતાજીના સાક્ષાત્કાર"**ની ફળીભૂત થશે.

૧. પ્રથમ જરૂરિયાત છે. આપણા તન અને મનની શુધ્ધિ. આહાર, વિહાર અને વ્યવહારમાં શુધ્ધિ અને સમતુલન. સત્સંગ, સ્વાધ્યાય અને સદ્ગુરુના શરણથી જ, તેમના આદેશોનું આચરણ કરવાથી જ મનની મલિનતા, મનના વિકારોને મિટાવી શકાય. મનોબળ મજબૂત કરી શકાય. આત્મજાગૃતિ લાવી શકાય.

૨. ભૌતિક સાધન, સંપત્તિ અને સગવડોમાં સંતોષનો ભાવ કેળવવો જરૂરી છે. સંતોષ હોય તો જ જીવનમાં શાંતિનું સુખ માણી શકાય. સગવડોનું સુખ ક્ષણિક હોય છે, વિભાજીત થતું રહે છે. જ્યારે શાંતિનું સુખ શાશ્વત છે. એષણાઓને ઓગાળ્યા પછી જ મનમાં સ્થિરતા, એકાગ્રતા આવી શકે છે. સાત્વિક વિચારોનું વાવેતર થઈ શકે. મન પરમાત્મા તરફ ઢળવા લાગે. સંતોષનો આવિર્ભાવ થતાં જ ક્ષમા, સહનશીલતા, નૈતિકતા અને અહિંસાનો ભાવ પ્રગટવા માંડે છે. પ્રભુ સ્મરણ, મનન, ચિંતનમાં મન પ્રવૃત્ત થવા લાગે છે. રુચિ દાખવે છે.

૩. નિયમિત ભાવપૂર્ણ ઉપાસનાની આદત પાડવાથી આપણા

ઈષ્ટદેવ, મા ભગવતી સાથે એક આત્મીય ભાવ જાગે છે, આત્મીય નાતો બંધાય છે. ઉપાસનામાં પરમાત્માના સ્મરણ અને સ્વરૂપને જ ભાવપૂર્વક કેન્દ્રમાં રાખીને તમે નામસ્મરણ, જપ, તપ, ભજન, કીર્તન, સેવા, પ્રાર્થના, પૂજા વગેરે ભક્તિની કોઈપણ પદ્ધતિ અપનાવો, પરમાત્માને તે સ્વીકાર્ય છે. એકવાર આત્મીયતા કેળવાઈ જાય પછી તો પરમાત્મા તમારા ઈષ્ટના સ્વરૂપમાં, તમારા મિત્ર, સખા, હિતેચ્છુના સ્વરૂપમાં, અરે, તમે પુકારો તે સ્વરૂપમાં તમને મળવા માટે આવશે. તમારી સર્વાંગી સંભાળ લેવાની જવાબદારી સ્વીકારી લેશે. પરમાત્માને જ તમારા જીવનનું કેન્દ્ર બિન્દુ બનાવો અને તમે તેની ત્રિજ્યામાં કેન્દ્રથી જોડાયેલા જ રહો. પરમાત્માનો સતત સ્પર્શ તમારી ચેતનાને ચેતનવંતી બનાવતો રહેશે. તમારા આભામંડળને વધુ પ્રકાશિત અને ઘટ્ટ બનાવશે.

૪. સંસારમાં આપણું અસ્તિત્વ કર્મ કરવા માટે અને પ્રારબ્ધ કર્મ ભોગવવા માટે જ છે. કર્મ કરાવવા માટે અને કર્મ ભોગવવા માટે... પણ આપણામાં શારીરિક, માનસિક અને આત્મિક શક્તિની જરૂર છે. આપણી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિનો સાત્વિક વિનિયોગ આપણું સાત્વિક, ઉજળું પ્રારબ્ધ નિર્માણ કરે છે. આપણું આત્મબળ વધારે છે. જીવનનાં ઝંઝાવાતો સામે ઝઝૂમવાની, જીતવાની ટક્કર ઝીલવાની ક્ષમતા, સહનશીલતા કેળવે છે. આપણું આત્મબળ આપણામાં જ વિલસિત આત્મરામની અનુભૂતિ કરાવી આપે છે. પરમાત્મા સાથે અનુસંધાન કરાવી આપે છે.

૫. જીવનમાં આધ્યાત્મિક પંથના પ્રવાસી બનવા માટે આધ્યાત્મના ઉત્તુંગ શિખરો સર કરવા માટે, હ્રદય સિંહાસન પર વિરાજીત આત્મતત્વની અનુભૂતિ કરવા માટે, પરમાત્માના સાકાર સ્વરૂપે દર્શન કરવા માટે, જીવનમાં ત્યાગ અને સંયમનો ગુણ

કેળવવો પડે. જીવન વ્યવહાર અતિ સરળ બનાવવો પડે. મન અને ઈન્દ્રિયો પર સંયમ કેળવવો પડે, એષણાઓનો ત્યાગ કરવો પડે.

પરમાત્માની કૃપા અને સંત સદ્‌ગુરુના આશીર્વાદ અને માર્ગદર્શનથી આપણો આધ્યાત્મિક પંથ સરળ બની શકે છે. પરમની અનુભૂતિ, સહાય, સાક્ષાત્કાર શક્ય બને છે.

આપ સર્વે આ પાંચ પગથિયાં ચઢી જાવ તો પરમાત્મા સ્વયમ્ એમનો હસ્ત લંબાવી આપને નિજની સમીપ ખેંચી લેશે, આલિંગન આપશે.

મારા આપ સર્વેને આશીર્વાદ છે.

ૐ મા ૐ

પ્રભુને ગળે લટકાવવા,
મોતીને વીંધાવું પડે.
પ્રભુને ગળે લટકાવવા,
ફૂલને કેદ થાવું પડે.
પ્રભુને ગળે લટકાવવા,
બીજો જન્મ લેવો પડે.
કરો કર્મો એવાં જગતમાં,
પ્રભુએ તમોને ગળે લટકાવવા પડે.

X

માયા તણું માદળિયું લટકાવ્યું.
હરખે હરખે ડોકમાં શોભાવ્યું.
દવ પેદા થયો માદળિયા મહીં.
જિંદગી આખી દઝાડતો.

જીવનની ક્ષણો

તા. ૯-૧૨-૨૦૦૨ (પાટોત્સવ)

વ્હાલા આત્મીયજનો

આજે ઉપાસના દિન છે. શ્રધ્ધા નિવાસમાં માતાજીના ૧૪ મા પાટોત્સવનું પાવન પર્વ છે. સમયના વહેણની સાથે સાથે શ્રધ્ધાની સુવાસ, ભાવિક ભક્તોની શ્રધ્ધાના સુમનને મહેંકાવી રહી છે. સંધ્યા ટાણે ભાવિકો શ્રધ્ધાની સુવાસ, શાંતિ અને સત્સંગ માણવા ઉમટે છે. સંસારની સમસ્યાઓ અને પળોજણોથી થાકેલું તન અને મન 'શ્રધ્ધા'માં શાંતિ અનુભવે છે. સધિયારો મેળવે છે.

આમ જોવા જઇએ તો માનવ જીવન દ્વંદ્વોથી ભરેલું છે. સુખ દુ:ખનાં ચઢાવ-ઉતાર માનવ મનને શાંતિ, અશાંતિના વમળોમાં ફંગોળાતા રહે છે. સુખ અને દુ:ખની ક્ષણોમાં સમતા રાખવાની સમજણ અને ક્ષમતા સત્સંગ દ્વારા મેળવી શકાય છે. સુખ અને દુ:ખ તો માનવ જીવનની ઘટમાળમાં વણાઇ ગયાં હોય છે. વળી માનવ જીવન તો સમયના વહેણમાં વહેતું જ રહેવાનું છે. ક્ષણ ક્ષણના સરવાળામાં, શ્વાસ ઉચ્છ્વાસના આવાગમનમાં જીવન સરકતું રહે છે. જન્મ અને મૃત્યુ, જીવનનો ઉદય અને અસ્ત, દિવસ અને રાત્રિની જેમ પરમાત્માની સૃષ્ટિમાં અવિરતપણે ચાલ્યા જ કરે છે.

જીવનની સરી જતી ક્ષણોને સાત્ત્વિક સુખદાયી બનાવવી તે આપણા હાથની, આપણા પુરુષાર્થની વાત છે. આપણા સાત્ત્વિક પુરુષાર્થથી.....

૧) જીવનના પ્રત્યેક શ્વાસ ઉચ્છ્વાસને સભાનતાથી મંત્રમય, નામસ્મરણમય બનાવી દઇએ.

૨) જીવનની પ્રત્યેક ક્ષણને પરમના સતત સ્મરણ અને સાનિધ્યમાં જ વિતાવીએ.

૩) જીવનનું પ્રત્યેક કાર્ય પરમની પ્રીતિ અર્થે જ કરીએ.
૪) જીવન વ્યવહારમાં બજાવવી પડતી ફરજોને પરમની પૂજા સમજીએ.

આમ તો ક્ષણ ક્ષણના સરવાળાથી જ જીવન બનતું હોય છે. જીવનની વર્તમાનમાં રહેલી ક્ષણ જ જીવન છે. વહી ગયેલી ક્ષણ મૃત્યુ છે. જીવનની વર્તમાન ક્ષણ સુખમય, મંગલમય, કલ્યાણમય બનાવી શકાય તો જ મૃત્યુ સુખમય, મંગલમય, કલ્યાણમય બની શકે. વર્તમાન ક્ષણનો સદ્ઉપયોગ જ સાત્ત્વિક જીવન સર્જી શકે.

જીવન પ્રવાહમાં અમુક ક્ષણો દેવદૂત બનીને આવે છે. આવી અમૂલ્ય, કલ્યાણકારી ક્ષણો જ માનવજીવનમાં આમૂલ પરિવર્તન લાવી શકે છે. જીવન પ્રવાહને આનંદમય, મંગલમય બનાવી દે છે. આપણે જીવનની દરેક ક્ષણનો સદ્ઉપયોગ કરીને, સાત્ત્વિકતાથી સભર કરવાની આદત પાડીએ અને સતત જાગૃત રહેવાનો પરિશ્રમ કરીએ તો દેવદૂત સમી સાત્ત્વિક ક્ષણો માનવ જીવનને આધ્યાત્મિક ગુરુશિખર પર પહોંચાડવા, બિરાજમાન કરાવવા સક્ષમ બની શકે છે. આપણા શરીરના પ્રાણમય કોષમાં ઓમકારનો, સોડહમ્‌નો ધ્વનિ ગૂંજતો રહે છે શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા દ્વારા “સોડહમ્” ધ્વનિ સાંભળી શકાય છે. નિયમિત પ્રાણયામથી શ્વાસોચ્છ્‌વાસનું નિયમન કરી શકાય છે અને સોડહમ્ ગૂંજારવને સ્પષ્ટ સાંભળી શકાય છે.

આપણા સાત્ત્વિક વાણી, વર્તન અને વ્યવહારથી આપણી ભીતરના મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય કોષ ખુલ્લા થાય છે. પરમની નજદીક હોવાનો અહેસાસ આપણને થવા લાગે છે.

આપણા સાત્ત્વિક પૂજાયુક્ત વ્યવહારથી આપણા સુખ, શાંતિનો સરવાળો વધતો જાય છે. આપણા વ્યક્તિત્વમાં નિખાર આવે છે. આપણું આભામંડળ વધુ તેજસ્વી અને

પ્રતિભાશાળી બને છે. આપણા વ્યવહારમાં વિનય, વિવેક અને નમ્રતા આવે છે, અહમ્ભાવ ઓગળી જાય છે. જીવનની પ્રત્યેક ક્ષણને સાત્ત્વિક બનાવવાનો આપ આજથી જ દ્દઢ સંકલ્પ કરશો તો બગીચામાં ખીલેલા, મહેંકતા, પુષ્પોના પમરાટ જેવું આપનું જીવન પણ પરમના બગીચાનું પુષ્પ બની, જીવન સુવાસને સમાજમાં પ્રસરાવી શકશો. પરમની સૃષ્ટિને સાત્ત્વિકતાથી સભર કરવા, સજાવવા આપણા જીવનની પ્રત્યેક ક્ષણને સમર્પિત કરીએ.

મારા આપ સર્વેને આશીર્વાદ ॐ મા ॐ

બાળપણ એટલે પંખી તણો માળો,
ભણતરનાં વર્ષો એટલે રેલગાડી,
યૌવનનાં વર્ષો એટલે ઘૂઘવતો સાગર,
સંસારનું બંધન એટલે ગાડા તણો બળદ,
વૃધ્ધત્વ એટલે પૂરાણો કોથળો.

X

વૃક્ષ આંબા તણું ધારણ કરે અમીરીને,
નીચા નમી જગતને નમન કરતા એવું દીસતું
માનવ ધારણ કરે અમીરીને
જગત તણા વ્યવહારમાં અકડાઈ દીસતી રે માનવ,
અબોલ વૃક્ષ મૂક રહી જ્ઞાન અર્પે જગતને,
જગત તણા માનવીને તે જ્ઞાન સમજાતું નથી.

સાત્વિક વિચારોનું વાવેતર કરીએ.

તા. ૯-૧૨-૨૦૦૪ (પાટોત્સવ)

મારા વહાલા માનવ બંધુઓ,

"મારે મારા માનવ બંધુઓની સેવા કરવી છે. મારે મોક્ષ નથી જોઈતો" પ્રથમ સાક્ષાત્કાર વેળાએ આવા ઉમદા વિચારો કેવી રીતે ઉદ્ભવ્યા હશે, અને પ્રાર્થના રૂપે વાણી દ્વારા પ્રવાહિત થયા હશે. તેનો મને ખ્યાલ નથી, પરંતુ માતાજીની ઈચ્છા અને કૃપા વગર આવા વિચારોનું વહન શક્ય નથી.

સામાન્ય વ્યક્તિ ભૌતિક સપાટી વટાવી શકતી નથી. સંત, સદ્ગુરુ કે દેવસ્થાનમાં પરમાત્મા પાસે દરરોજ સત્સંગ કે દર્શન કરવા જતા હોવા છતાં એ પવિત્ર જ્ઞાન ગંગામાં ડૂબકી મારીને મનનો મેલ ધોઈ શકતા નથી.

આજના ઉપાસના દિનના પાવનકારી પર્વે આપણે દૃઢ સંકલ્પ કરીએ કે

૧. આપણે આપણા મનનું ખેડાણ કરીએ.
૨. ઉમદા સાત્વિક વિચારોનું વાવેતર કરીએ.
૩. અધમ વિચારોનું નિંદામણ કરી મનમાંથી કાઢી નાખીએ.

ઉમદા અને સાત્વિક વિચારોથી જ આપણા જીવનનું નિર્માણ કરીએ. આપણાં વિચારોથી જ આપણાં જીવનનો આકાર ઘડાય છે. માનવ જીવન વિચારોનું આકાર માત્ર છે. ઉમદા વિચારો સજ્જન અને અધમ વિચારો દુર્જન જીવનની આકૃતિ ઘડે છે.

ઉપાસના, ભક્તિ, સત્સંગ માટે આપણે માન લગન ધરાવીએ છીએ તેવી જ લગન આપણા ઉમદા વિચારોની હોવી જરૂરી છે. રાગ, દ્વેષ, ઇર્ષ્યા, નિંદા, લોભ, મોહ જેવા દુર્વિચારો મનમાં પ્રવેશે નહિં તેની સતર્કતા દાખવવી જોઇએ. ખેતરમાં ચાડિયો મૂકવામાં આવે છે તેવી રીતે મન રૂપી ખેતરમાં સાત્વિક વિચારોનો મોલ(પાક) ઉજ્જડ ન બની જાય તે માટે મનના દરવાજે વિવેક

રૂપી ચાડિયો મૂકવો જોઇએ.

આપણાં સાત્વિક ઉમદા વિચારોનો પ્રભાવ આપણાં વાણી, વર્તન અને વ્યવહારમાં વર્તાય છે. ઉમદા વિચારો આપણને સુખ આપે છે, શાંતિ અને સંતોષ પ્રદાન કરે છે, જ્યારે અપવિત્ર નિમ્નકક્ષાના વિચારો વ્યક્તિને દુઃખ અશાંતિ આપે છે.

દરેક વ્યક્તિની અંદર મહાન શક્તિઓ છુપાયેલી છે. આ સુષુપ્ત શક્તિઓને પિછાનવાની, જાગૃત કરવાની અને સપાટી પર લાવવાની જરૂર છે. આપણું ચિત્ત એ માઇક્રો ચીપ્સ છે. સુષુપ્ત શક્તિઓ, સુષુપ્ત જ્ઞાન આપણાં ચિત્તમાં સંગ્રહાયેલું જ છે. આપણે આત્મવિશ્વાસ કેળવી, આપણી શક્તિને, જ્ઞાનને જાગૃત કરવાની જ જરૂર છે.

આત્મચિંતન, મનોમંથન અને મૌન દ્વારા જ તેનું વલોણું કરી શકાય અને નવનીતને પામી શકાય. આપણી શક્તિઓને ઉર્ધ્વગામી બનાવી સ્વ અને સમષ્ટિના શ્રેયાર્થે વાપરી શકાય, વાળી શકાય. આપણી સમસ્યાઓ આપણે જાતે જ સુલઝાવી શકીએ. આપણાં વિવેકને હંમેશા જાગૃત રાખી શકીએ.

માનવ મન મહાશક્તિશાળી છે. માનવતા પ્રત્યેનું તેનું વલણ માનવીને મહામાનવ બનાવી શકે અને દાનવતા પ્રત્યેનું તેનું વલણ તેને દાનવ, દુષ્ટ, દુરાચારી બનાવી શકે.

સુસંસ્કારો ઘર-કુટુંબનું સંસ્કારી, સાત્વિક વાતાવરણ, સ્વાધ્યાય, સત્સંગ, સંતસમાગમ અને સદ્ગુરુના માર્ગદર્શનથી જ મનને પવિત્ર વિચારોથી સભર બનાવી ઉર્ધ્વગામી બનાવી શકાય.

મનમાં ઉદ્ભવતા પવિત્ર વિચારોના વહેણમાં મગરમચ્છની જેમ દુર્વૃતિઓ, કુવિચારો જેવા કે રાગદ્વેષ, ઇર્ષા, નિંદા, મોહ, અહમ્ આસક્તિનો પ્રવેશ ન થાય તેની તકેદારી રાખવી જોઇએ.

આત્માનો ઉધ્ધાર, આત્મવિકાસ, સ્વની પહેચાન એજ મનુષ્ય જીવનની સાર્થકતા છે. સંયમ અને વિવેકથી જ મન પર નિયંત્રણ રાખી શકાય છે, મન પર નિયંત્રણ રાખી શકાયું છે. તેની ખાતરી કરવી હોય તો વ્યક્તિએ આત્મનિરીક્ષણ કરવું પડશે.

ખાત્રી કરવી પડશે કે, પોતાના વાણી, વર્તન વ્યવહારમાં પરિપક્વતા આવી છે, સહનશીલતા કેળવાઈ છે, ક્ષમાભાવ વર્તાય છે, પોતાના આંતરિક જીવનમાં સદ્‌ગુણોનું પ્રાધાન્ય અનુભવી શકે છે.

દયા, પ્રેમ, સંતોષ જેવા ગુણોનું અનાયાસે જ આચરણ થઈ જાય છે.

વ્હાલા આત્મીયજનો, આપના મનમાં ઉમદા વિચારોનું વાવેતર કરવાનો દૃઢ સંકલ્પ કરો.

મારા આપ સર્વેને આશીર્વાદ છે.

ૐ મા ૐ

નથી જોવા રંગમંચો દુનિયા તણાં,
જ્યાં જ્યાં પધારે માત, તે મુજનાં રંગમંચો
નથી માણવી મહેફિલો દુનિયા તણી
જ્યાં જ્યાં માત મુજ સાથે બેસે એ મુજની મહેફિલો,
નથી જમવું મનગમતું દુનિયા તણું
શબ્દો સૂણું માતતણા, તે મુજનું ભોજન
નથી ખપતા મોજશોખો દુનિયા તણા,
જ્યાં જ્યાં મળે સાનિધ્ય માતતણું
એ જ મુજનાં મોજશોખો.
નથી મેળ ખાતો મુજનો આ દુનિયા મહીં.
મુજ તણો મેળ માતની સાથ આ દુનિયા મહીં.

શિવત્વને જાગૃત કરીએ.

તા. ૧-૩-૨૦૦૩ (શિવરાત્રી)

વ્હાલા શિવઉપાસકો અને ઉપાસિકાઓ,

આજે શિવરાત્રી છે. આપણામાં શિવત્ત્વને જાગૃત કરવાનો, વિકસાવવાનો અને લોકાભિમુખ કરવાનો મંગલ દિવસ છે, મંગલ પર્વ છે. શિવત્ત્વ એટલે વ્યક્તિમાં વિલસી રહેલ કલ્યાણકારી સાત્ત્વિક તત્ત્વ. દરેક વ્યક્તિમાં તેની ક્ષમતા અને તેના પ્રારબ્ધ અનુસાર શિવત્ત્વ સમાયેલું હોય છે. સાત્ત્વિક, સદ્‌ગુણી તત્ત્વ એજ શિવત્ત્વ અથવા દેવત્ત્વ.

માનવ જીવન દૈવી, માનવીય અને દાનવીય વૃત્તિઓનું સંમિશ્રણ છે. આ ત્રણે વૃત્તિઓના ચઢાવ ઉતારમાં જ માનવજીવન વ્યતીત થઈ જાય છે.

સંસ્કાર, પ્રારબ્ધ, પુરુષાર્થ અને વાતાવરણ માણસના વાણી, વર્તન અને વ્યવહાર પર સારી, માઠી અસર કરે છે. સાત્ત્વિક સંસ્કાર, શિક્ષણ, સંતસમાગમ અને સદ્‌ગુરુનું સાનિધ્ય, માર્ગદર્શન અને આશીર્વાદ જીવનના વહેણને ગટરમાંથી પવિત્ર ગંગાના પ્રવાહમાં પરિવર્તિત કરી શકે છે.

માણસ જો દ્રઢ સંકલ્પ કરેતો દેવ બની શકે, મહામાનવ બની શકે. દૈવી ગુણોને અપનાવવાનો, અને વિકસાવવાનો સતત પુરુષાર્થ તેમજ લોકકલ્યાણ અર્થે તેનો સાત્ત્વિક વિનિયોગ કરનાર વ્યક્તિ પર પરમાત્માની કૃપા દ્રષ્ટિ, અમીવર્ષા સતત થતી રહે છે.

આપણામાં રહેલ શિવત્ત્વ એટલે સાત્ત્વિક તત્વને જાગૃત કરવા માટે આપણી અંદર વિલસી રહેલ ચૈતન્યતત્ત્વને, આત્મતત્ત્વને આપણા જીવન પ્રવાહનું પ્રેરકબળ સમજી તેની સાથે ગોષ્ઠિ કરવી, પ્રાર્થના કરવી, વિચારોની આપલે કરવી, વિચાર વિમર્શ કરવો. અંતરાત્માના અવાજને સાંભળવો અને

અનુસરવો.

" God is with me, I am not alone"

“પરમાત્મા મારી સાથે જ છે હું એકલો નથી” આવો ભાવ મનમાં હંમેશાં રાખવાથી આપણને જીવનમાં શાંતિ અને નિર્ભયતા વર્તાવવા લાગશે. આપણી અંદર સુષુપ્ત પડેલી, છૂપાયેલી સાત્ત્વિક શક્તિઓ જાગૃત થવા લાગશે. કાર્યાન્વિત થવા લાગશે.

શિવત્ત્વ જાગૃત થયા પછી તેને આપણી અંદર રહેલા પાંચ કોષોને - પુષ્ટ કરવા પડે.

૧.	અન્નમય કોષ	૨.	પ્રાણમય કોષ
૩.	મનોમય કોષ	૪.	વિજ્ઞાન કોષ
૫.	આનંદમય કોષ		

આ પાંચ કોષો આપણા વર્તમાન જીવન તેમજ જન્મજન્માંતરનો વારસો છે. આપણાં સ્થૂળ સૂક્ષ્મ અને કારણ શરીરનો વિકાસ પણ આ પાંચ કોષો પર આધારીત છે.

૧. **અન્નમય કોષ** - ને પુષ્ટ કરવા માટે સાત્ત્વિક, સમતોલ, સપ્રમાણ આહારને પરમાત્માનો પ્રસાદ સમજીને ઉલ્લાસમય વાતાવરણમાં લેવામાં આવે તો શરીરને સાત્ત્વિક પોષણ મળી રહે. જેનાથી શરીર સ્વાસ્થ્ય અને સૌષ્ઠવ જળવાઈ રહે. સાત્ત્વિક આહારથી તૈયાર થતા શરીરના રસાયણો શરીરના કોષોને પુષ્ટ કરવામાં મદદ કરે છે. વળી પરમાત્માની કૃપાશક્તિ આપણા રોમેરોમમાં પ્રવાહિત થાય છે.

૨. **પ્રાણમય કોષ** - શુધ્ધ, સાત્ત્વિક હવા અને નિયમબધ્ધ શ્વાચ્છ્રોશ્વાસથી પ્રાણમય કોષ પુષ્ટ થાય છે. નિયમિત પ્રાણાયામથી શરીરના કોષોમાં ચેતના પ્રવાહિત થાય છે. પ્રાણાયામથી શ્વાચ્છ્રોશ્વાસની ક્રિયાને તાલબધ્ધ કરી શકાય છે. નિયમિત કસરત, પ્રાણાયામ અને પરમની સાત્ત્વિક,

શુધ્ધ સૃષ્ટિમાં વિહાર કરવાથી પ્રાણમય કોષનો વિકાસ થતો રહે છે.

૩. **મનોમય કોષ** - મન એ સારા નરસા વિચારોનો પ્રવાહ માત્ર છે. મનના પ્રવાહને નિયંત્રિત કરવા માટે દ્રઢ મનોબળની જરૂર પડે, મનને મૌન અને ધ્યાન દ્વારા અંતર્મુખ રાખવા પ્રયત્ન કરવો પડે, દ્રઢ મનોબળ કેળવવા માટે, જીવનની આવશ્યકતાઓ અને ઈચ્છાઓનું વિશ્લેષણ કરી ઈચ્છાઓ - એષણાઓના તરંગોને વિહરવા ન દો. રાગ, દ્વેષ, ઈર્ષા અને અહમ્‌ને તટસ્થ ભાવે નિરખવાની આદત રાખીએ તો લાગણીના પ્રવાહમાં ખેંચાઈ જવાય નહિ. સ્વાધ્યાય સત્સંગ, સ્મરણ અને ધ્યાન મનોબળ વધારવામાં મદદ કરે છે. મનોમય કોષ પુષ્ટ થાય છે. મન આત્માના નિયંત્રણમાં, અંકુશમાં રહે છે.

૪. **વિજ્ઞાનમય કોષ** - દરેક વ્યક્તિના ચિત્તમાં સ્મૃતિઓનો, અનુભવોનો, જ્ઞાનનો વિપુલ ભંડાર ભરેલો છે. આપણું ચિત્ત એક કોમ્પ્યુટર જેવું છે. સ્વાધ્યાય, સત્સંગ, ધ્યાન અને ભક્તિ દ્વારા આપણા આ જ્ઞાનના ભંડારને ખોલી શકાય છે. પરમની સૃષ્ટિના વિવિધ રહસ્યોને જાણી અને માણી શકાય છે. જન હિતાર્થે તેનો વિનિયોગ કરી શકાય છે. વિજ્ઞાનમય કોષને વિકસિત કરવા માટે સાત્ત્વિક જીવનશૈલી, નૈતિક મૂલ્યોનું પ્રતિપાદન, નૈતિક આચરણ અને પરમનું સતત સાનિધ્ય અતિ આવશ્યક છે.

૫. **આનંદમય કોષ** - આત્મા સાથે, શિવતત્ત્વ સાથે, જોડાયેલી આપણી આનંદમય, સુખમય સંપત્તિને જાણવા, માણવા અને અનુભવવા માટે આપણે પરમની સૃષ્ટિના પ્રત્યેક જડ ચેતન સર્જનને પ્રેમ કરવો પડે. સાત્ત્વિક ગુણોને આત્મસાત કરવાથી, હકારાત્મક વલણ અપનાવવાની

આદત પાડવાથી મનમાં ક્યારેય વિષાદ પ્રવેશી શકશે નહિ. આપણા વાણી, વર્તન અને વ્યવહારના સાત્ત્વિક આચરણથી જ આપણા આનંદમય કોષનો વિકાસ કરી શકાય.

આપણી અંદર રહેલા શિવત્ત્વને લોકાભિમુખ કરવા માટે આપણે પરમાત્માના સત્યમ્, શિવમ્, સુંદરમ્ સ્વરૂપને આપણામાં આત્મસાત્ કર્યા પછી જ પરમાત્માના આ દિવ્ય સ્વરૂપનું દર્શન, આપણી નિઃસ્વાર્થ સેવા અને સમર્પણ ભાવથી જ લોકોને કરાવી શકાય.

વ્હાલા ભાવિકો, જો આપનું જિગર ખમીરવંતુ હોય તો ઉંમરની પરવા કર્યા વગર મનથી આપની જાતને સદાય વસંતમાં જ વહેવા દેજો. જિંદગીના ભાવિને ભલાઈમાં પરિવર્તિત કરવા માટે વર્તમાનથી જ આજથી જ પુરુષાર્થ કરજો, તમારામાં રહેલા શિવત્ત્વને લોકાભિમુખ કરવા માટે તમારે ઉદ્યમી બનવાનું છે. પુરુષાર્થી બનવાનું છે. બુધ્ધિનો વિકાસ કરવાનો છે. સાત્ત્વિક સંપત્તિ અને સંતતિનો વારસો પરમની સૃષ્ટિમાં સમર્પિત કરવાનો છે.

વ્હાલા ભાવિકો, જીવન નિર્વાહ અને જીવનના વિકાસ માટે ધનની, પૈસાની જરૂર તો છે જ. પરંતુ સાત્ત્વિક પુરુષાર્થથી સાત્ત્વિક વ્યવહારથી સંપાદન કરેલી ધનસંપત્તિ, શુભલક્ષ્મી આપણા જીવનમાં આપણા ઘરમાં નિવાસ કરે છે. આપણી શુભલક્ષ્મી જ સ્વ અને સમષ્ટિના શ્રેય માટે વપરાય તો જ જીવનમાં અને સમાજમાં સુખશાંતિ અને સંતોષનો અનુભવ કરી શકાય.

આપનામાં શિવતત્ત્વ જાગૃત થાય અને આપ સર્વે સત્યમ્, શિવમ્, સુંદરમ્ સ્વરૂપનો અનુભવ આપનામાં જ કરી શકો તેવા આશીર્વાદ.

ૐમાૐ

શિવરાત્રી પર્વના હાર્દને સમજીએ.

તા. ૧૮-૨-૨૦૦૪ (શિવરાત્રી)

વ્હાલા ભાઈ બ્હેનો,

આજે **"ૐ' નમઃ શિવાય'** ના જાપથી શિવાલયો ગૂંજી ઉઠશે. દૂધ જળ અને બિલ્વપત્રોના અભિષેકથી શિવલિંગ આચ્છાદિત થઈ જશે. બ્રાહ્મણો રુદ્રીપાઠ કરવામાં વ્યસ્ત થઈ જશે. ચીલાચાલુ રસમથી શિવરાત્રી મહોત્સવ ઊજવ્યાનો આનંદ સંતોષ માણી શિવ ઉપાસકો જીવનમાં ધન્યતા અનુભવશે.

મારા મંતવ્ય મુજબ આપણે આપણામાં વિલસી રહેલ શિવતત્વની સાથે આપણા જીવતત્વનું અનુસંધાન સાધતા રહેવાની જાગૃતિ કેળવવાનું પાવનકારી પર્વ છે. જીવને માયાના મહાસાગરમાં નિર્લેપ ભાવે તરતાં શીખવાનું છે. સંસારની ફરજો પૂરી નિષ્ઠાથી બજાવવા છતાં પણ આપણું મન મહાદેવના નામ સ્મરણ અને મહિમાનું ગાન કરવામાં જ રમમાણ રહેવું જોઈએ. આપણામાં વિલસી રહેલ શિવતત્વને આપણી શુભ્રતા, નિર્મળતાનો અભિષેક દરરોજ કરવો જોઈએ. આપણા અંતરાત્મામાં ક્યારેય મલિનતા, કટુતા અને વિકારો પ્રવેશે નહિં તેની સતર્કતા રાખવી જોઈએ. બિલ્વપત્રના ત્રણ પાન આપણું સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીર તેમજ પાંચ પાન આપણા પાંચ પ્રાણ, પાંચ જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયોથી આપણે શિવપરમાત્માને સમર્પિત થઈ જવાનો ભાવ કેળવવો જોઈએ.

શિવજી પ્રલયકર્તા છે, આપણે આપણામાં રહેલા નકારાત્મક વલણો, વૃત્તિઓ વમળો અને વિચારોનો પ્રલય કરવા, નાશ કરવા, નિર્મૂળ કરવા સંકલ્પ કરી પુરુષાર્થ કરવો જોઈએ, જેથી આપણે આપણું જીવન સમાજ ઉપયોગી અને રચનાત્મક કાર્યોમાં સમર્પિત કરી શકીએ.

શિવજીએ ગળામાં વિષ ધારણ કર્યું છે. આપણે કુટુંબ અને સંસારની વિષમ વાતો, વ્યવહારને સહન કરી આપણા પૂરતા જ સીમિત રાખીએ, એને વાણી કે વ્યવહાર દ્વારા વહેતા ન કરીએ કે જેથી કુટુંબ, સમાજ કે વ્યક્તિનું માનસિક અને સામાજિક સ્વાસ્થ્ય બગડે.

સાંપ્રત સમયમાં અશ્લિલતા, પાશવતા, અજ્ઞાનતા અને આંતકવાદે સમાજને ઘેરી લીધો છે. સમાજ અધોગતિમાં ગરકાવ થતો જાય છે. યુવાની અવળે રસ્તે વેડફાઈ રહી છે. અધર્મનું આચરણ એક પાશવી આભૂષણ બની ગયું છે. નૈતિકતા નેવે મૂકાઈ ગઈ છે. ત્યારે હે સુજ્ઞજનો ! હવે તો જાગો, ઉઠો, તમારું ખમીર બતાવો. આજના મહોત્સવના હાર્દને સમજીને સ્વ અને સમષ્ટિના શ્રેયાર્થે આપણે આપણા જીવન પ્રવાહને વહાવીએ.

આપણે ધર્મની, નૈતિકતાની, જ્ઞાનની, સંસ્કારની, જ્યોતને પ્રજ્વલિત રાખીએ. આપણા સાત્વિક પુરુષાર્થનું ઈંધણ પૂરીએ. શિવજીના ત્રીજા નેત્ર સમા આપણા જ્ઞાન ચક્ષુને કાર્યાન્વિત કરીએ. સમાજમાં વ્યાપી રહેલા, પ્રસરી રહેલા દૂષણોને નાબૂદ કરવા પ્રયત્ન કરીએ.

આપણા જપ, તપ, ધર્મ, જ્ઞાનના પ્રવાહથી આપણા કાર્યક્ષેત્રમાં, આપણા વર્તુળમાં પ્રસરી રહેલા અસાત્વિક પ્રવાહને સાત્વિકતામાં પ્રવાહિત કરવા પ્રયત્ન કરીએ.

શિવજીના પૂજન અર્ચન, ઉપવાસથી જ આજના ઉત્સવનું સમાપન ન કરતાં સાત્વિક સૃષ્ટિ નિર્માણના કાર્યમાં આપનું યોગદાન આપી શિવરાત્રીને હરદિન ઊજવીએ, અજ્ઞાન, અંધશ્રધ્ધા અને નકારાત્મક પરિબળોને જ્ઞાનના પ્રકાશમાં પરિવર્તિત કરીએ.

મારો સાથ, સહકાર, પ્રેરણા અને આશીર્વાદ આપની સાથે જ રહેશે. ૐમાૐ

ચેતનવંતી ઉપાસના

તા. ૯-૧૨-૨૦૦૩ (પાટોત્સવ)

વ્હાલા ઉપાસક ભાઈ બ્હેનો,

શ્રધ્ધા કુટીર આજે પંદરમો ઊપાસના દિન ઉજવી રહી છે. શ્રધ્ધામાં મા ભગવતીની પ્રત્યક્ષ કે પરોક્ષ ઉપસ્થિતિની અનુભૂતિ શ્રધ્ધાળુ ભાવિકોને થતી રહે છે. આપણી સ્મૃતિ, સૃષ્ટિ અને દૃષ્ટિમાં આપણા ઈષ્ટ-ઉપાસ્ય દેવની મૂરત સદાય રમતી રહેવી જ જોઈએ; તે માટેનો આપણો સાત્વિક પુરુષાર્થ ચાલુ જ રાખવો જોઈએ, સઘન બનાવવો જોઈએ, ઉપાસનાનું સાર્થકય જ એ છે કે, ભક્ત અને ભગવાન એકબીજા માટે તરસી રહે, વરસી પડે.

આપણી દૈનિક ઉપાસના ચેતનવંતી રહેવી જોઈએ. યંત્રવત્ ઉપાસનામાં ચૈતન્ય તત્વની અનુભૂતિ થાય નહિ. આપણી ચેતના, વિચાર શક્તિ અને સંકલ્પશક્તિને હંમેશા ઉન્નત, દૃઢ અને ઉર્ધ્વગામી રાખવી જોઈએ.

વિચારો મનમાંથી ઉદ્ભવે છે અને બુધ્ધિ વિચારોને કાર્યાન્વિત કરે છે. મન અને બુધ્ધિને ઉર્ધ્વગામી, હકારાત્મક બનાવવાનો પુરુષાર્થ આપણે આદરવો જ રહ્યો. મનને સંયમની અને બુધ્ધિને વિવેકની લગામથી નિયંત્રિત કરી શકાય. ભાવનાત્મક ભક્તિથી પ્રભુરસના અનુરાગી બનાવી શકાય.

આપણુ અંતઃકરણ પરમતત્ત્વનું નિવાસ સ્થાન છે. પરમતત્વની ચેતનાસભર શક્તિઓ આપણી અંદર જ છુપાયેલી છે. સદ્ગુણો અને જ્ઞાનનો ખજાનો આપણી પાસે જ છે. ફક્ત તેને જાણવાની અને ખોલવાની - પ્રકાશિત કરવાની જ જરૂર છે. કેવી રીતે, કયા સાધનથી આ ખજાનો જાણવો અને ખોલવો તેની મૂંઝવણ આપ અનુભવો છો ને?

મૂંઝાશો નહિ, ઈચ્છા હશે તો માર્ગદર્શન મળી રહેશે.

માયાનું આવરણ, આસક્તિ, સંસારની પળોજણ, આપણી અસાત્વિક વૃત્તિઓ, કુટેવો પ્રમાદ રાગ દ્વેષ, ઈર્ષ્યા અને એષણાઓ રૂપી કાળા ડીબાંગ વાદળોથી આ ખજાનો ઢંકાઈ ગયો છે. આ વાદળોની ઓથે છૂપાયેલા, ઢંકાયેલા જ્ઞાનપ્રકાશ અને સદ્‌ગુણોના ખજાના રૂપી સૂર્યને ચમકાવવા, પ્રકાશિત કરવા માટે સંત, સદ્‌ગુરુ નું શરણ, માર્ગદર્શન અને તે પ્રમાણેનું આચરણ જ એક માત્ર ઉપાય છે. આપણો સંનિષ્ઠ પુરુષાર્થ જ આપણો સંકલ્પ સિધ્ધ કરી શકે.

વ્હાલા બાળકો, મનને વિચાર પ્રવાહમાંથી મુક્ત કરવા માટે આપ ભાવનાત્મક ભક્તિ કરો, પૂજા કરો, પ્રાર્થના કરો. મનને માતાજીની મમતામયી મસ્તીમાં જ ડૂબી જવા દો, એકાગ્રતા આવી જશે, ધ્યાન લાગી જશે, વાત્સલ્યથી ભીંજાઈ જવાશે, સમસ્ત અસ્તિત્ત્વમાં રોમાંચ વ્યાપી જશે, પરમની ઉપસ્થિતિ વર્તાશે, અસ્તિત્વ વિસરાઈ જશે. પછી તો મન મધમાખી ની જેમ માતાજીના સ્મરણ, મનન, ચિંતનમાં જ મધપુડાની મીઠાશની જેમ મધુરસ માણવામાં મસ્ત અને વ્યસ્ત થઈ જશે. નામ સ્મરણ અને જપ સિવાય મનમાં અન્ય વિચારો કે વાતો માટે અવકાશ જ રહેશે નહિં. ભાવનાત્મક મંત્રજાપ, નામસ્મરણ કે પ્રાર્થના કરતાં કરતાં ભાવદશામાં ખોવાઈ જવાશે. પ્રસન્નતા અને આનંદનું વાતાવરણ વ્યાપી જશે. આત્મિક શક્તિઓ જાગૃત થવા લાગશે. અંતરાત્માનો અવાજ, માર્ગદર્શન અનુભવી શકાશે. પરમની કૃપા અને આપણી ઉપાસનાનું ઓજસ સમસ્ત અસ્તિત્વ અને વ્યક્તિત્વમાં વર્તાવવા લાગશે.

સંસારમાંથી અને જીવનમાંથી ઉદ્‌ભવતી સમસ્યાઓ, ઉલઝનો સુલઝાવવા માટે આપણું મન, બુધ્ધિ સક્ષમ બને છે.

વિવેકી બને છે. સમજણ, સહનશીલતા અને સદ્ભાવનાનો વિકાસ થતો જાય છે. દુર્વૃત્તિઓના વાદળો ઓસરવા લાગે છે. સદ્ગુણો અને જ્ઞાનનો સૂરજ પ્રકાશિત થતો અનુભવાય છે. આત્મજાગૃતિનો અહેસાસ જેમજેમ થવા લાગે છે તેમ તેમ આપણને આપણા સ્વરૂપનું ભાન થવા લાગે છે. આપણા અસ્તિત્વનું પ્રયોજન સમજાય છે. જીવનની સાચી દિશા સૂઝે છે. આપણા સ્વભાવમાં, વાણી, વર્તન, વ્યવહારમાં પરિવર્તન આવવા લાગે છે. નવસિધ્ધાંતો જીવનમાં વણાઈ જાય છે. મૌન અને એકાંતવાસ, સત્સંગ માટે અભિરુચિ થાય છે.

આપણી ભાવનાત્મક ઉપાસનામાંથી પ્રાપ્ત થતી આપણી શારીરિક, માનસિક, બૌધ્ધિક અને આધ્યાત્મિક શક્તિઓનો વિનિયોગ સ્વ અને સમષ્ટિના શ્રેયાર્થે જ કરવાનો આગ્રહ રાખવાથી પરમાત્માની પ્રત્યક્ષ કે પરોક્ષ સહાય, માર્ગદર્શન મળતાંજ રહેશે. દૃઢ સંકલ્પ અને નિ:સ્વાર્થ સેવા ભાવને કાયમ ટકાવી રાખશો તો પરમાત્મા સાથે સીધો સંપર્ક રાખી શકાશે.

મારા આપ સર્વેને આશીર્વાદ છે.

ૐમાૐ

વિચારું સંસારો તણા જટીલ પ્રશ્નો,
મુજ મન વ્યથિત થાતું.
સંસારે વિશાદ ને વિશાદ ભાસે,
મુજ અરજ મનુજોને
નવસૂત્રો અમલમાં ને
ષડ્રિપૂને ભગાડો
અત્ર, તત્ર, સર્વત્ર આનંદ ભાસે.

અનુક્રમણિકા

ક્રમ	વિગત	પા.નં.
	રાજ ગોરસ ભાગ-૨ (રાજવાણી)	૬૩
૧.	બલિયસી કેવલમ્ ઈશ્વરેચ્છા.	૬૪
૨.	વર્તમાનજીવનને આનંદથી માણી લ્યો.	૬૪
૩.	પરમાત્મા મારી સાથે જ છે.	૬૫
૪.	પરમની કૃપાનો વરસાદ વરસશે જ.	૬૭
૫.	નૂતન જીવનનો સંકલ્પ.	૬૮
૬.	બધા જ સદ્ગુણોનું ઉદ્ભવ સ્થાન - પ્રેમ.	૬૯
૭.	વિચારને ગાળતાં શીખો.	૭૦
૮.	ગુણગ્રાહી બનો.	૭૨
૯.	આત્મવિશ્વાસ કેળવો.	૭૩
૧૦.	વેલેન્ટાઈન ડે.	૭૪
૧૧.	પ્રાર્થનાની શક્તિ.	૭૬
૧૨.	માનવજીવનની સમૃદ્ધિ.	૭૭
૧૩.	પ્રમાણિકતાને જીવનમાં અપનાવો.	૭૯
૧૪.	આળસની વિષવેલને કાપી નાખીએ.	૮૦
૧૫.	દૃઢ મનોબળ કેળવીએ.	૮૨
૧૬.	જીવન યાત્રા	૮૩
૧૭.	પ્રસન્નતા આપણો મુળભૂત સ્વભાવ છે.	૮૫
૧૮.	નિષ્ફળતા એ સફળતાનું પ્રથમ સોપાન છે.	૮૬
૧૯.	સમયનો સદ્ઉપયોગ.	૮૭
૨૦.	જીવન સંધ્યા.	૮૮
૨૧.	નીતિમય જીવન	૯૦
૨૨.	કર્મના સિધ્ધાંતનો સહર્ષ સ્વીકાર કરો.	૯૨

ૐમાૐ

રાજવાણી

"બલિયસી કેવલમ્ ઈશ્વરેચ્છા"

જુલાઈ - ૨૦૦૩

વ્હાલા બાળકો,

ઈશ્વરની ઈચ્છા જ બળવાન છે. ઈશ્વર આ સૃષ્ટિના સર્જન, સંવર્ધન અને વિનાશના કર્તા છે. માટે ઈશ્વરની ઈચ્છાને અવગણવાનું ક્યારેય વિચારશો નહિ. જીવન અને સંસારની સમસ્યાઓ માટે આપણું કર્મ, આપણું પ્રારબ્ધ જવાબદાર છે. ઈશ્વર કે અન્ય પ્રત્યે રોષ દાખવવો ઉચિત નથી. આપણી માનવ દૃષ્ટિ, શક્તિ અને બુદ્ધિ મર્યાદિત છે, જ્યારે પરમાત્મા અમર્યાદિત, અસીમ છે.

પરમાત્મા સૃષ્ટિના માલિક છે, તમે કદાચ તમારા ઘરના માલિક હોઈ શકો. માલિકની ઈચ્છા અને જવાબદારી તેના ઘર અને સભ્યોની ભલાઈ અને ઉત્કર્ષમાં જ સમાયેલી હોય છે. પરમાત્મા, આપણા માલિક, પણ સૃષ્ટિના જડ ચેતન પદાર્થની ભલાઈ અને ઉત્કર્ષ માટે જ સૃષ્ટિનું નિયમન કરતા રહે છે. આપણા સુખ, દુઃખ, સફળતા નિષ્ફળતા, સંયોગ વિયોગ વિગેરે જિંદગીના ચઢાવ ઉતારમાં પરમાત્માની મરજીને જ સર્વોપરી ગણી, આનંદથી પ્રેમથી અપનાવો, માણી લ્યો, સુખી, સમૃદ્ધ અને સાત્વિક પ્રારબ્ધ નિર્માણ કરવા માટે વર્તમાન જીવનની ક્ષણોને સેવા, સમર્પણ અને સાત્વિકતાથી સભર કરી દો.

મારા આપને સર્વેને આશીર્વાદ છે.

ૐમાૐ

વર્તમાનજીવનને આનંદથી માણી લ્યો

ઓગષ્ટ - ૨૦૦૩

વ્હાલા બાળકો,

માનવ જીવન મર્યાદિત છે. માટે જીવનની પ્રત્યેક પળને, પરમની પ્રસાદી સમજીને આનંદથી માણી લ્યો. આપણા જીવનના

કિંમતી સમયને અને આપણી શક્તિઓને સર્જનાત્મક, રચનાત્મક, અને માનવતાના કાર્યોમાં જ લગાવો. વર્તમાન જીવનના શુભ, અશુભ કાર્યો જ આપણું પ્રારબ્ધ નિર્માણ કરે છે. માટે હંમેશા સુખ શાંતિથી સભર સાત્વિક પ્રારબ્ધ નિર્માણ કરવા માટે સાત્વિક જીવન શૈલી અપનાવો. માનવતાના કાર્યોમાં જ જીવન વ્યતીત કરો. ગત જન્મના કર્મોને હસતાં હળવાશથી ભોગવી લ્યો. વર્તમાન જીવનને આનંદથી માણી લ્યો. પરમનું સતત સાનિધ્ય સેવવાનો આગ્રહ રાખો. સંત સમાગમ અને સદ્‌ગુરુનું શરણ, માર્ગદર્શન તમારા જીવનમાં સુખ શાંતિ અને સંતોષની અનુભૂતિ કરાવશે.

ૐમાૐ

પરમાત્મા મારી સાથે જ છે...

સપ્ટેમ્બર - ૨૦૦૩

"પરમાત્મા મારી સાથેજ છે હું એકલો નથી."આવો ખ્યાલ અને સમજ સાથનો અહેસાસ જીવનની પ્રત્યેક પળે કરો. નાનું બાળક આસપાસ ગમે ત્યાં રમતું હોય પરંતુ તેની માતા તેની નજીકમાં જ છે. તેવો ખ્યાલ તેને સતત રહેતો હોય છે. માતા જ્યાં બેઠી ત્યાં થોડી થોડી વારે તે નજર નાખી આવે છે.

આપણે ભજનમાં ગાઈએ છીએ કે, "અબ સોંપ દિયા ઈસ જીવન કા સબ ભાર તુમ્હારે હાથોમેં" વાસ્તવિક રીતે આપણે આપણું જીવન પરમાત્માને સમર્પિત કર્યું છે ખરું? જીવનની વિટંબણાઓ, સમસ્યાઓનો ભાર પરમાત્માને સોંપીને આપણે નિશ્ચિંત થયા છીએ ખરા ?

આપણો વિશ્વાસ અંતરથી ડગુમગુ છે આપણી શ્રદ્ધા જો બળવત્તર હોય તો, આપણે સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી હોત તો બ્લડપ્રેશર, ડાયાબીટીસ, હાર્ટડીસીઝ, બ્રેઈન હેમરેજ, લકવા, અનિંદ્રા જેવા રોગોના ભોગ બન્યા ન હોત. પરમાત્મા સાથે મા-બાળ સંબંધ કેળવાયા વગર આ શક્ય જ નથી. ઈશ્વર સર્વવ્યાપક, સર્વત્ર છે. તમારી ભીતર અને બહાર, જડ અને ચેતન તત્ત્વમાં

તેનો સૂક્ષ્મ વાસ છે. તમારી બધીજ ચેષ્ટાઓથી તે વાકેફ છે, માટે હંમેશા સાત્વિક અને નૈતિક કાર્યોમાં જ પ્રવૃત રહો.

મંદિર અને યાત્રાના સ્થળોમાં તમને પરમાત્માનું ઐશ્વર્ય અને સાત્વિક ઉર્જાના આંદોલનોનો અનુભવ થઈ શકે. તમારી અંતરની આરત અને ભાવના હોય તો આવા પવિત્ર સ્થાનોમાં તમારા ઈષ્ટના સ્વરૂપમાં કે અન્ય રીતે પરમાત્માનો ભેટો થઈ જાય, દર્શન થઈ જાય.

પરમાત્માના દર્શન હરપળે કરવા માટે અંતરની આંખને, જ્ઞાન ચક્ષુને ખોલવા પડે. દુર્વૃત્તિઓ અને દુષિત આવરણોથી અંતરની આંખ ઢંકાઈ ગઈ છે. સત્સંગ અને સાત્વિક જ્ઞાનના પ્રકાશથી આવરણો દૂર કરી શકાય, અંતરચક્ષુને ખોલી, સાચી દૃષ્ટિ પ્રાપ્ત કરી શકાય.

પરમાત્માને ઓળખવા માટે પ્રથમ અંતરાત્માનો ઓળખો. અહ્મનું નિર્મૂલન કર્યા પછી જ પરમાત્માના નિર્મળ સ્વરૂપના દર્શન થઈ શકશે.

સામાન્ય નિર્દોષ અને નિર્મળ વ્યક્તિ પરમાત્માની પ્રત્યક્ષતાની અનુભૂતિ કરવા માટે આટલું કરશે તો પરમાત્માની કૃપા અવશ્ય વરસશે જ.

દરરોજ નિર્ધારિત સમયે તમારા ઈષ્ટદેવ સાથે મિત્ર ભાવે નિખાલસતાથી વાતો કરો.

"Keep an appointment with God. He will wait for you, if you Keep up your appointment."

ઘરના એકાંતમાં, નદી, સરોવર કે સાગરનો કિનારો, બગીચામાં, ઝાડ નીચે કે કુદરતના સાનિધ્યમાં બેસીને તેની સાથે વાર્તાલાપ કરો. તમારા મનને હળવું કરો. તમારી મૂંઝવણ ટળી જશે. મન હળવું થશે. સુલઝાવ, માર્ગદર્શન મળી જશે. પ્રાર્થના, જપ, ધ્યાન, સત્સંગનો નિયમ અવશ્ય રાખો.

ૐ મા ૐ

પરમની કૃપાનો વરસાદ વરસશે જ.

ઓક્ટોબર - ૨૦૦૩

વ્હાલા બાળકો,

ધનતેરસ, કાળીચૌદશ અને દિવાળી ઐશ્વર્ય, અભય અને જ્ઞાનના અધિષ્ઠાતા, શક્તિઓ લક્ષ્મી, દુર્ગા અને સરસ્વતીની પૂજા કરી મંગલ પ્રાર્થના કરવાના પાવન દિવસો છે.

ધન તેરસને દિવસે લક્ષ્મીજીનું પૂજન કરી શુભલક્ષ્મી, વૈભવ લક્ષ્મીનો જ ઘરમાં અને મનમાં વાસ થાય તેવી પ્રાર્થના કરવી જોઈએ. નારાયણપ્રભુની સાથે જ લક્ષ્મીજીને ઘરમાં વસાવવાથી લક્ષ્મી ગણાતી ગૃહલક્ષ્મી અને અન્ય સ્ત્રીશક્તિ સાથે પ્રેમ, માન, આદરનો ભાવ કેળવવાનો અને તેમનામાં રહેલી વિવિધ શક્તિઓને બિરદાવવાથી, વિકસાવવાથી ઘરમાં પ્રેમ, આનંદ અને આત્મીયતાનું વાતાવરણ સર્જાશે.

કાળીચૌદશે દુર્ગા - કાલીમાતાનું પૂજન કરી અનિષ્ટ તત્વનો નાશ કરવાનો, અન્યાય સામે લડવાની શક્તિ અને નૈતિક હિંમત પ્રાપ્ત કરવાનો પ્રાર્થના દિવસ છે. કલેશ, ક્રોધ ભયને વિદારી અભય પ્રાપ્ત કરવાનો પ્રાર્થના દિવસ છે.

દિવાળીના દિવસે રોશની કરી અમાસની અંધારી રાતને પૂર્ણિમાના પ્રકાશમાં પલટાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. અજ્ઞાન અને અંધશ્રદ્ધાના અંધકારને હટાવી સાત્વિક જ્ઞાન અને સાચી શ્રદ્ધા યાચવા માટે મા સરસ્વતીનું પૂજન કરી પ્રાર્થના કરવામાં આવે છે.

લક્ષ્મીજી, દુર્ગામાતા અને મા સરસ્વતીની ત્રિવિધ શક્તિનો સમન્વય સાધીને જ નૂતન વર્ષનો પ્રારંભ કરવાથી વ્યક્તિ, કુટુંબ અને સમાજમાં આનંદનું સુખ શાંતિનું વાતાવરણ પ્રસરી રહેશે. આનંદ સ્વરૂપ પરમાત્માનો પરમ પવિત્ર પ્રકાશ સર્વત્ર પથરાઈ જશે. પરમની કૃપાનો વરસાદ વરસશે.

ૐ મા ૐ

નૂતન જીવનનો સંકલ્પ

નવેમ્બર - ૨૦૦૩

વ્હાલા આત્મીયજનો,

દીવાળી અને નૂતનવર્ષની શુભેચ્છાઓનું આદાન પ્રદાન કરી નૂતન જીવનનો સંકલ્પ આપે કર્યો જ હશે. સંકલ્પ ન કર્યો હોય તો કરી લેજો.

ચોપડા પૂજન કરી શ્રી મહાલક્ષ્મીજીને સ્વયમ્ જમા પાસામાં પ્રસ્થાપિત કરવામાં આવે છે. આપણા ઘરમાં અને પરિવારના નિર્વાહમાં સાત્વિક લક્ષ્મીજીનો વિનિયોગ થાય તેવો આગ્રહ રાખો. સાત્વિક લક્ષ્મીનો પ્રવેશ ઘરમાં અને પરિવારમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સુસ્વાસ્થ્ય જીવન બક્ષે છે. લક્ષ્મીજીને હંમેશા નારાયણપ્રભુની સાથે જ રહેવું ગમે છે. જેથી લક્ષ્મી નારાયણની પ્રીતિપૂર્વક સેવા કરો. સમૃદ્ધિ સાથે સદ્ગુણો અને સાત્વિક જીવન આધ્યાત્મિક માર્ગના પ્રેરક અને પોષક બળ બની રહેશે, લક્ષ્મી નારાયણની કૃપા અવિરત વરસતી રહેશે.

માનવ જીવન પણ સાત્વિક અને અસાત્વિક તત્ત્વોથી ભરેલું છે. સદ્ગુણોથી આપણે આપણું જમા પાસું ભરી દઈએ. સદ્ગુણો અને સાત્વિક જીવનશૈલી આત્મિક અને આધ્યાત્મિક વિકાસ માટે પાયાની જરૂરિયાત છે. દુર્ગુણો, દુર્વૃત્તિઓ કુટેવો, કુસંગની બાદબાકી કરવાનું ચાલુ જ રાખજો. મન પર મંત્રજાપની ચોકી મૂકી રાખજો જેથી મન મંત્રમય બની જશે. સદ્વિચારો અને સાત્વિકતાનો પ્રવાહ જ પરમની પ્રસાદીરૂપે મનમાંથી વહેતો રહેશે.

ૐ મા ૐ

મારું મારું શું કરું ? જે છે તે તુજનું જ
તે જ તવ ચરણે ધરું,
સ્વીકાર કે અસ્વીકાર તુજ હસ્તમાં
તુજ ખ્વાહિશ મંજુર મુજને

બધાજ સદ્‌ગુણોનું ઉદ્‌ભવ સ્થાન - પ્રેમ

ડિસેમ્બર - ૨૦૦૩

બધા જ સદ્‌ગુણોનું ઉદ્‌ગમસ્થાન પ્રેમ છે. પ્રેમ આત્માનું પવિત્ર ઝરણું છે. પ્રેમને દેહ સાથે કે ભૌતિક સાધન સંપત્તિ સાથે કોઇ જ સંબંધ નથી.

પ્રેમનું ઝરણું કેવી રીતે વહાવી શકાય ?

પ્રેમનું ઝરણું વહાવવા માટે આપણે સમત્ત્વનો ભાવ કેળવવો પડે. "મને જેવું પ્રેમાળ, લાગણીસભર વર્તન અન્યનું મારી સાથે હોય તેવું ગમે છે, અન્યને પણ તમારું પ્રેમાળ લાગણી સભર વર્તન તેમના પ્રત્યે રહે તેવું તેમને ગમે છે. " આવો નિર્દોષ આદાન પ્રદાનનો ભાવ જ તમારામાં સમત્ત્વ - સમતા ભાવ રાખવાની શક્તિ પ્રગટાવી શકે. પ્રેમનું વહેતું ઝરણું પવિત્ર ગંગાનો પ્રવાહ બની રહે તેવો માનસિક પુરુષાર્થ કરવાનું ચાલુ રાખજો. રાગ, દ્વેષ, નિંદા, ઇર્ષા, લોભ અને ક્રોધ જેવા દુષણોથી પ્રેમનું ઝરણું સૂકાઇ ન જાય તેની સતર્કતા અહર્નિશ રાખતા રહેજો.

પ્રેમની તાકાત પશુતામાં પરિવર્તન લાવવા સક્ષમ છે. પ્રેમ વગરની પંડિતાઇ ખાલી વાચાળતા જ બની રહે છે. પ્રેમમાં સોદાબાજી નથી. પ્રેમ તો ફક્ત આપવામાં જ સમજે છે. પ્રેમાળ વ્યક્તિને લોકો અંતરથી ચાહે છે, તેના શબ્દોને વચનોને શિરોધાર્ય કરે છે અને જીવનમાં અપનાવે છે. સાચા સંતો પ્રેમની પવિત્ર ગંગા છે. સંતના વાણી, વર્તન અને વ્યવહારમાં સમત્ત્વનો ભાવ પ્રાણીમાત્ર પ્રત્યેનો પ્રેમભાવ અવિરત વહ્યા કરે છે.

સંત, સદ્‌ગુરુના સંગથી સહવાસથી આપણામાં પણ સંતત્ત્વનું બીજારોપણ થવું જોઇએ અને આપણા નિજી સાત્ત્વિક પુરુષાર્થથી સંતસમ પવિત્ર પ્રેમના અંકુરો પ્રગટાવી શકીએ.

પરમની સૃષ્ટિના પ્રત્યેક જડ ચેતન સર્જન તરફ પ્રેમની વર્ષા કરો. પ્રેમાળ હૃદયમાં પરમાત્મા સ્વયમ્ પ્રકાશ પાથરે છે.

ૐ મા ૐ

વિચારને ગાળતાં શીખો

જાન્યુઆરી - ૨૦૦૪

કોઈપણ વિચારને અમલમાં મૂકતાં પહેલાં એ વિચારને ગાળતા શીખો. વિચાર ગળાઈ જશે તો કચરો બહાર રહી જશે અને વિચાર શુધ્ધ થઈ જશે. વિચારને ગાળવો એટલે એ વિચારનું પૃથ્થકરણ કરવું. સારા અને નબળા પાસાનો તટસ્થ પણે વિચાર કરવો, મૂલ્યાંકન કરવું, ટૂંકા અને લાંબા ગાળાની અસર આ વિચારથી શું થશે તે પણ વિચારી લેવું.

વિચારને ગાળ્યા વગર તરત જ અમલમાં મૂકશો તો હેરાનગતિ અને નુકશાન ઉઠાવવું પડશે, દુ:ખ સહન કરવું પડે. શારીરિક, માનસિક અને આર્થિક નુકશાન વેઠવું પડશે.

માણસને જ્યારે ક્રોધ આવે ત્યારે એ વિચારે કે, મારા મન પર ક્રોધને સવાર થવા દઉં નહિં. ક્રોધના આવેશમાં મને શારીરિક અને માનસિક નુકસાન થશે. સાથે સાથે જેના પર ક્રોધ કરીશ તેના મન પર ગ્લાનિ છવાઈ જશે. અને લાંબે ગાળે સબંધો વણસશે. ક્રોધીલો સ્વભાવ હોય તો રોગો વગર આમંત્રણે આવી જશે. આવો વિચાર કરવા માત્રથી ઉશ્કેરાટ શમી જશે. વળી પોતાનું અને અન્યનું નુકસાન થતું પણ અટકી જશે.

આપણી વૃત્તિઓ જ્યારે આપણા નિયંત્રણમાં હોય છે. ત્યારે આપણે મહાન બની શકીએ છીએ પરંતુ આપણી વૃત્તિઓ જો અનિયંત્રિત હોય તો આપણે દુરાત્મા, દુષ્ટાત્મા બની જઈએ છીએ.

આપણે આપણી વૃત્તિઓને નિયંત્રણમાં લેવી હોય, સુધારવી હોય તો આપણી વૃત્તિઓનું ઉદ્ગમ સ્થાન શોધવાનો પ્રયત્ન કરવો જોઈએ. દા. ત. આપણને માથું દુ:ખતું હોય તો ડૉકટર આપણને એસ્પિરીન આપીને અર્ધા કલાકમાં દુ:ખાવો મટાડી શકશે પરંતુ એસ્પિરીન કે **Painkiller** દવા ક્ષણિક

દુ:ખાવો બંધ કરશે. એ તેનો કાયમી ઉકેલ નથી. માથું દુ:ખવાનું કારણ શોધવું જરૂરી છે અને તે કારણને અનુરૂપ ઉપચાર કરવાથી કાયમી ઉકેલ લાવી શકાય છે. કબજીયાતનો ઈલાજ થાય. મળશુધ્ધિ થાય તો જ માથું દુ:ખતું મટી શકે.

સંતો આપણને આપણી વૃત્તિઓમાં પરિવર્તન લાવવા માટે કાયમી ઉપચાર બતાવે છે. ક્રોધને આપણા સ્વભાવમાંથી જ હટાવવો હોય તો આપણે આપણી પ્રકૃતિ બદલવી પડે. પ્રકૃતિમાં વણાયા વગર કોઈપણ વસ્તુ કે વૃત્તિ કેળવી શકાતી નથી. બહારના ઉપચારો, નિયંત્રણો કામચલાઉ, ક્ષણિક પૂરવાર થશે.

જે માણસ સમજીને ક્રોધને છોડે છે તે માણસ ગમે તેવા કલુષિત, વિપરિત, ઉત્તેજિત સંજોગોમાં પણ ક્રોધ કરશે નહિં. કારણકે શાંતિ, સૌમ્યતા, મૌન રાખવાનું તેના સ્વભાવમાં જ કેળવાઈ ગયું હોય છે. નમ્રતા જો વ્યક્તિના સ્વભાવનું એક અંગ બની ગયું હોય પછી ગમે તેવા પ્રલોભનો આવે છતાં તેને અહંકાર અભડાવી શકશે નહિં.

સંતોષ, શાંતિ, સમાધાનથી જ માણસનું જીવન અને વ્યક્તિત્વ ઝળકી ઉઠે છે, શોભી રહે છે. એટલે જીવનમાં સફળતા મેળવવાની અમૂલ્ય ચાવી, આપણા સ્વભાવની નમ્રતા કેળવવાની છે. નમ્રતા વડે અહમને હણી નાખો. આપણી પ્રકૃતિને નમ્રતામય બનાવવી જોઈએ. સંતોષ વડે લોભને હણી નાખો, સરળતા વડે માયાને હણી નાખો, પછી જ જીવન સુખી અને સરળ બની શકે.

ૐ મા ૐ

છે આ રંગભૂમિ દુનિયા તણી,
પાત્રો આવે, ભાગ ભજવે, અદ્રશ્ય થાય.
ચિરંજીવ પાત્ર તે બને, જે સફળ અભિનય કરી શકે.

ગુણગ્રાહી બનો

ફેબ્રુઆરી - ૨૦૦૪

વિશ્વમાં માનવ જીવન દ્વંદ્વોથી ભરેલું છે. શુભ અને અશુભ તત્વો, સારાં અને નરસાં માણસો વિશ્વમાં ભરેલા છે. આપણે ક્યા તત્વો પ્રત્યે અને કેવા માણસો પ્રત્યે અભિરૂચિ દાખવવી છે કે અપનાવવી છે તે આપણા ઉપર અવલંબે છે.

આપણે હંમેશા શુભ તત્વો અપનાવવાનો જ અને સારાં સાત્ત્વિક માણસોનો જ સંગ કરવાનો આગ્રહ રાખવો જોઈએ. હંમેશા હકારાત્મક વલણ જ અપનાવો અને ગુણગ્રાહી બનો.

વિશ્વ એક પાઠશાળા છે. આપણે વિશ્વ પાઠશાળાના એક ઉત્તમ વિદ્યાર્થી બનીને પરમાત્માએ સર્જેલી સૃષ્ટિની પ્રકૃતિને માણીએ, અપનાવીએ અને આનંદીએ, આપણે પણ પરમાત્માની સૃષ્ટિની, એક રચના જ છીએ ને! આપણે આપણને ઓળખીએ, અપનાવીએ, માણીએ આનંદીએ અને અન્ય સર્જનના આનંદના અને સંવર્ધનના સહભાગી બનીએ.

આપણા વ્યાવહારિક જીવનમાં એક વસ્તુ હંમેશાં ધ્યાનમાં રાખો કે, આપણે જે પરિસ્થિતિમાં મૂકાયા હોઈએ તેને અપનાવીને જ જીવનમાં વિકાસ કરવાનું લક્ષ્ય સેવીએ. વિપરિત સંજોગો જ માનવીને નમ્ર, સહનશીલ અને વિવેકી બનતાં શીખવે છે. લોખંડ ગરમ થઈને હથોડાથી ટીપાય પછી જ ઘાટ ઘડી શકાય છે. સોનાને તપાવ્યા પછી જ દાગીનાને વિવિધ ઘાટ આપી શકાય છે. જીવનમાં પણ તાપ સહન કર્યા પછી જ માનવીમાં ઘડતર, ચણતર, અને વડપણ આવી શકે છે.

જીવનમાં વિકાસ કરવા માટે સુખ સગવડોને શોધશો નહિં. પરંતુ તમારૂં સંકલ્પ બળ વધારો, વિકાસનું લક્ષ્ય રાખો, ધ્યેયનિષ્ઠ બનો, સાત્ત્વિક પુરૂષાર્થ કરો, સફળતા અવશ્ય મળશે જ. સફળતાની સાથેજ સુખ, સગવડ સાધનો આવી મળશે પરંતુ સફળતાના મદમાં છલકાઈ ન જવાય અને સુખ સગવડમાં પ્રમાદી ન બની જવાય તેની સતર્કતા રાખજો.

ૐ મા ૐ

આત્મવિશ્વાસ કેળવવો.

માર્ચ - ૨૦૦૪

મારી પાસે વ્યક્તિગત મુલાકાતે આવનાર વ્યક્તિઓમાં મોટાભાગની વ્યક્તિઓ પરાશ્રયી હોય છે. આત્મવિશ્વાસની ઉણપ તેમનામાં વર્તાય છે. પોતાની જાતે પોતાના પ્રશ્નો સુલઝાવવાનો નિર્ણય કરી શક્તી નથી. મારા માર્ગદર્શનને અનુસરવાની હિંમત પણ તેઓ દાખવી શકતા નથી કારણકે, માનસિક તણાવ અને સામાજિક ભય તેમને સતાવે છે.

આવું કેમ બને છે ?

આત્મવિશ્વાસની ખામી હોય, નિર્ણાયક શક્તિનો અભાવ હોય ત્યારે વ્યક્તિ અસહિષ્ણુ બની જાય છે. વિચાર શક્તિ કુંઠિત બની જાય છે.

પોતાની જાત પર વિશ્વાસ રાખી આત્માના અવાજને અનુસરીને આગળ વધનાર વ્યક્તિ જીવનના જટીલ પ્રશ્નો સુપેરે સુલઝાવી શકે છે. અને સફળતાને વરે છે. આત્મશ્રધ્ધા જ સફળતાની ચાવી છે. સ્વાશ્રયી મનુષ્ય પોતેજ પોતાના સાત્વિક પુરૂષાર્થ થકી સફળતાના શિખરો સર કરી મહાન બની શકે છે. એક વસ્તુ જીવનમાં હંમેશાં યાદ રાખો કે, મનુષ્ય પોતેજ પોતાનુ પ્રારબ્ધ નિર્માણ કરે છે. પોતેજ પોતાનો શત્રુ કે મિત્ર બની શકે છે. સુખ દુ:ખના ઝાડ પણ પોતેજ ઉગાડે છે. સારા માઠા કર્મોનું ફળ પ્રારબ્ધ રૂપે તેનેજ ભોગવવું પડે છે. બાળક રોગી હોયતો રોગની દવા બાળકને જ ખાવી પડે છે. અને રોગનું દુ:ખ, પીડા પણ બાળકને જ ભોગવવાં પડે છે. માતા-પિતા પોતાના વહાલ સોયા બાળકનું દુ:ખ લઈ શકતા નથી. કે રોગની દવા ખાઈ શકતા નથી.

ઘણા માણસો પોતાની જાતે થઈ શકે તેવા કામો માટે પણ બીજાના ઉપર આધાર રાખે છે. બીજાની મદદની અપેક્ષા રાખે છે. આવા વલણથી તેમનામાં આળસ, પ્રમાદનો પ્રવેશ થાય છે. તેઓનો આત્મવિશ્વાસ ડગવા માંડે છે. તેઓ કોઈ પણ કાર્યમાં નિર્ણય લઈ શકતા નથી.

મારી તો સલાહ છે કે, તમારૂં મનોબળ મજબુત કરો. આત્મવિશ્વાસ જાગૃત કરો. તમારામાં છુપાયેલી શક્તિઓને પહેચાનો, સ્વાશ્રયી બનો. સાત્વિક પુરુષાર્થ કરી સાત્વિક પ્રારબ્ધ નિર્માણ કરો. તમે હંમેશાં આશ્રયદાતા બનો, વાડ બની વેલાને અવલંબન આપો અને આત્મગૌરવ અનુભવો. સત્સંગ અને પરમનું સતત સાનિધ્ય તમારો આત્મવિશ્વાસ વધારવામાં સહાયભૂત થશે.

ૐ મા ૐ

વેલેન્ટાઈન ડે

એપ્રિલ - ૨૦૦૪

તા. ૧૪-૨-૨૦૦૪ના દિવસે વેલેન્ટાઈન ડે ઉજવાઈ ગયો. પોતાના પ્રિય પાત્રને ગુલાબની ભેટ ધરી પ્રેમની અભિવ્યક્તિ કરવામાં આવે છે. આપણી યુવા પેઢી પાશ્ચાત્ય સંસ્કૃતિનું અનુકરણ કરી રહી છે. પરંતુ મારી દ્રષ્ટીએ તો આપણી મહાન આર્ય સંસ્કૃતિનું અને પ્રેમ શબ્દના વિશાળ સાતક્યનું અધઃપતન થતું વર્તાય છે.

વેલેન્ટાઈન ડે ફક્ત સ્નેહની સરવાણીજ છે. ક્યારે સુકાઈ જાય તે નક્કી નહી. અરે! પ્રેમને પ્રદર્શિત કરવાનો ના હોય! એ તો અહર્નિશ અસ્તિત્વમાંથી અને આંખોમાંથી વહેતું નિર્મળ ઝરણુ છે. પ્રેમ કેવળ લાગણી કે આકર્ષણ કે મોહ નથી પરંતુ તેની પાછળ અધ્યાત્મ શક્તિનું બળ છે. તેથી જ તો પ્રેમ નિર્મોહ, નિઃસ્વાર્થ, નિષ્કલંક અને શાશ્વત છે. પ્રેમ તો પરમાત્માનું સ્વરૂપ છે.

અર્વાચીન યુવા પેઢીએ પ્રેમ શબ્દનો તાત્વિક અર્થ અને તેની સાત્વિક ગહનતા સમજ્યા વગર તેને વિકારની વેલથી ઢાંકીદીધો છે. અધ્યાત્મ શક્તિ વિના નો પ્રેમ એ વિકારી સ્વાર્થી સ્નેહનું રૂપ છે. સ્નેહમાં સ્વાર્થનું ધીમું ઝેર છૂપાયેલું હોય છે. સ્નેહમાં સોદાબાજી, આપ-લેની ભાવના હોય છે. સ્નેહમાં શબ્દોની માયાજાળ રચાતી રહે છે. શબ્દો કે સોદાબાજીની કડી નબળી પડતાં સ્નેહની સાંકળ ઘસાતી જાય છે. તૂટી જાય છે.

પ્રેમની એક ચિનગારી સમસ્ત વિશ્વમાં પ્રેમ રસ પ્રગટાવી શકે

છે. પ્રસરાવી શકે છે. પ્રેમ પરમાત્માનું સ્વરૂપ છે, જ્યારે સ્નેહ માયાનું સ્વરૂપ છે. પ્રેમ લગ્નમાં છૂટાછેડાનું પ્રમાણ વધારે હોય છે. કારણ કે એ સાત્વિક અધ્યાત્મ પ્રેમ નથી, એતો ક્ષણિક લાગણી, આકર્ષણ ના વમળમાં અટવાયેલો સ્વાર્થી સ્નેહ માત્ર જ હોય છે. જેમાં સહનશીલતા અને સમર્પણનો છાંટોય હોતો નથી. પ્રેમની ઉજવણીનો કે અભિવ્યક્ત કરવાનો કોઈ એકજ દિવસ ન હોય. પ્રેમતો પળેપળ પ્રેમી વ્યક્તિના અંતરમાં ઉજવાતો રહે છે. રાધા અને ગોપીઓના હ્રદયમાં કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ અને કૃષ્ણનો ગોપ ગોપીઓ રાધા તેમજ સમસ્ત ગોકુળ વૃંદાવનની જડ ચેતન સૃષ્ટિ પ્રત્યેનો પ્રેમ કેવો નિર્વ્યાજ હતો! ઉભય પ્રત્યેની ન્યોછાવરી, અપેક્ષાવિહિન ભાવ લાગણી, સેવા, સમર્પણ, હોય. સંશય, અવિશ્વાસનું અસ્તિત્વ જ ન હોય ત્યારે જ તે સાચો પ્રેમ કહેવાય છે.

વહાલા બાળકો,

પ્રેમ અને સ્નેહની ભેદ રેખા સમજી પરમની સૃષ્ટિના પ્રત્યેક સર્જન પ્રત્યે નિર્મળ, નિઃસ્વાર્થ, પ્રેમ જ અભિવ્યક્ત કરતા રહો. પ્રેમની ગહનતા શબ્દોમાં અભિવ્યક્ત કરી શકાય નહી. મૌન અને પ્રેમ નીતરતાં અશ્રુ જ પ્રેમની પરિભાષા હોઈ શકે. આપણી આર્ય સંસ્કૃતિનેજ અપનાવો અને વિકસાવો. આ રહ્યાં આપણી આર્યાવર્ત સંસ્કૃતિના પ્રેમ પાત્રો.

કૃષ્ણ સુદામા	-	મિત્રનો પ્રેમ
લયલા મજનું	-	બે પ્રેમીઓનો પ્રેમ
શ્રવણ અને માતાપિતા	-	માતાપિતા અને દિકરાનો પ્રેમ
વીર ભગતસિંહ	-	રાષ્ટ્રપ્રેમ

આવા તો અનેક ઉદાહરણો આપણી સંસ્કૃતિમાં કંડરાએલા છે. વહાલા બાળકો, યુવાનો આપની આત્મીય વ્યક્તિ પ્રત્યે આપની નિર્વ્યાજ પ્રેમની સરિતાને અવિરત વહાવતા રહેજો. દુષણો દુવૃત્તિથી આ પ્રેમગંગાના નિર્મળ વહેણને દુષિત થવા દેશો નહિં.

પ્રાર્થનાની શક્તિ

મે - ૨૦૦૪

ધારો કે ભગવાન આપણી શ્રદ્ધાને, આપણી શરણાગતિને માપવાની ઇચ્છા કરે તો તે ક્યા સાધનથી આપણને માપી શકે ?

આપણી પ્રાર્થના, અંતરના ઊંડાણમાંથી ઉદ્‌ભેવલું આપણું ભાવનાત્મક અસ્તિત્વ, ભાવનાત્મક ચેષ્ટા જ પરમાત્માનો માપદંડ છે. આપણી નિષ્ઠા, ધીરજ, સહનશીલતા સમર્પણભાવ, સાત્વિક પુરૂષાર્થ, પ્રેમનીતરતી શ્રદ્ધામય પ્રાર્થના જ પરમાત્માની જડમૂર્તિને ચેતનવંતી બનાવી શકે છે. પ્રાર્થના દ્વારા નિષ્પન્ન થતો આપણો સમર્પણભાવ જ આપણામાં આત્મશક્તિ જાગૃત કરી શકે છે. આપણા વ્યક્તિગત, સાંસારિક કે આત્મજાગૃતિ ના પ્રશ્નો ઉકેલવાનું એક માત્ર સાધન પ્રાર્થના છે. લઘુતાગ્રંથિ નિવારવાનો એક માત્ર ઉપાય પ્રાર્થના છે.

"હે પરમપિતા, હે મા ભગવતી, હે પરમેશ્વરી, હે દિવ્ય માતાપિતા, હું તમારો બાળક છું. મને આપની નિશ્રામાં જ રાખો. માયાના મહાસાગરમાં તરવાની હિંમત અને શક્તિ આપો, આપ મારી સાથે જ રહો, આપ જ મારા પ્રેરક બળ છો. ''

અંતરના ઊંડાણમાંથી ઉદ્‌ભવતી આવી અનેક પ્રાર્થનાઓ આપણામાં આત્મશક્તિ જાગૃત કરે છે, આપણને નીડર બનાવે છે.

ઘણા બધા મને પૂછે છે કે, અમે ઉપાસના તો દરરોજ કરીએ છીએ, પ્રાર્થના પણ બોલીએ છીએ, તો પરમાત્મા અમારી પ્રાર્થના સાંભળે છે તેની પ્રતીતિ કેવી રીતે થાય ?

જે ભાવિકને પ્રતીતિ કરવી છે, ખરેખર આત્મશ્રદ્ધા પ્રગટાવવાની પ્રબળ ઇચ્છા છે. તેણે પોતાની જાતને જ ઢંઢોળવી રહી...

(૧) મારી શ્રદ્ધા છે. 'Staurated' અંતિમ કક્ષાએ પહોંચેલી છે કે વિભાજીત થઇ જાય છે, કે તિરાડ પડી જાય છે ?

(૨) શંકાઓ, સંશયોને મેં નિર્મૂલ કરી નાખ્યા છે કે અંતસમયે

મન શંકાઓમાં ઘેરાઇ જાય છે?

(૩) પરમાત્મા, મારા ઈષ્ટદેવને હું સર્વશક્તિમાન, સર્વજ્ઞ માનું છું, સમજુ છું અને મારા પ્રશ્નો સુલઝાવવા શક્તિમાન છે તેમ હું અંતઃકરણથી માનું છું કે, મારો વિશ્વાસ ડગુમગુ થઇ જાય છે, મારી શ્રદ્ધાને વિભાજીત કરી દે છે અને હું અન્ય દેવી દેવતાનું શરણ સ્વીકારું છું.

(૪) મારા મનને આશાવાદી, આનંદી અને શ્રદ્ધાસભર રાખવાથી મારો આત્મવિશ્વાસ વધશે તેની મને ખાત્રી છે?

(૫) મારું આંતરબાહ્ય વ્યક્તિત્વ, વર્તન અને વ્યવહાર પારદર્શક છે?

આપણું નકારાત્મક વલણ, આપણા નકારાત્મક વિચારો આપણી શ્રદ્ધાને ડગમગાવી દે છે. આપણી શક્તિઓને કુંઠિત કરી દે છે. આપણી શરણાગતિને પાંગળી બનાવી દે છે.

આપણા હકારાત્મક વિચારો આપણા આત્મવિશ્વાસને, આત્મશક્તિને દૃઢીભૂત કરી પરમાત્માની દિવ્યાનુભૂતિના અનુરાગી બનાવે છે. આપની આત્મિક શક્તિઓને પિછાનો અને તેને વિકસાવવાનો પ્રયત્ન કરતા રહો.

ૐ મા ૐ

માનવ જીવનની સમૃધ્ધિ

જૂન - ૨૦૦૪

મનની શાંતિ,તનની સ્વસ્થતા અને આત્માનો આનંદ જ માનવ જીવનને સર્વાંગી સમૃદ્ધ બનાવી શકે છે. આ ત્રણમાંથી એકની પણ ઉણપ હોયતો માનવ જીવન અતૃપ્ત, અશાંત અને દીનહીન બની જાય છે.

સાંપ્રત સમયમાં, સામાન્ય લોકો એવું માને છે કે, આર્થિક સધ્ધરતા અને તંદુરસ્ત શરીર જ માનવ જીવનની સમૃદ્ધિના સોપાન છે, પરંતુ આ સાચું નથી. માનવ મનમાં જ્યાં સુધી શાંતિ, સંતોષ

અને સદ્‌વિચારોનું સામ્રાજ્ય સ્થાપી શકાયું ન હોય ત્યાં સુધી જીવનમાં અધૂરપ વર્તાયા કરે છે.

માનવ શરીરમાં સૂક્ષ્મ સ્વરૂપે રહેલું મન માનવ જીવનને ઉર્ધ્વગામી બનાવી સુખ શાંતિ અને આનંદનું સામ્રાજ્ય અર્પી શકે છે અને તે જ મન જો અશુદ્ધ વાતાવરણમાં અટવાઇ જાય તો માનવજીવનને અધોગામી બનાવી દુઃખ, અશાંતિ અને વિષમય ગર્તામાં ધકેલી શકે છે.

મનને ઉર્ધ્વગામી બનાવવા માટે આપણે આટલું તો અવશ્ય કરીએ જ.

(૧) આપણી વાણી વર્તન વ્યવહારનું તટસ્થપણે મૂલ્યાંકન કરી તેને હકારાત્મક ઉર્ધ્વગામી બનાવવા સતત પ્રયત્નશીલ રહીએ

(૨) પારકી પંચાત કરવાની કે અન્યની નિંદા કરવાનું ટાળીએ.

(૩) ઇશ્વરની ઇચ્છાને જ સર્વોપરી સમજી જીવનની દરેક પરિસ્થિતિને પ્રેમથી અપનાવી લઇએ.

(૪) કોઇપણ પરિસ્થિતિમાં માનસિક સમતુલા જાળવી રાખીએ.

(૫) કડવી વાતોને કંઠમાં જ અટકાવી દઇએ.

(૬) વર્તમાનની પળોને વિવેકથી જીવતાં અને માણતાં રહીએ.

(૭) ફરજને કે કાર્યને પૂજા સમજી પૂરી નિષ્ઠાથી કાર્ય કરીએ, અને પ્રભુને સમર્પિત કરી દઇએ.

(૮) મનને પ્રવૃતિમય બનાવી સતત પુરુષાર્થ કરતા રહીએ.

(૯) સત્ય સ્વરૂપ પરમાત્મામાં અનન્ય શ્રદ્ધા અને શરણાગતિ રાખી નામ સ્મરણ મંત્રજાપ કરીએ.

(૧૦) સત્સંગ, સ્વાધ્યાય અને નિસ્વાર્થ સેવા કાર્યથી મનના નકારાત્મક વલણને અટકાવીએ અને મિટાવી દઇએ.

(૧૧) સ્થિતપ્રજ્ઞ બનીએ, મનમાં સમત્વનો ભાવ કેળવીએ.

ૐ મા ૐ

પ્રમાણિકતાને જીવનમાં અપનાવો

Honesty is the best policy

જૂલાઈ - ૨૦૦૪

પ્રમાણિકતા એ જ સફળ અને સુખી જીવનનો પાયો છે. વેપારી પોતાની જાતને જ જ્યારે પોતાનો ગ્રાહક સમજે ત્યારે જ તેને ગ્રાહકની માંગણી અને લાગણી સમજાય. આપણને કોઇ છેતરી જાય, હલકો માલ આપે, વજનમાં ઓછો માલ આપે ત્યારે આપણે મનથી દુ:ખી થઇએ છીએ અને વેપારી પ્રત્યે અવિશ્વાસ કે વિશ્વાસઘાતની લાગણી અનુભવીએ છીએ.

સફળ વેપારનો પાયો સત્ય અને પ્રમાણિકતા છે. અમુક દુકાન પર કોઇપણ ગ્રાહક, નાનું બાળક હોય, ભણેલો કે અભણ હોય, છેતરવામાં આવતો નથી. નફાનું ધોરણ પ્રમાણસર છે. ભેળસેળ કે તોલમાપમાં પણ બરાબર હોય છે.

જો આ નિયમ બધા જ વેપારીઓ અજમાવે તો ? વળી આવી જ પ્રમાણિક ભાવના દરેક વ્યક્તિ પોતાના કાર્યક્ષેત્રમાં અપનાવે તો દેશની પ્રતિષ્ઠા વધી જાય, રાષ્ટ્રનું ગૌરવ વધે.

વ્યક્તિગત સ્વાર્થ, રાષ્ટ્રીય ચારિત્ર્યને બટ્ટો લગાડવામાં અગત્યનો ભાગ ભજવે છે. માન મરતબો, પ્રતિષ્ઠા અને ધન કમાવવાની લાલસા જ્યારે માનવમનમાં જન્મે છે ત્યારે તે સ્વાર્થી લોભી અને ઇર્ષ્યાળુ બની જાય છે અને સારા સારનો વિવેક વિસરી જાય છે.

પૂરો માલ, સાચુ તોલમાપ, સાચો નમૂનો, નોકરીમાં, ધંધામાં પૂરેપૂરી પ્રમાણિકતા અને વચન પાલન એ ઇમાનદાર વ્યક્તિના લક્ષણ છે. જો આપણે સુખમય જીવન જીવવું હોય તો પ્રમાણિકતાને જીવનમાં અપનાવીએ.

ૐ મા ૐ

આળસની વિષવેલને કાપી નાખીએ

ઓગષ્ટ - ૨૦૦૪

" મને કંટાળો આવે છે." "મને કામ કરવું ગમતું નથી " વગેરે વગેરે વાક્ય આળસુ વ્યક્તિના મુખમાંથી અવારનવાર સરી પડે છે. કોઇપણ કાર્ય મુલત્વી રાખવાનો વિચાર આવે તો સમજી લેવું કે, આપણામાં આળસનો પ્રવેશ થઇ ચૂક્યો છે. ચોર ઘરમાં પેસીને ભૌતિક વસ્તુઓ ચોરી જાય છે તેમ આળસ રૂપી ચોર મનમાં પ્રવેશીને આપણા મનોબળને હણી નાખે છે. શારીરિક અને બૌધ્ધિક શક્તિ ક્ષીણ કરી નાખે છે, જીવનને લૂંટી લે છે. આળસ એટલે જ પ્રમાદ જે વિનાશકારી છે. આળસ એ તો મનમાં વ્યાપેલું અને શરીરમાં પ્રસરી રહેલું ધીમું ઝેર છે. કેટલાય તેજસ્વી વ્યક્તિઓ આળસના આવરણમાં એટલી બધી અટવાઇ જાય છે કે, તે પોતાનું સત્વ, પોતાની શક્તિ ખોઇ બેસે છે.

આળસની નિકટની સખી ઉંઘ છે. વધુ પડતી ઉંઘ મન અને ઇન્દ્રિયોને શિથિલ બનાવી દે છે. કાર્યશક્તિ ઘટાડી દે છે. આર્થિક ઉપાર્જન અને સામાજિક સબંધો ક્ષીણ થતા જાય છે. શરીર સ્વાસ્થ્ય કથળે છે. રોગ, અપચો, અનિંદ્રા, તામસી પ્રકૃતિના શિકાર બની જવાય છે.

પ્રમાદને પ્રવેશબંધી ફરમાવવા માટે આપણે શું કરવું જોઇએ ?

૧. પ્રમાદને આપણા વ્યક્તિત્વની પરિઘમાં પ્રવેશ બંધી ફરમાવો, આળસના આગમન વેળાએ સતર્ક બની પ્રવૃતિ કરવાનું શરૂ કરો.

૨. મનોબળ મજબૂત બનાવવા માટે શિસ્ત અને સંયમનું આચરણ કરો.

૩. પરિશ્રમ અને પુરુષાર્થને જ જીવનનો મુદ્રાલેખ બનાવો.

૪. પોતાની ઉંમર તેમજ શારીરિક, માનસિક પરિશ્રમના અનુસંધાનમાં ઊંઘવાનો સમય અને માત્રા નક્કી કરો, સામાન્ય વ્યક્તિને છ થી આઠ કલાકની ઊંઘ પૂરતી થઇ રહે છે.

૫. દિવસ દરમિયાન ક્યારેય ઊંઘવું નહિં.

૬. આરામ અને આળસનો ભેદ સમજો. આરામથી મન અને શરીરમાં પ્રસન્નતા, તાજગી પ્રસરી જાય છે. કાર્યશક્તિ વધે છે. સૂઇ રહેવાથી જ આરામ મળે તેવું નથી. મનને મનગમતા માહોલમાં મહાલવા દેવાથી પણ આળસ મટી જાય છે.

આળસ એ માનસિક વિકૃતિ છે. લંકાપતિ મહાવિદ્વાન રાવણને જીવનમાં ત્રણ કાર્યો કરવાં હતાં

૧. સ્વર્ગમાં જવા માટે સીડી બનાવવી હતી.

૨. સમુદ્રના ખારા પાણી મીઠાં કરવાં હતાં.

૩. સોનામાં સુગંધ ભેળવવી હતી.

આળસ અને મુલત્વી રાખવાની વૃતિને લીધે તે આવા મહાન વિચારોને સંકલ્પબધ્ધ કરી શક્યો નહિં.

૭. આહાર વિહાર અને આરામની મર્યાદા-સમય અને શક્તિની મર્યાદા સમજીને જ ઉપયોગ કરો.

" અતિરેક સર્વત્ર વર્જયતે "

૮. સૂર્યોદય પહેલાં જ ઊઠવાનું રાખો.

૯. મનને અને શરીરને હંમેશાં પ્રવૃતિશીલ રાખો. તમારા વ્યવસાય, શોખ અને સેવાના કાર્યમાં મનને પ્રવૃત થવા દો.

૧૦. અશ્લીલ ચિત્રો, ઉત્તેજક વાતાવરણ, ખાણી પીણી, સૂર્યાસ્ત પછીનું અને મોડી રાતનું જમણ શાંતિ દાયક નિંદ્રામાં બાધક બને છે. જમ્યા પછી ચાર પાંચ કલાક પછી જ સૂવાનો સમયગાળો હોવો જોઇએ. સાત્વિક, શુધ્ધ આહાર વિહાર અને વાતાવરણથી મનમાં પ્રસન્નતા વ્યાપી રહે છે.

૧૧. સત્સંગ, સ્વાધ્યાય કે પ્રાર્થના કર્યા પછી જ સૂઇ જવાથી શાંતિથી ઊંઘ આવી જાય છે.

૧૨. પોતાનું કાર્ય જાતે જ કરવાનો આગ્રહ રાખો. સ્વાશ્રયી બનો.

૧૩. રચનાત્મક વિચારોને સંકલ્પબધ્ધ કરી આચરણમાં મૂકો.

૧૪. ઉત્સાહપૂર્વક અને આત્મસંતોષ થાય તેવું અને તે પ્રમાણે

કાર્ય કરવાનો આગ્રહ રાખો.

૧૫. સારી સોબત સત્સંગ, સ્વાધ્યાય અને સંતસમાગમ મનની મલિનતાને દૂર કરવા સક્ષમ છે.

ૐ મા ૐ

દૃઢ મનોબળ કેળવીએ.

સપ્ટેમ્બર - ૨૦૦૪

આશ્રમમાં લાંબો સમય વિદ્યાાભ્યાસમાં વિતાવ્યા પછી આશ્રમમાંથી વિદાય લેતી વેળાએ શિષ્યે નમ્ર ભાવે, નતમસ્તકે ગુરુજી પાસે આશીર્વાદની યાચના કરી. "ગુરુદેવ આશીર્વાદ આપો."

"બેટા જીવનમાં હરપળે નિર્ભય બનજે. નિર્ભયતામાં જ જીવનનો વિકાસ કરી શકાશે. બેટા, સંસારમાં વિચરણ કરતાં સદાય યાદ રાખજે, કે દૃઢ નિશ્ચયવાળું મન જીવનના બધાજ અવરોધોને વટાવી જાય છે, એના માટે કશું જ અશક્ય નથી."

આપણે પણ દરરોજ સવારે આપણા ઈષ્ટદેવને પ્રાર્થના કરી નિર્ભય બનવાના, દૃઢ મનોબળ કેળવવાના આશીર્વાદની યાચના, પ્રાર્થના કરવી જોઈએ.

આપણાં જીવનમાં એવી કેટલીક તકો આવે છે ને આપણાં અસમંજસ મનને કારણે આપણાં વિકાસની તકો આમ જ નિરર્થક વહી જાય છે. જગતનો ડર, આપણી આળસ, અશક્તિના ભ્રમને કારણે આપણે આવી તકોને ઓળખી શકતાં નથી કે ઝડપી શકતાં નથી.

એક વાત યાદ રાખો કે, દૃઢ નિશ્ચયવાળી વ્યક્તિનું આત્મિક બળ અનંતગણું હોય છે. આવી વ્યક્તિની સફળતા માટે આવશ્યક બધી જ શક્તિઓ અને સદ્‌ગુણો પ્રગટી રહે છે, અડગ નિશ્ચય અને સાત્વિક માર્ગનું અવલંબન પરમાત્માની પરમશક્તિને પ્રગટાવી શકે છે.

દૃઢ નિશ્ચય અને સફળતા બંને એકબીજાને વરેલા છે. એક

બીજાને ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવે છે. સફળતાના ગુરૂશિખર પર પહોંચવાના દૃઢ સંકલ્પને અવિરતપણે પુરુષાર્થના વારિથી પ્રોત્સાહિત કરતા જ રહીએ અને જીવનને સફળ બનાવતા રહીએ.

એક નાનકડો અવરોધ, એક નાનકડી મુશ્કેલી આજના યુવા માનસને, નિરુત્સાહી બનાવી દે છે. આપણા મનની શક્તિને કુંઠીત કરી નાખે છે, આશા અને અરમાનોને ધરાશયી કરી નાખે છે.

અવરોધો, મુશ્કેલીઓ, અસફળતાને સફળતાની સીડીના પગથિયાં ગણીને તેના પર પગ મૂકીને આગળ વધવાનો દૃઢ સંકલ્પ કરશો તો તમારું આત્મબળ વધી જશે. હિંમતભર્યું તમારું એક એક ડગલું પથ્થરને પાંગળો બનાવી દેશે અને તમારા ઉત્સાહને વધારશે. દૃઢ ઈચ્છા શક્તિ અને દૃઢ મનોબળ ધરાવનાર વ્યક્તિને વિકાસની તકો સામેથી આવી મળે છે. તમારા સાત્વિક પુરુષાર્થમાં પરમાત્માની પ્રેરણા અને કૃપા પ્રસાદી મળતાં જ રહેશે.

દૃઢ ઈચ્છા શક્તિ, દૃઢ મનોબળ, સાત્વિક પુરુષાર્થ સર્વાંગી વિકાસ માટે પાયાની જરૂરિયાત છે.

ૐ મા ૐ

જીવન યાત્રા

ઓક્ટોબર - ૨૦૦૪

જન્મથી મૃત્યુ પર્યંતની આપણી જીવનયાત્રા બે ભાગમાં વહેંચાઇ જાય છે. એક આપણી સંસારની યાત્રા અને બીજી આપણી અંતરની યાત્રા, સંસારની યાત્રા આપણને માયાના મહાસાગરમાં સહેલ કરાવે છે. અંતરની યાત્રા આપણને આધ્યાત્મિકતા તરફ ગતિ કરાવી આત્મામાં જ પરમાત્માના દર્શનની અનુભૂતિ કરાવે છે.

અર્વાચીન યુગમાં તટસ્થપણે આપણે વિચારીએ તો મોટાભાગના માણસોની જીવનયાત્રા સંસારમાં જ પૂર્ણ થઇ જાય છે.

માણસની સઘળી શક્તિ, સામર્થ્ય માયામાં જ ખર્ચાઇ જાય છે. અંતરની યાત્રા માટે અંતર્મુખ થવાનો તેના પાસે સમય જ હોતો નથી, સમજણ પણ હોતી નથી. સંસારની યાત્રામાં કદાચ માર્ગદર્શક ન હોય તો પણ ચાલે, પરંતુ અંતરની યાત્રા માટે સાચા માર્ગદર્શક સંત, સદ્‌ગુરુનું માર્ગદર્શન અતિ આવશ્યક છે.

વિવેકની જાગૃતિ વગરની સંસારની યાત્રામાં વિષાદ, ગ્લાનિ, ચિન્તા, દુઃખ અને રાગદ્વેષના કંટકો મનમાં ભોંકાયા જ કરે છે, મનને અશાન્ત કરી મૂકે છે. અશાન્ત મન રોગ અને ભોગનું આશ્રયસ્થાન બની જાય છે. જન્મ જન્માંતરના ચક્રમાં અટવાવવું પડે છે.

અંતરની યાત્રા કરવા માટે પરમાત્માની ભાવપૂર્વકની પ્રાર્થના કરી, કૃપા પ્રસાદીની યાચના કરવી. દરરોજ નિયમિત સમયે અને સ્થળે શાંતચિત્તે અંતરાત્મા સાથે વાતો કરવાનો નિયમ બનાવો. બાળભાવે, નિખાલસતાથી, આત્મીયતાથી અંતરમાં વિરાજીત પરમાત્મા સાથે વાતો કરો. માર્ગદર્શન મેળવો, પ્રેરણા મેળવો, પ્રાર્થના કરો. દરરોજનો આ નિયમ બનાવો. શક્ય હોય તો સવારે પથારીમાંથી ઉઠતાંની સાથે જ અથવા રાતે પથારીમાં સૂતા પહેલાં પાંચ કે દસ મિનિટ ઓછામાં ઓછી અંતરની યાત્રાનો સમય ફાળવો. આમ કરવાથી આપણે આપણી જાતને તટસ્થપણે ઓળખવાનો પ્રયત્ન કરી શકીશું, આપણી જાતને સુધારવાની, આપણી શક્તિઓને વિકસાવવાની, આપણી ક્ષમતાને પિછાનવાની સુંદર તક, સમજ આપણને પ્રાપ્ત થશે. જીવનયાત્રા સફળ થશે.

પોતાની જાતને સુધારવાનો ઉત્સાહ જ્યારે માણસમાં જાગે છે ત્યારે તેનામાં શક્તિનો આવિર્ભાવ થાય છે. આત્મવિકાસની વેલ પાંગરવા લાગે છે. વિવેકથી તટસ્થ ભાવે સંસારની સમસ્યાઓને સુલઝાવવાની શક્તિ અને ક્ષમતા અંદરથીજ પ્રગટે છે.

ૐ મા ૐ

પ્રસન્નતા આપણો મુળભૂત સ્વભાવ છે.

નવેમ્બર - ૨૦૦૪

જીવનમાં આનંદ, ઉમંગ, ઉત્સાહ, પ્રસન્નતા એ આપણો મુળભૂત સ્વભાવ છે. બાળકના જન્મથી તેનામાં વિષાદના અંકુર ફૂટ્યાં જ નથી હોતાં. દુઃખની લાગણી અભિવ્યક્ત કરવાનું મન જ બાળક પાસે નથી હોતું. ચિંતાનો અણસાર માત્ર પણ તેના જીવનમાં ડોકાયો હોતો નથી.

બાળક મોટું થતાં થોડી, સમજણ આવતાં બાળક મારું તારું કરતાં શીખી જાય છે. રાગ, દ્વેષ, ઈર્ષા, લોભ, અહમ્ જેવા વિકારોનો પ્રવેશ થવા લાગે છે. આ વિકારોની સાથે જીવનમાં ચિન્તાના વાદળો ઘેરાવા લાગે છે. ચિન્તા એ દુઃખની જનેતા છે. દુઃખની સાથે વિષાદ, ગ્લાનિનો આવિર્ભાવ થતો જાય છે.

દુઃખ અને વિષાદનો ભાવ લઈને આપણે જન્મ્યા નથી. આતો પાછળથી વિકારોની સાથે પ્રવેશ પામે છે. તેથી એક વસ્તુ તો સ્પષ્ટ છે કે, પરમાત્માએ આપણને જીવન આપ્યું છે.તે હંમેશા પ્રસન્ન રહેવા માટે, વિષાદથી ઘેરાઈને દુઃખી થવા માટે તો નહિ જ. જીવનને ઉત્સાહથી, આનંદથી, જીવવા માટે આપ્યું છે.

પરમાત્માની સૃષ્ટિનું સર્જનતો પરમાત્માની આનંદમય લીલા છે. પરમના અંશ એવા આપણે જો માનવ કહેવડાવતાં હોઈએ તો આપણે પરમાત્માની જડ ચેતન સૃષ્ટિમાં આનંદના પ્રસન્નતાનાં, માનવતાના અજવાળાં પાથરવાનાં છે.

આનંદની અભિવ્યક્તિ સાથે આપણું ઓજસ, આપણી આભા પણ ઝળહળી ઉઠશે. જીવનવેલને સદાય પાંગરવા દેવી હોય તો પ્રસન્નતા, અને આનંદના વારિથી તેનું સદાય સિંચન કરતાં રહો. આપણા મૂળ સ્વભાવને ફરીથી પાંગરવા દો. જિંદગીને તેજસ્વી બનાવો. અન્યના જીવનમાં વ્યાપેલા વિષાદને આનંદમાં પરિવર્તિત કરવાના સહભાગી બનીએ.

આપણે આપણી જાતને, આપણી શક્તિઓને પિછાનવી

જોઈએ. નિરાશા , હતાશા, અને વિષાદના વાદળોથી તેને ઢાંકી ન દેવી જોઈએ. મનની કલ્પના શક્તિએ માનવીને મળેલું એક મહાન વરદાન છે. આ વરદાન ને આપણે ઉર્ધ્વગામી થવા દઈએ તો આપણા જીવનમાં આવતી વિકાસની પ્રત્યેક તક ને ઝડપી શકીએ. પુરુષાર્થ કરીને ઉજ્જવળ પ્રારબ્ધ નિર્માણ કરીએ અને સદાય પ્રસન્ન રહીએ.

ૐ મા ૐ

નિષ્ફળતા એ સફળતાનું પ્રથમ સોપાન છે.

ડિસેમ્બર - ૨૦૦૪

માણસ આપઘાત કરવા ક્યારે પ્રેરાય? દુ:ખ, મુશ્કેલીઓ, નિષ્ફળતાને સહન કરવાની શક્તિ ગુમાવી બુધ્ધિ કુંઠિત કરી નાખે ત્યારે જ માણસ આપઘાત કરવાનું વિચારે છે. આપઘાત, આત્મવિલોપન, એ કાંઈ મુશ્કેલીઓનું, દુ:ખોનું નિવારણ નથી. એતો એક ભાગેડુ વૃત્તિ કહેવાય.

દુ:ખ, આપત્તિ, નિષ્ફળતા મળતાં માણસમાં પરમાત્મા પ્રત્યેની શ્રધ્ધા ડગી જાય છે, વિભાજીત થઈ જાય છે, પરમાત્મા સામે બળવો પોકારે છે, ડીપ્રેશનનો શિકાર બને છે. ઘર સંસાર છોડી સાધુઓની જમાતમાં જોડાઈ જાય છે.

વહાલા બાળકો, જીવનમાં દુ:ખ નિષ્ફળતા એ તો સફળતાનું પ્રથમ સોપાન છે. પરમાત્માનું સ્મરણ અને સાનિધ્ય દુ:ખના સમયે જ થઈ શકે છે. દુ:ખમાં જ આપણું સાચું માનસિક ઘડતર થાય છે. માટીના વાસણો નિભાડામાં પકવ્યા પછી જ કામમાં લઈ શકાય છે.

પથ્થરમાંથી મૂર્તિ બનાવવા માટે ટાંકણાથી છૂદાંયા પછી જ મૂર્તિ આકાર પામે છે. હીરો ઘસાય પછી જ તેનું તેજ પ્રગટે છે, મુશ્કેલ કામમાં જ માણસની કસોટી થાય છે. જે કામમાં મુશ્કેલીઓ, અડચણો આવે તે જ કામમાં માણસની ધીરજની, સહનશીલતાની અને બુધ્ધિની કસોટી થાય છે. મુશ્કેલીઓથી ડરી જઈએ, ભાગી જઈએ તો તે આપણે ને વધારે ડરાવે છે, આપણી પાછળ પડી જાય

છે. પરંતુ મુશ્કેલીઓનો સામનો કરવામાં આવે તો તે ઓગળી જાય છે. ભાગી જાય છે.

જે વ્યક્તિ ભયંકર સંકટની વચ્ચે પણ ધીરજ રાખીને સામનો કરી શકે છે. તે જ વ્યક્તિ સફળતાને વરે છે. મહાન બની શકે છે. નિષ્ફળતા મળવાનું વિશ્લેષણ કરવામાં આવે તો સફળતાનું કિરણ શોધી શકાય છે. પ્રેરણા મેળવી શકાય છે.

માતા કુંતીએ શ્રી કૃષ્ણ પાસે સુખ સગવડ ન માંગતાં દુઃખ માગ્યું હતું કારણકે દુઃખમાં જ પરમાત્માનું સ્મરણ અને સાનિધ્ય મેળવી શકાય છે. વિપત્તિના સમયે પરમાત્માને અંતરના ઊંડાણથી પ્રાર્થના કરવામાં આવે તો પરમાત્મા આપણી પ્રાર્થનાનો પ્રત્યુત્તર આપે જ છે. માર્ગદર્શન આપે છે. સહાય કરે છે.

ૐ મા ૐ

સમયનો સદ્ઉપયોગ

જાન્યુઆરી - ૨૦૦૫

સંજોગો ગમે તેટલા વિપરીત હોય તો પણ માનવી ધારે તો સંકલ્પશક્તિ, ધૈર્ય, નિષ્ઠા, ખંત અને ઉત્સાહ વડે પ્રતિકૂળ સંજોગોને પણ સાનુકૂળ બનાવી શકે છે.

આપણે ગમે તે પરિસ્થિતિમાં હોઈએ ગરીબ કે પૈસાદાર, આપણી સ્થિતિનો વિચાર કર્યા વગર આપણે આપણા સમય સાધન અને સગવડનો સદ્ ઉપયોગ કરી ને આપણે શારીરિક, માનસિક, બૌધ્ધિક અને આધ્યાત્મિક વિકાસ કરવાનો છે. સમયનો સદ્ઉપયોગ કરવાનું વિચારશો તો સાધનો અને સગવડોની અછત કે સુવિધા આપણી ગતિશીલતામાં અવરોધ કે બાધારૂપ નહિ બને.

મનુષ્ય જીવનનું મુખ્ય કર્તવ્ય છે કે, સ્વનો વિકાસ કરો અને અન્યના વિકાસમાં મદદ કરો. આપણને મળેલી બુધ્ધિ, શક્તિ અને સંપત્તિનો ઉપયોગ માનવ હિતના કાર્યોમાં જ કરીએ તો

આપણો આત્મિક વિકાસ થવામાં મદદરૂપ બનશે. આપણું સાત્વિક પ્રારબ્ધ નિર્માણ કરવામાં સાથ આપશે.

ધન ઉપાર્જન એ જીવન વ્યવહાર માટે આવશ્યક તો છે પરંતુ તેને જ માત્ર જીવનનું એકમાત્ર લક્ષ્ય બનાવવું ન જોઈએ. જીવનનું અંતિમ લક્ષ્ય તો પરમાત્માના સત્યમ્, શિવમ, સુંદરમ્ સ્વરૂપને પહેચાનવાનું છે, પામવાનું છે. સાત્વિકજ્ઞાન, સત્સંગ, સેવા અને સદ્ગુરૂનું માર્ગદર્શન દીવાદાંડી સમ બની રહેશે.

વ્હાલા બાળકો,

જેને સમયની કિંમત છે અને સમયનો યોગ્ય ઉપયોગ કરી શકે છે. તે વ્યક્તિ જ મહાન બની શકે છે. ભગવાને આપણ સહુને ૨૪ કલાકનો સમય આપ્યો છે. સમયનું જરૂરી અને આવશ્યક પ્રવૃત્તિઓમાં યોગ્ય આયોજન કરો.

અભ્યાસ, નોકરી, વેપાર, અન્ય પ્રવૃત્તિના	આઠ કલાક
નિંદ્રાના	સાત કલાક
દૈનિક પ્રવૃત્તિના	પાંચ કલાક
આત્મિક વિકાસ	ચાર કલાક

ઉપાસના, સ્વાધ્યાય, સત્સંગ સેવા દ્વારા આત્મિક વિકાસ સાધી શકાય છે. અન્ય સમયમાં પણ અનાસક્ત ભાવે પ્રભુ પ્રીત્યર્થે જ કર્મ કરતા રહીએ અને પરમનું સ્મરણ કરતાં રહીએ તો આપણો સમય ફળદાયી નીવડશે.

ૐ મા ૐ

જીવન સંધ્યા

ફેબ્રુઆરી - ૨૦૦૫

પૂર્વાકાશમાં ઉગતી ઉષા અને પશ્ચિમાકાશમાં ઢળતી સંધ્યા ટાણે આકાશમાં લાલિમા છવાઈ જાય છે, મનભાવન દૃશ્ય ખડું થઈ જાય છે. ઉષ:કાળ સૂર્યને આવકારે છે. જ્યારે સંધ્યાકાળ સૂર્યને વિદાય આપે છે.

જીવનનો ઉષ:કાળ એ બાળપણ છે; એ યૌવનના તરવરાટભર્યા પ્રકાશને, પુરુષાર્થને, આવકારે છે. જીવનનો સંધ્યાકાળ અસ્તાચળે પહોંચેલા વૃધ્ધત્વને વિરામના મૃત્યુના એંધાણ આપે છે. મધ્યાન્હનનો સૂર્ય પ્રખર તપે છે. યુવાનીમાં મધ્યાહનના સૂર્યની જેમ પ્રખર તપીને, પ્રખર પુરુષાર્થ કરીને જીવનનો સર્વાંગી વિકાસ સાધી શકાય. સ્વ અને સમષ્ટિના શ્રેયના કાર્યમાં આ મહામૂલા જીવનના તબક્કાનો ઉપયોગ કરી શકાય. સાત્વિક જ્ઞાન પ્રાપ્ત કરી જીવનમાં વિવેકને વિકસાવી શકાય. શરીર અને મનની શક્તિઓના વિવેકયુક્ત વિનિયોગથી યૌવનને ઉજ્વળ, પ્રકાશિત, સમૃધ્ધ બનાવી શકાય. વૃધ્ધત્વને ઉત્સાહિત રાખી શકાય છે.

અસ્તાચળે પ્રયાણ કરતો સૂર્ય, મધ્યાકાશ છોડ્યા પછી સૌમ્ય બનતો જાય છે. ઢળતા પ્રકાશની લાલિમા અને બદલાતા રંગોને, તેનો ખુમારીભર્યો વિલય નિહાળવા લોકો "સનસેટ" પોઈન્ટ જોવા જાય છે.

આપણી જીવનસંધ્યાને આપણે માણીએ અને આપણા સગાસંબંધીઓ પણ આનંદથી માણે. વૃધ્ધાવસ્થાના વડપણનો લાભ લે, જ્ઞાન અને અનુભવનો આદર કરે, ઘરના, કુટુંબના સભ્યો તેનું અભિવાદન કરે તેવો સ્વભાવ, તેવું મન, તેવા વ્યક્તિત્વની સૌમ્ય લાલિમા કુટુંબ આકાશમાં છવાઈ જાય છે. તેવું ઢળતી સંધ્યાનું જીવન જીવવાનો પુરુષાર્થ કરતા રહીએ. આપણી સંધ્યા અન્યની પ્રેરણા બની રહે તોજ આપણે સહુના પ્રીતિપાત્ર બની શકીએ.

હકારાત્મક વલણ, મૌન, સમસ્ત અસ્તિત્વની મીઠાશ, પરમના સ્મરણમાં જ રહેવાનો સ્વભાવ કેળવવાથી જીવનવિલયનો સમય આનંદથી, સંતોષથી માણી શકાશે.

ૐ મા ૐ

નીતિમય જીવન

માર્ચ - ૨૦૦૫

માનવ મનમાં જ્યારે તૃષ્ણા ઈચ્છા જાગે છે ત્યારે તે સારાસારનો વિવેક વિસરી જાય છે. આ તૃષ્ણા માનવના તનની, મનની, ધનની, પદ, પ્રતિષ્ઠાની પણ હોઈ શકે છે. તૃષ્ણા બેઈમાનદારી, અપ્રમાણિકતાની જનેતા છે. અનીતિમય રીતે મેળવેલું ધન, પદ, પ્રતિષ્ઠા, માન એ આસુરી અસાત્વિક સંપત્તિ છે. નકલી ચળકાટ છે. કાંટાળું દુ:ખમય પ્રારબ્ધ નિર્માણ કરનારું પરિબળ છે.

આસુરી, અસાત્વિક સંપત્તિ અને નકલી ચળકાટ વ્યક્તિના ચારિત્ર્યને કલંકિત કરે છે. તેના આત્માને ડંખે છે. અંતરમાં અશાંતિ, અજંપો ઉત્પન્ન કરે છે. સદાયને માટે સંતાપની સગડીમાં સળગ્યા કરવું પડે છે. આસુરી સંપત્તિના પ્રત્યાઘાતો વ્યક્તિના વર્તમાન જીવનમાં અને પરિવારમાં વર્તાય છે. રોગો, દુષણો, દુવૃત્તિઓ, ખંડિત ચારિત્ર્ય, ખોડખાંપણવાળા બાળકોની પેદાશ જેવા, ખાટા, કડવા, કાંટાળા પરિણામ રૂપી ફળો ભોગવવાં પડે છે. અસાત્વિક, દૂષિત સંસ્કારો વ્યક્તિના જન્મજન્માંતર સુધી તેનો પીછો છોડતાં નથી.

નીતિમય પ્રમાણિક જીવન જીવવામાં સુખ છે, શાંતિ છે, નીતિમય જીવનથી વ્યક્તિનું ચારિત્ર્ય ઉજ્જવળ બને છે. સાથે સાથે કુટુંબ, સમાજ, રાજ્ય અને રાષ્ટ્રનું ગૌરવ વધે છે. સાંપ્રત સમયમાં જ્યારે અપ્રમાણિકતા, બેઈમાની, અનીતિની બોલબાલા છે ત્યારે સામાન્ય વ્યક્તિને ઘડીભર એમ થાય કે, નીતિ કરીને ઢસરડો કરવા કરતાં બેઈમાન થવામાં જ મઝા છે. બેઈમાનદારીમાં મહેનતઓછી અને વળતર ઝાઝુ મળે છે. વળી આવા બેઈમાનદારી ભર્યા વાતાવરણમાં ઈમાનદાર વ્યક્તિનું જીવવું મુશ્કેલ બની જાય છે, કામ કરવું કઠિન બની જાય છે.

તો શું આપણે ઈમાનદારીનો, પ્રમાણિકતાનો નીતિમય જીવવાનો છેદ ઉડાડી દેવો? બેઈમાનદારીને પોષવી? અપ્રમાણિકતા ચલાવી લેવી? **હરગિઝ નહિ.**

પહેલા આપણે સમજીએ કે, ઈમાનદારી એટલે શું? ઈમાનદાર વ્યક્તિની વ્યાખ્યા શું? જે વ્યક્તિને સારા સારનો ખ્યાલ હોય અને પોતાનું જીવન વિવેક પૂર્ણ રીતે જીવે, પોતાનું કામ દિલ દઈને કરે અને સારું કામ કરતાં જેને રોમેરોમમાં આનંદ વ્યાપી જાય, ખરાબ, અસાત્વિક કામમાં જેનો સાથ સહકાર ન હોય, તેમજ તેવા કામમાં તેની નારાજગી હોય. આવી વ્યક્તિ જ ઈમાનદાર કહી શકાય.

ઈમાનદારીની વાતો કરવી કે સાંભળવી તે એક વસ્તુ છે.પરંતુ ઈમાનદારીનું આચરણ જીવનમાં અપનાવવું તે નીડર વ્યક્તિની નિશાની છે. નીડરતાથી જ સાત્વિક ચારિત્ર્યનું ઘડતર થાય. શરૂઆત ઘરઆંગણેથી, પોતાનાથી જ કરવી જોઈએ. સમાજને કે જગતને સુધારવાનો ઈરાદો રાખનાર વ્યક્તિએ પોતાનાથી જ શરૂઆત કરવી જોઈએ. "ટીપે ટીપે સરોવર ભરાય." ઉક્તિ અનુસાર ઈમાનદાર, પ્રમાણિક વ્યક્તિઓનો સમૂહ ભેગો થાય તો જ અપ્રમાણિકતામાં પરિવર્તન લાવી શકાય. અપ્રમાણિક, બેઈમાનદાર વ્યક્તિઓના સમૂહમાં ઈમાનદાર વ્યક્તિએ પોતાનું ચારિત્ર્ય ઉજ્જવળ રાખવા માટે સાવધાની રાખવી પડે, વિવેક દાખવવો પડે જેથી બેઈમાનદારીની ગટરમાં ગબડી ન પડાય કે ગટરના ગંદવાડના છાંટા પોતાને કલંકિત ન કરી જાય.

પરમાત્માનું સતત સ્મરણ, પ્રાર્થના અને આપણી ધીરજ જ આપણા સાત્વિક સંકલ્પને પુષ્ટ કરવામાં મદદગાર થઈ શકે. સત્સંગ અને સદ્‌ગુરુનું શરણ આપણું માર્ગદર્શક અને પ્રેરકબળ બની શકે.

એષણાઓનું નિયંત્રણ, પરિવારમાં સાત્વિક સંસ્કારોનું સિંચન

અને સત્સંગની સરિતાથી અવિરત વહેતું વહેણ જ આપણાં જીવનમાં સુખ, શાંતિ, સંતોષ અને આનંદનો સ્વસ્તિક રચી શકે.

ૐમાૐ

કર્મના સિધ્ધાંતનો સહર્ષ સ્વીકાર કરો.

એપ્રિલ - ૨૦૦૫

માથે દુ:ખના ડુંગર પડે ત્યારે ભગવાનમાંથી આપણી શ્રદ્ધા ડગી જાય છે, વિભાજીત થઈ જાય છે. જ્યોતિષ, મંત્ર, તંત્ર વિગેરેનો આશ્રય લેવા માનવી હવાતિયાં મારે છે. બાધા, આખડી, વ્રત, ઉપવાસ વિગેરે પ્રયોજનથી દુ:ખ દૂર કરવા પ્રયત્ન કરે છે.

વ્હાલા બાળકો,

ભગવાનને ત્યાં દેર પણ નથી અને અંધેર પણ નથી. ભગવાનને મન કોઈ વહાલું કે કોઈ દવલું પણ નથી. સુખ કે દુ:ખ આપણાં કર્મબંધનથી ઘડાયેલા આપણાં પ્રારબ્ધનું જ પરિણામ છે. આપણાં કર્મો અનેઆપણાં સ્વજનો જ આપણાં સુખ દુ:ખના કારણ બને છે. પરમાત્માના દરબારમાં ક્યારેય અન્યાય કે પક્ષપાત સંભવી શકે જ નહિં.

આસક્તિયુક્ત કર્મ કરનારા, કર્મના સિદ્ધાંતને નહિં સમજનારા અને દુ:ખ કે આઘાતને નહિં જીરવી શકનારા માણસો જ પરમાત્મા પ્રત્યે રોષ ઠાલવે છે. અને પોતાની શ્રદ્ધાને વિભાજીત કરે છે. જેઓ સમજુ છે, વિવેકી છે, કર્મના સિદ્ધાંતને સમજે છે તેઓ પરમાત્માને કે અન્ય કોઈને પણ દોષ દેશે નહિં.

દુ:ખ આવે પરંતુ તેને સહન કરવાની પણ હદ હોવી જોઈએ ને? આવો પ્રશ્ન સામાન્ય માણસના મનમાં થાય તે સ્વાભાવિક છે. પરંતુ જન્મ ધારણ કર્યો એટલે પરમાત્માની સૃષ્ટિના નિયમો જીવને લાગુ પડી જાય છે. કર્મના સિદ્ધાંતમાંથી કોઈ પણ જીવ બાકાત રહી

શકે જ નહિં. પરમાત્માને આપણી મનગમતી ઈચ્છાઓ કે શરતોને આધીન રાખી શકાય નહિં.

સુખ અને દુઃખ તો જીવનમાં દિવસ અને રાત્રિ સમાન છે, પરંતુ સુખ દુઃખની માત્રા અને અવધિ વ્યક્તિના સાત્વિક અને અસાત્વિક કર્મોથી નિર્માણ થયેલા પ્રારબ્ધ પર નિર્ભર છે. આ સમજ કેળવવી જરૂરી છે.

જો ભવ્ય, સાત્વિક, સુખી જીવનના સ્વામી બનવું હોય તો કર્મના સિદ્ધાંતનો સહર્ષ સ્વીકાર કરો. પરમાત્માને આપણા શ્રેયના જ સ્વામી બનાવો. પરમની ઈચ્છાને જ સર્વોપરી ગણો.

વર્તમાન જીવનમાં અઘટિત, દૂષિત કર્મો કરી કાંટાળુ પ્રારબ્ધ નિર્માણ ન થાય તેની તકેદારી રાખી અનાસક્ત ભાવે, માનવતા સભર કર્મો કરવાથી આપણા કર્મોનો સંચય થતો નથી, કર્મો બંધન કર્તા બનતા નથી. આપણું દરેક કર્મ પ્રભુ પ્રીત્યર્થે જ પૂરી નિષ્ઠાથી, પરમની પૂજા સમજીને જ કરવાથી અને કર્મથી નિષ્પન્ન થતા સફળતા, નિષ્ફળતાના ફળને પરમની પ્રસાદી સમજીને પ્રેમથી સ્વીકારી લેવાથી મનને પ્રસન્ન રાખી શકાય છે. અન્ય દુઃખી માનવોને તન, મન, ધનથી યથાશક્તિ સહાયરૂપ બનીએ, અન્યના જીવનમાં અજવાળાં પાથરવા પ્રયત્ન કરીએ. સત્સંગ, સ્વધ્યાય અને સેવા થકી મનની શક્તિઓને ઉર્ધ્વગામી બનાવી વિવેકને વિકસાવીએ.

ૐમાૐ

દાંત ત્યાં ચણ નથી, ચણ ત્યાં દાંત નથી.
ગરીબને હદ હોતી નથી, અમીરોને ગરીબી હોતી નથી.
અમીરીને ગરીબી મંજૂર શોષણ કાજ,
ગરીબીને અમીરી મંજૂર ખાડો પેટનો પૂરવા.
ગરીબ માનવી લાચાર દશામાં, હરરોજ ઝેરનો શ્વાસ ઘૂંટતો રહે.

આત્માનો ઉજાસ

તમારા સમસ્ત જીવનને-પ્રેમથી છલકાવી દો.
સ્મિતથી સભર બનાવી દો.
વિશ્વાસ,સહાનભૂતિ અને સચ્ચાઈ કેળવો.
અહમ્‌ને ઓળખી ઓગાળી નાખો .
સાત્વિક આનન્દની પ્રાપ્તિનો પ્રયત્ન કરો.
સ્થિતપ્રજ્ઞ બનો. વૈરાગી રહો.
તમે આ ધારો છો એટલું દુષ્કર નથી.
સહેલાઈથી પ્રાપ્ત થઈ શકશે.
ધીરજ ધરો. સહનશીલ બનો.
મિત્રોમાં અવશ્ય વૃદ્ધિ થશે.
શત્રુ મૈત્રીનો હાથ લંબાવશે.
કોઈ પણ પરિસ્થિતિમાં નમાલાં ન બનો.
ખુમારી કેળવો. જીવનને ખમીરવન્તુ બનાવો.
જુઓ, દશે દિશાઓમાંથી ઈશ્વરીય સહાય તમને મળી રહી છે.
ગભરાઓ નહિ. કાર્ય કર્યે જાઓ.
હવે, સફળતાની સરહદો બહુ દૂર નથી.
મારા તમને આશીર્વાદ છે.

-રાજયોગી નરેન્દ્રજી